**સુવિચાર**

મુસીબતો વચ્ચે પણ હસતાં રહીશું, તો ચોક્કસ ઈશ્વરને ગમતા રહીશું!

# સમય મિરર

**SAMAY MIRROR (MORNING DAILY)**

સંસાર પૂર્તિ

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-217 ■ DATE : 17-6-2025 ■ TUESDAY ■ Page-10 ■ જેઠ વદ ૬, વિક્રમ સંવત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001




### પનોતા પુત્રને વસમી વિદાય આપતું રાજકોટ ચોધાર આસુંએ રડ્યું, હિરાસર એરપોર્ટથી શહેરના પ્રવેશદ્વાર ગ્રીનલેન્ડ ચોકડીએ પાર્થિવ દેહ પહોંચતા જ હજારો આંખોની અશ્રુધારાએ વરસી પુષ્પાંજલિ

# રાજકોટને વિજયંત આધુનિક રૂપ આપનારા રાજનેતા વિજય રૂપાણીનો નશ્વર દેહ પંચ મહાભૂતમાં વિલીન

### ભૂલકાંઓથી માંડી વડીલો સહિત સૌ કોઈ સ્વ.વિજયભાઈના દર્શન સ્વયંભૂ ઉમટી પડ્યા, વિજયભાઈ અમર રહોના લાગણીસભર સ્વર સાથે રાજકોટ બન્યું ગમગીન

**સમય મિરર, રાજકોટ**

ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી શા માટે રાજકોટના પનોતા પુત્ર કહેવાતા હતા એ આજે ગુજરાત જ નહીં પણ વિશ્વ આખાએ જોઇ લીધુ. કોઇએ ધાર્યે પણ નહીં હોય કે આ રીતે અચાનક જ દુનિયામાંથી વિદાય લઇ લેનાર સ્વ. વિજયભાઇના પાર્થિવ દેહને આજે તેમના માદરેવતન રાજકોટમાં અંતિમવિધિ માટે લઇ આવતા રાજકોટ આખુ રડ્યુ હતુ. સ્વ. વિજયભાઇનો નશ્વર અને પાવનદેહ શહેરમાં પ્રવેશદ્વાર ગ્રીનલેન્ડ ચોકડીથી પ્રવેશ્યો ત્યાથી લઇ તેમના નિવાસસ્થાન સુધી હજારો આંખોમાંથી અશ્રુધારાની સરિતા વહેવા લાગી હતી. મોક્ષવાહિનીમાં સ્વ.વિજયભાઇ સાથે રહેલા તેમના ધર્મપત્ની અંજલિબેન અને પુત્ર રૂષભના હૈયાફાટક રૂદન જોઇને સૌ કોઇનું હૈયુ છલકી ઉઠ્યુ હતુ. ગોઝારી પ્લેન દૂઘર્ટનામાં મૃત્યુ પામનાર હતભાગીઓમાં એક સ્વ.વિજયભાઇનો જીવનદીપ બુઝાયો તેનો સૌથી વધુ આઘાત રાજકોટવાસીઓને એટલા માટે છે કે, વિજયભાઇને તેમના વતન રાજકોટ પ્રત્યે અખૂટ લાગણી હતી. મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં રાજકોટની અપેક્ષાથી અનેકગણુ આપ્યુ જ છે પણ મુખ્યમંત્રી ન હતા ત્યારે પણ સરકારમાં તેમના વર્ચસ્વથી રાજકોટના વિકાસ માટે તેમણે શક્ય તેટલા તમામ પ્રયાસ કર્યા હતા. અને રાજકોટ પ્રત્યેની તેમની આ લાગણી આજે હજારો આંખોમાંથી છલકાતી દેખાઇ હતી.





**સ્વ.વિજયભાઈની આખરી વિદાય વેળાએ જાણે આભ પણ અફાટ હૃદય સાથે રડી પડ્યું, વરસતા વરસાદે હજારો લોકો સદ્ગતની સ્મશાન યાત્રામાં જોડાયા**

### કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ સહિત કેન્દ્રિય, રાજ્ય મંત્રીઓ સહિતના દિગ્ગજ નેતાઓ આવ્યા

સ્વ.વિજયભાઇ રૂપાણીના મળતાવડા અને શાલીન સ્વભાવના લીધે તે પાર્ટીના નાનામા નાના કાર્યકરથી માંડી કેન્દ્રીય અને રાજ્યના મંત્રીઓ અને ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચહિતા હતા. આજે સ્વ.વિજયભાઇને તેમના હોમટાઉન રાજકોટથી વિદાય આપવા માટે અંતિમ યાત્રામાં કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહ, પ્રદેશ ભાજપના પ્રમુખ અને કેન્દ્રના મંત્રી સી.આર.પાટિલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, સાંસદ પુરશ્રોતમ રૂપાલા, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, સંગઠન મહામંત્રી રત્નાકર, પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, પૂર્વ શિક્ષણ મંત્રી જીતુભાઇ વાઘાણી, પૂર્વ કૃષિમંત્રી આર.સી.ફળદુ, કેબિનેટ મંત્રી કુવરજી બાવળિયા સહિતના દિગ્ગજ નેતા ઉપરાંત સ્થાનિક અને પ્રદેશના કાર્યકર્તાઓ અને આગેવાનો સેંકડોની સંખ્યામાં સ્મશાન યાત્રામાં જોડાયા હતા.

### વિજયભાઈનો પાર્થિવદેહ સોંપાયો ત્યારે પત્ની અંજલિબેન ભાંગી પડ્યા

પ્લેન દુર્ઘટના તમામ મૃતકોના પરિવાર માટે કેટલી આઘાતજનક છે કે તેની કલ્પના પણ ન કરી શકાય. રૂપાણી પરિવાર માટે પણ સૌના હૃદય વીંધી નાંખે તેવી આ કરૂણાંતિકા છે. વિજયભાઇના મોઢાની એક છેલ્લી ઝલક પણ છેલ્લે છેલ્લે ન જોઇ શકાય. તિરંગા સાથે લપેટાયેલા કોફીનમાં વિજયભાઇનો પાર્થિવ દેહ જ્યારે તેમના પરિવારને સોંપવામા આવ્યો ત્યારે કુદરત પણ બેઘડી સ્તબ્ધ થઇ જાય તેવા કરૂણ દ્રશ્યો સર્જાયા હતા. પત્ની અંજલિબેન ભાંગી પડ્યા હતા. કોફીનમાં કેદ પતિના પવિત્ર દેહના દર્શન કરતાની સાથે અંજલિબેન ઢળી પડ્યા હતા. તો પુત્ર રૂષભ અને પુત્રી પણ સુનમુન થઇ ગઇ હતી. એ ક્ષણે તો એવુ બોલી ઉઠ્યા હતા કે એક વખત તો પપ્પાનું મોઢુ જોવા દ્યો. આ સાંભળીને ઉપસ્થિત સૌ કોઇની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી હતી.

### વિજયભાઇ ગરીબ બાળકોના શિક્ષણ-આરોગ્યદાતા, પુજિત રૂપાણી ટ્રસ્ટ આંસુઓથી ભીંજાયું

સ્વ.વિજયભાઇ સાથે કુદરતનો અન્યાય પહેલેથી જ રહ્યો છે. તેમના બે વર્ષના પુત્ર પુજીતનું આકસ્મિક મોત થયા બાદ ભુલકાઓ પ્રત્યેની તેની સંવેદના સેવામાં પરિવર્તિત થઇ ગઇ અને પુત્ર પુજીતના નામે એક ટ્રસ્ટની રચના કરી. પુજીત રૂપાણી ટ્રસ્ટમાં કચરો વીણતા કે આર્થિક રીતે ગરીબ એવા સેંકડો બાળકો અભ્યાસ કરી રહ્યા છે. અત્યાર સુધીમાં પુજીત રૂપાણી ટ્રસ્ટની હુંફ હેઠળ સંખ્યાબંધ ગરીબ બાળકોમાં કોઇ એન્જિનિયર તો કોઇ ડોકટર કે કોઇ સારા હોદા પર કારકિર્દી સેટ કરી ચુક્યા છે. આજે જ્યારે સ્વ.વિજયભાઇનો પાર્થિવ દેહ પુજીત રૂપાણી ટ્રસ્ટના સંકુલમાં દર્શનાર્થે લઇ આવવામા આવ્યો હતો ત્યારે માસુમ ભુલકાઓ, ટ્રસ્ટના સેવાભાવીઓ સહિત સમગ્ર પુજીત રૂપાણી સંસ્થા આંસુઓથી ભીંજાઇ હતી.

# ઈરાન ગોથાં ખાય છે : ઈઝરાયેલે દુશ્મનના મુખ્ય જાસૂસને હણ્યો

### ઈરાનના ૪૦૦થી વધુ લોકો માર્યા ગયા છે

**સમય મિરર | તેલઅવીવ**

ઇઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ એક ઇન્ટરવ્યુમાં પુષ્ટિ કરી હતી કે ઇરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના ઈન્ટેલિજન્સ વિભાગના પ્રમુખ બ્રિગેડિયર જનરલ મોહમ્મદ કાઝમી અને તેમના ડેપ્યુટી જનરલ હસન મોહકિક તહેરાન પર ઇઝરાયલી હવાઈ હુમલામાં માર્યા ગયા છે. ઈરાનના ૪૦૦થી વધુ લોકો માર્યા ગયા છે



ઈઝરાયલે ઓપરેશન રાઈઝિંગ લાયન હેઠળ શરૂ કરેલું આક્રમણ ત્રીજા દિવસમાં પ્રવેશતા હવે બંને દેશ પૂર્ણ સ્તરના યુદ્ધ તરફ આગળ વધી રહ્યા હોવાની આશંકા ઊભી થઈ રહી છે. ઈઝરાયલે રવિવારે દક્ષિણ ઈરાનમાં દુનિયાના સૌથી મોટા ગેસ ફિલ્ડ, સંરક્ષણ મંત્રાલયના મુખ્યાલય અને પરમાણુ મથક પર હુમલો કરીને ભારે નુકસાન પહોંચાડયું હતું. ઈઝરાયલે દાવો કર્યો કે તે એક ક્ષણ માટે પણ રોકાશે નહીં અને તહેરાન પર હુમલા ચાલુ રાખશે. ઈઝરાયલના હુમલામાં ઈરાનમાં ૪૦૬ લોકોનાં મોત અને ૬૫૪થી વધુ ઘાયલ થયા છે. બીજીબાજુ ઈરાને પણ ઓપરેશન ટ્રુ પ્રોમિસ-૩ હેઠળ ઈઝરાયલના અનેક શહેરો પર બેલિસ્ટિક મિસાઈલોનો મારો ચલાવ્યો હતો, જેમાં ૧૩ લોકોનાં મોત થયા હતા અને ૧૩૦થી વધુને ઈજા પહોંચી છે.

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે શનિવાર-રવિવારની આખી રાત સામ-સામે મિસાઈલથી હુમલા ચાલુ રહ્યા હતા. ઈઝરાયલે રવિવારે ઈરાનમાં આવેલા દુનિયાના સૌથી મોટા ગેસ ફિલ્ડ, અનેક મોટા ઓઈલ ડેપો, ઈરાનના સંરક્ષણ મંત્રાલય પર મિસાઈલમારો કરીને ગંભીર નુકસાન પહોંચાડયું હતું.

ઈઝરાયલે રાજધાની તહેરાનમાં રહેણાંક વિસ્તારો પર પણ હુમલા કર્યા હતા, જેમાં ૨૯ બાળકો સહિત અત્યાર સુધીમાં કુલ ૪૦૬ લોકોનાં મોત થયા છે અને ૬૫૪ લોકોને ઈજા પહોંચી છે તેમ રવિવારે વોશિંગ્ટન સ્થિત ગ્રૂપ હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટે જણાવ્યું હતું. માનવાધિકાર સંસ્થા મુજબ ઈરાનમાં મૃતકોમાં ૧૯૭ નાગરિકો, ૯૦ સૈન્ય અધિકારીઓ અને અન્ય ૧૯૯નો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્તોમાં ૧૩૦ નાગરિકો, ૭૧ સૈનિકો અને ૪૮૩ અન્યનો સમાવેશ થાય છે.

ઈઝરાયલે ફરી એક વખત ઈરાનના પરમાણુ મથકો પર હુમલા કર્યા હતા, જેમાં ફોર્દોથી લઈને ખોનડાબ, નતાંઝ, ઈસ્ફહાન અને બુશહેરનો સમાવેશ થાય છે. ઈઝરાયલના સૈન્યે રાજધાની તહેરાન પાસે શાહરાન ઓઈલ ડેપો, બુશહર શહેર નજીક દુનિયાના સૌથી મોટા પ્રાકૃતિક ગેસ ભંડાર ગેસ રિફાઈનરી, અને અબાદાનમાં ઓઈલ રિફાઈનરી પર હુમલા કર્યા હતા. ઈરાને કહ્યું કે, ઈઝરાયલે તેના ઊર્જા ઉદ્યોગ પર હુમલા કર્યા છે, જેની વૈશ્વિક બજારો પર અસર થવાની સંભાવના છે. ઈઝરાયલના સૈન્યે નાગરિકોને હથિયારો બનાવતી ફેક્ટરીઓ, ઓઈલ ફિલ્ડથી દૂર રહેવા ચેતવણી આપી છે.

ઈરાને પણ રવિવારે ઈઝરાયલ પર બેલિસ્ટિક મિસાઈલોનો મારો ચાલુ રાખ્યો હતો. ઈઝરાયલે કહ્યું કે, ઈરાનના હુમલામાં ૧૩ લોકોનાં મોત નીપજ્યાં છે અને ૩૯૦થી વધુને ઈજા થઈ છે. ઈરાને આખી રાતમાં ૨૭૦ મિસાઈલ્સથી હુમલો કર્યો હતો. ઈઝરાયલનું મુખ્ય આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને એરસ્પેસ સતત ત્રીજા દિવસે પણ બંધ રહ્યા હતા. ઈરાને ઈઝરાયલના હાઈફા શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલા કરતા અનેક ઈમારતો કાટમાળ બની ગઈ હતી. ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ ખામનેઈએ જણાવ્યું હતું કે, આ યુદ્ધ ઈઝરાયલે શરૂ કર્યું છે પરંતુ હવે તે તેમાંથી બહાર નીકળી શકે તેમ નથી. હવે ઈઝરાયલ માટે જહન્નુમના દરવાજા ખોલવામાં આવશે. ઈઝરાયલને આ હુમલા બદલ ભયાનક સજા કરાશે. બીજીબાજુ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ જણાવ્યું હતું કે, તેઓ ઈરાનના સુપ્રીમ નેતા અયાતુલ્લાહ ખામનેઈની હત્યા કરતા પણ અચકાશે નહીં.

### હજયાત્રીઓને લઈ આવતા હવાઈ જહાજમાં અવતરણ સમયે મોટી દુર્ઘટના માંડ ટળી

# લખનૌમાં જેદ્દાહથી આવતા વિમાનના પૈડે ધૂમાડો-સ્પાર્ક

**સમય મિરર | લખનૌ**

જેદ્દાહથી આવી રહેલી સાઉદી એરલાઈન્સની ફ્લાઈટમાં મોટી દુર્ઘટના બનતા ટળી છે. લખનઉના ચૌધરી ચરણસિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડિંગ સમયે આ ફ્લાઈટના પૈડાંમાંથી ધુમાડા અને સ્પાર્ક થયા હતાં. જો કે, ગ્રાઉન્ડ સ્ટાફે તાત્કાલિક ધોરણે એરપોર્ટ રેસ્ક્યુ એન્ડ ફાયર ફાઈટિંગ ટીમને જાણ કરતાં પરિસ્થિતિ પર કાબૂ મેળવાયો હતો.

એરપોર્ટ ઓથોરિટીએ સુનિશ્ચિત કર્યું છે કે, તમામ મુસાફરોને સુરક્ષિત નીચે ઉતારવામાં આવ્યા છે. મોટી દુર્ઘટના બનતા ટળી છે. અન્ય ફ્લાઈટનું સંચાલન ચાલુ છે. આ વિમાન હજયાત્રીઓને લઈને આવી રહ્યું હતું. જાણકારી અનુસાર, આ વિમાન ૨૫૦ હજયાત્રીઓને લઈને રવિવારે સવારે લખનઉ એરપોર્ટ પર પહોંચ્યું હતું. તે સમયે લેન્ડિંગ દરમિયાન લેન્ડિંગ ગિયરમાં ખામીના કારણે ધુમાડો નીકળ્યો હતો. વિમાનના પૈડાંમાંથી આગના તણખલા અને ધુમાડો નીકળવા લાગ્યો હતો. પાયલટે પણ સમય સૂચકતા વાપરી વિમાન અટકાવી એર ટ્રાફિક કંટ્રોલને આ અંગે જાણ કરી હતી.

સુત્રો અનુસાર, લેન્ડિંગ ગિયરમાં હાઈડ્રોલિક ઓઈલ લિકેજ થતાં પૈડાંમાંથી ધુમાડો નીકળ્યો હતો. હજી હાલમાં જ અમદાવાદમાં ૧૨ જૂને બપોરે ૧.૪૦ વાગ્યે મોટી વિમાન દુર્ઘટના બની હતી. જેમાં ૨૪૧ મુસાફરો મોતને ભેટ્યા હતાં. આ સિવાય વિમાન જે બિલ્ડિંગ સાથે અથડાયું હતું, ત્યાં ઉપસ્થિત ૩૭ લોકો પણ મૃત્યુ પામ્યા હતાં.

# દોઢ કરોડની સોનાની લગડીઓ સંતાડી લાવતા એરઈન્ડિયા કર્મચારી ઝડપાયો

### સોનાની તસ્કરીના માસ્ટર માઈન્ડની પણ ધરપકડ

**સમય મિરર | મુંબઈ**

મુંબઈ એરપોર્ટ પર DRI (રેવન્યુ ઈન્ટેલિજન્સ ડિરેક્ટોરેટ) એ એક મોટી કાર્યવાહી કરતા સોનાની તસ્કરીના આરોપસર એર ઈન્ડિયાના એક પુરુષ ક્રૂ મેમ્બરની ધરપકડ કરી છે. આ ક્રૂ મેમ્બર ૧૩ જૂને ન્યૂયોર્કથી આવનારી ફ્લાઈટ AI-116 દ્વારા મુંબઈ પહોંચ્યો હતો.

જોકે, શરૂઆતની તપાસમાં કંઈ નથી મળ્યું. પરંતુ પૂછપરછ દરમિયાન તેણે ખુલાસો કર્યો કે, મેં એક પાઉચમાં વિદેશી સોનાની બિસ્કિટ કાળી ટેપમાં લપેટીને એરપોર્ટના બેગેજ સર્વિસ એરિયામાં છુપાવી દીધી હતી. ક્રૂ મેમ્બરે આ કામ ત્યારે કર્યું જ્યારે તેનો બ્રીથ એનાલાઈઝર ટેસ્ટ ચાલી રહ્યો હતો.

ત્યારબાદ DRI અધિકારીઓએ તે સ્થળની તપાસ કરી જ્યાં ક્રૂ મેમ્બરે જાણકારી આપી હતી, જ્યાંથી એક પાઉચ રિકવર કર્યું જેમાં ૧,૩૭૩ ગ્રામ વિદેશી સોનું હતું. તેની કિંમત આશરે ૧.૪૨ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આરોપીએ એ પણ સ્વીકાર્યું કે, તેણે પહેલા પણ ઘણી વખત સોનાની તસ્કરી કરી છે.

DRI અધિકારીઓએ તપાસ બાદ સોનાની તસ્કરીના રેકેટના માસ્ટરમાઈન્ડની પણ ધરપકડ કરી છે, જેણે તસ્કરી માટે એરલાઈન સ્ટાફની ભરતી કરી હતી. પૂછપરછ દરમિયાન તેણે કબૂલ્યું કે તેણે એરલાઈન સ્ટાફની મદદથી ઘણી વખત સોનાની તસ્કરી કરાવી છે.

ધરપકડ કરાયેલા બંને આરોપીઓની કસ્ટમ્સ એક્ટ હેઠળ અટકાયત કરવામાં આવી છે અને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. આ કેસમાં DRIની તપાસ હજુ પણ ચાલુ છે અને નેટવર્કના અન્ય સભ્યોની ઓળખ કરવામાં આવી રહી છે. પહેલા પણ આવી ઘટના બની ચૂકી છે આ પહેલી વાર નથી જ્યારે એર ઈન્ડિયાના ક્રૂ મેમ્બર્સ તસ્કર કરતા પકડાયા હોય. ડિસેમ્બર ૨૦૨૪માં ચેન્નઈ એરપોર્ટ પર એક કેબિન ક્રૂ મેમ્બરની ધરપકડ કરવામાં આવી હતી જે એક મુસાફરની મદદથી ૧.૭ કિલો ૨૪ કેરેટ સોનાની તસ્કરી કરી રહ્યો હતો. એવું જણાવવામાં આવ્યું હતું કે ક્રૂ મેમ્બરે ફ્લાઈટ દરમિયાન મુસાફર પાસેથી સોનું લીધું હતુ અને તેને છુપાવી દીધું હતું. મે ૨૦૨૪માં પણ આવો એક મામલો સામે આવ્યો હતો, જ્યારે એર ઈન્ડિયાની એર હોસ્ટેસ સુરભી ખાતૂન કેરળના કન્નુર એરપોર્ટ પર ૯૬૦ ગ્રામ સોનાની તસ્કરીના આરોપમાં પકડાઈ હતી. તેણે સોનું તેના શરીરની અંદર (રેક્ટમમાં) છુપાવી રાખ્યું હતું.

# ઈરાનનો પ્લાન રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પને પૂરા ખતમ કરવાનો છે : નેતન્યાહુનો ઘટસ્ફોટ

### ઈઝરાયેલના વડાપ્રધાને કહ્યું કે હું પોતે પણ ઈરાનના નિશાન પર છું : યુદ્ધ સિવાય હવે કોઈ વિકલ્પ નથી

**સમય મિરર | તેલઅવીવ**

ઈરાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે, ઇઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ એક મોટો દાવો કર્યો છે. નેતન્યાહૂએ કહ્યું કે, 'ટ્રમ્પ એક શક્તિશાળી નેતા છે, તેથી તેઓ ઈરાન માટે દુશ્મન નંબર વન છે.' ઇઝરાયલી પીએમએ દાવો કર્યો કે, 'ટ્રમ્પને મારવા ઉપરાંત, ઈરાન મને પણ મારવા માંગતો હતો.'

ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ રવિવારે દાવો કર્યો હતો કે, 'ઈરાનનું ઇસ્લામિક શાસન અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તેના પરમાણુ કાર્યક્રમ માટે ખતરો માને છે. આથી ઈરાન ટ્રમ્પને મારી નાખવા માંગે છે. કારણ કે હાલ તે જ ઈરાન માટે દુશ્મન નંબર વન છે.'



નેતન્યાહૂએ વધુમાં કહ્યું, 'ટ્રમ્પ એક મજબૂત અને નિર્ણાયક નેતા છે. ઈરાનને યુરેનિયમ સમૃદ્ધ બને અને તેમનો પરમાણુ બોમ્બ બનાવવાનો માર્ગ સરળ બની ન રહે તે માટે ટ્રમ્પે તે નકલી કરાર તોડી નાખ્યો અને કાસિમ સુલેમાનીને મારી નાખ્યો. તેમજ તેમણે ક્યારેય ઈરાન સાથે સમાધાન કરવા માટે નબળાઈનો માર્ગ પસંદ ન કર્યો. ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું કે ઈરાનને પરમાણુ શસ્ત્રો બનાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમની કડકતાને કારણે, તેઓ ઈરાનનો સૌથી મોટો દુશ્મન બની ગયા છે.'

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન પરમાણુ શસ્ત્રો બનાવવાની નજીક છે. તેઓ યુરેનિયમમાંથી પરમાણુ બોમ્બ બનાવવા જઈ રહ્યા છે. ઈરાન એક મહિનામાં પરમાણુ પરીક્ષણ કરવાની નજીક હતું અને એક વર્ષમાં તેમના હાથમાં પરમાણુ શસ્ત્રો હોત. એવામાં ઇઝરાયલે ઈરાનના પરમાણુ અને લશ્કરી ઠેકાણાઓ પર મોટા પાયે હવાઈ હુમલા કર્યા છે. જેમાં સેટેલાઇટ તસવીરોમાં તબરીઝ અને કરમાનશાહના મિસાઈલ ઠેકાણાઓને ભારે નુકસાન થયું છે તે જાણવા મળ્યું છે. ઇઝરાયલી સેનાનું કહેવું છે કે આ હુમલાઓએ ઈરાનના પરમાણુ કાર્યક્રમને વર્ષો પાછળ ધકેલી દીધો છે.

નેતાન્યાહૂએ કહ્યું કે, 'તેઓ પોતે પણ ઈરાનના નિશાના પર છે. મારા ઘરની બારી પર મિસાઈલ હુમલો કરવામાં આવ્યો હતો.' તેમણે પોતાને ટ્રમ્પના 'જુનિયર પાર્ટનર' ગણાવ્યા અને કહ્યું કે, 'અમે બંને મળીને ઈરાનના પરમાણુ શસ્ત્રો બનાવવાના પ્રયાસોને રોકી રહ્યા છે. ઇઝરાયલ તાત્કાલિક ખતરાનો સામનો કરી રહ્યું છે અને અમારી પાસે છેલ્લી ઘડીએ કડક પગલાં લેવા સિવાય કોઈ વિકલ્પ નહોતો.'

ઇઝરાયલના પીએમએ વધુમાં કહ્યું કે, 'અમે બે મોટા ખતરાનો સામનો કરી રહ્યા છીએ. પહેલું, પરમાણુ બોમ્બ બનાવવાનો ઈરાનનો પ્રયાસ. તેનો ઉદ્દેશ્ય અમને નષ્ટ કરવાનો છે. બીજું, તેમનો બેલિસ્ટિક મિસાઈલોનો વધતો ભંડાર. તેની પાસે દર વર્ષે ૩,૬૦૦ મિસાઈલ બનાવવાની ક્ષમતા છે. ત્રણ વર્ષમાં ૧૦,૦૦૦ મિસાઈલ અને ૨૬ વર્ષમાં ૨૦,૦૦૦ મિસાઈલ. ઇઝરાયલ જેવો નાનો દેશ આ સહન કરી શકે નહીં. આથી અમારે કોઈપણ કિંમતે કાર્યવાહી કરવી પડી.'

પીએમ નેતન્યાહૂએ વધુમાં કહ્યું કે, 'શું તમે ઇચ્છો છો કે પરમાણુ શસ્ત્રો આવા લોકોના હાથમાં આવે અને આવા પરમાણુ બોમ્બ તમારા શહેરો પર પડે. નહીં ને, એટલા માટે આપણી જવાબદારી છે કે આપણે ફક્ત પોતાને બચાવવા જ નહીં, પણ દુનિયાને પણ મદદ કરીએ.'

## ધ વર્લ્ડ એરાઉન્ડ



# કોસ્ટ કટિંગની વાતો વચ્ચે ખર્ચાળ પરેડની મજાક ઊડી

**નવી દિલ્હી :** અમેરિકામાં શનિવારે સેનાના ૨૫૦મા સ્થાપના દિવસ અને પ્રમુખ ટ્રમ્પના ૭૯મા જન્મદિનની ભવ્ય ઊજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજધાની વોશિંગ્ટન ડીસીમાં સેનાની ભવ્ય પરેડનું આયોજન કરાયું હતું. પરેડ બાદ ટ્રમ્પે નાનું ભાષણ આપ્યું હતું. બીજીબાજુ અમેરિકન પરેડની સોશિયલ મીડિયા પર ભારે મજાક ઊડી હતી. અમેરિકાની સેનાના ૨૫૦મા સ્થાપના દિન નિમિત્તે યોજાયેલી ૧૪ જૂને યોજાયેલી પરેડમાં ૬,૦૦૦થી વધુ સૈનિકો, ૧૫૦થી વધુ બખ્તરબંધ ગાડીઓ અને ૫૦થી વધુ ફાઈટર જેટ જોડાયા હતા. ટ્રમ્પે પરેડમાં નાનું ભાષણ પણ કર્યું હતું. વોશિંગ્ટન ડીસીમાં નેશનલ મોલ પર થયેલી ભવ્ય પરેડમાં સેનાની ટુકડીઓ, ભારે હથિયાર અને ફાઈટર જેટ્સના ફ્લાયઓવર સામેલ હતા. વાદળ છાયા વાતાવરણ વચ્ચે હળવો વરસાદ થતા આર્મીની વિવિધ ટૂકડીઓની ફ્લાયઓવર મર્યાદિત કરી દેવાઈ હતી અને કાર્યક્રમ થોડોક મોડા શરૂ થયો હતો. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફર્સ્ટ લેડી મેલાનિયા સાથે પરેડના સ્ટેજ પર પહોંચ્યા હતા. આ પરેડમાં અમેરિકન સેનાની તાકાત, સાહસ અને સમર્પણ દર્શાવાયા હતા. ટ્રમ્પે પરેડ પછી નાનું અને ઉત્સાહપૂર્વકનું ભાષણ પણ આપ્યું હતું. ટ્રમ્પના વિરોધીઓનો આક્ષેપ છે કે ટ્રમ્પ સરકાર સેના દિવસના માનમાં ભવ્ય પરેડના આયોજનનો દાવો કરી રહી છે, પરંતુ હકીકતમાં ૧૪ જૂને ટ્રમ્પનો જન્મદિન હોવાથી આ પરેડનું આયોજન કરાયું છે. આ ભવ્ય પરેડ પાછળ ટ્રમ્પ સરકારે અંદેજ રૂ. ૩૫૦ કરોડનો ધૂમાડો કર્યો હોવાનું મનાય છે. અમેરિકામાં સેના પરેડ જેવી કોઈ પરંપરા નથી. અમેરિકામાં ૩૪ વર્ષ પછી આવી સૈન્ય પરેડ યોજાઈ રહી છે. વધુમાં અમેરિકન સૈન્ય પરેડની સોશિયલ મીડિયા પર ભારે મજાક ઉડી હતી. અમેરિકન સૈનિકોની પરેડના વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થયા હતા.




# પેરુમાં ૬.૧ની તિવ્રતાનો જોરદાર ભૂકંપ : એકનું મોત, અનેક ઈજાગ્રસ્ત, લોકો ફફડી ગયા

**નવી દિલ્હી :** રવિવારે રાત્રે દક્ષિણ અમેરિકન દેશ પેરુમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. એજન્સીના જણાવ્યા અનુસાર અધિકારીઓએ જણાવ્યું હતું કે રવિવારે પેરુના મધ્ય કિનારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેના લીધે લીમા અને બંદરીય શહેર કૈલાઓ હચમચી ગયા હતા. આ ભૂકંપમાં એક વ્યક્તિનું મોત થયું છે અને પાંચ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ભૂકંપની તીવ્રતા ૬.૧ નોંધાઈ હતી. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે અનુસાર, સ્થાનિક સમય મુજબ સવારે ૧૧:૩૫ વાગ્યે પેસિફિક મહાસાગરમાં ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્રબિંદુ રાજધાની લીમાથી પશ્ચિમમાં કૈલાઓથી ૨૩ કિલોમીટર (૧૪ માઈલ) દક્ષિણ-પશ્ચિમમાં હતું. અહેવાલ મુજબ, પોલીસ કર્નલ રામિરો ક્લાઉકોએ જણાવ્યું હતું કે ઉત્તરી લીમામાં એક ૩૬ વર્ષીય વ્યક્તિનું મોત થયું હતું. મૃતક પોતાના વાહનની બહાર એક મુસાફરની રાહ જોઈ રહ્યો હતો ત્યારે નિર્માણાધીન ઈમારતની ચોથા માળની દિવાલ તૂટીને તેના માથા પર પડી હતી. ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે જણાવ્યું હતું કે પાંચ ઘાયલ લોકોની હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે.

# એથ્લેટિક્સમાં અરૂણાચલની હિલાંગ ગોલ્ડ મેડલ લઈ આવી



**નવી દિલ્હી :** ભુતાનના થિમ્પુમાં આયોજિત ૧૫મી સાઉથ એશિયન બોડીબિલ્ડિંગ અને ફિઝિક સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ ૧૧થી ૧૫ જૂન દરમ્યાન યોજાઈ હતી.અરુણાચલ પ્રદેશની હિલાંગ યાઝિકે ઈતિહાસ રચ્યો છે. તેણીએ ૧૧ થી ૧૫ જૂન ૨૦૨૫ દરમિયાન ભૂટાનની રાજધાની થિમ્ફુમાં યોજાયેલી ૧૫મી દક્ષિણ એશિયન બોડીબિલ્ડિંગ અને ફિઝિક સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ભારત માટે ૧ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ જીત્યો છે. આ મહાન સિદ્ધિ સાથે, યાઝિક આંતરરાષ્ટ્રીય સ્તરે ગોલ્ડ મેડલ જીતનાર અરુણાચલ પ્રદેશની પ્રથમ મહિલા ફિઝિક સ્પોર્ટ્સ એથ્લીટ બની છે. યાઝિકની આ સિદ્ધિ ઉત્તર-પૂર્વ ભારતના યુવાનોને શારીરિક રમતોમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટે પ્રેરણા આપશે અને રમતગમતની દુનિયાને નવી દિશા આપી શકે છે. દક્ષિણ એશિયાના ઘણા દેશોના પ્રતિભાશાળી ખેલાડીઓએ આ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. તેમાંથી, યાઝિકનું પ્રદર્શન માત્ર ઉત્તમ નહોતું, પરંતુ તેણીએ સમગ્ર ઈવેન્ટ દરમિયાન ગર્વથી ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેણીની જીત ખાસ કરીને ઉત્તર-પૂર્વ ભારતની મહિલાઓ માટે પ્રેરણાનો સ્ત્રોત બની શકે છે, જેઓ હવે શારીરિક રમતો જેવા ક્ષેત્રમાં પોતાની છાપ છોડી રહી છે.

# ઈઝરાયલ-ઈરાન વચ્ચેના સંઘર્ષે ભીષણ સ્વરૂપ ધારણ કરતાં ભારતીય દૂતાવાસે જાહેર કરી એડવાઈઝરી



**નવી દિલ્હી :** ઈરાન અને ઈઝરાયલ વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. જેને લઈને ઈઝરાયલમાં ભારતીય દૂતાવાસે રવિવારે (૧૫મી જૂન) નવી એડવાઈઝરી પણ જાહેર કરી છે. જેમાં જણાવ્યું હતું કે, 'બધા ભારતીયો સુરક્ષિત છે. ભારતીય દૂતાવાસ ત્યાંની પરિસ્થિતિ અને ભારતીય નાગરિકોની સલામતી પર સતત નજર રાખી રહ્યું છે.' ભારતીય દૂતાવાસે એડવાઈઝરીમાં જણાવ્યું છે કે, 'અમે ૨૪/૭ હેલ્પલાઇન સ્થાપિત કરી છે. ભારતીય સમુદાયના સભ્યો સાથે અમે સતત સંપર્કમાં છીએ. ભારતીયોએ ગભરાવાની જરૂર નથી બસ સાવચેત રહે અને ઈન્ટરનેટ મીડિયા દ્વારા ભારતીય દૂતાવાસ સાથે સંપર્કમાં રહે. ભારતીયોની સલામતી અમારા માટે સર્વોપરી છે.' ભારતીયોને સતર્ક રહેવા, કોઈપણ બિનજરૂરી હિલચાલ ટાળવા અને ઈઝરાયલી અધિકારીઓ અને હોમ ફ્રન્ટ કમાન્ડ દ્વારા આપવામાં આવેલા સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે. તેલ અવીવમાં ભારતીય દૂતાવાસ ઈઝરાયલમાં ભારતીય સમુદાયના સભ્યો સાથે સંપર્કમાં છે, જેમાં કેર વર્કર્સ, કામદારો, વિદ્યાર્થીઓ, વ્યવસાય અને પ્રવાસી જૂથોનો સમાવેશ થાય છે. ભારતીય મિશન દ્વારા જણાવાયું હતું કે ૨૪/૭ હેલ્પલાઇન વર્તમાન પરિસ્થિતિ અંગે કોઈપણ સહાય પૂરી પાડવા માટે તૈયાર છે. દૂતાવાસે જરૂરિયાતમંદ ભારતીયો માટે ફોન નંબર +૯૭૨૫૪૭૫૨૦૭૧૧ અને +૯૭૨૫૪૩૨૭૮૩૯૨ શેર કર્યા છે.

# દેશમાં ડિજિટલ વસ્તી ગણતરી કરવા માટે સરકારી તંત્ર તૈયાર

## ૩૦ જેટલા પ્રશ્નોના દરેક નાગરિક આપશે જવાબ

**સમય મિરર | નવી દિલ્હી**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે જ વસ્તી ગણતરીની તૈયારીઓની સમીક્ષા કરી હતી. ગૃહ મંત્રાલયે માહિતી આપી હતી કે ૨૦૨૭ માં યોજાનારી આ વસ્તી ગણતરી સંપૂર્ણપણે ડિજિટલ હશે અને ડેટા સુરક્ષા માટે ખૂબ જ કડક વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી ડેટા એકત્રિત કરવાની અને મોકલવાની પ્રક્રિયા સંપૂર્ણપણે સુરક્ષિત રહે.




૨૦૨૨ માં વસ્તી ગણતરી કાયદામાં સુધારા પછી આ સુવિધા આપવામાં આવી છે કે, લોકો હવે ઓનલાઈન માધ્યમ દ્વારા પોતાની અને પોતાના પરિવારની માહિતી દાખલ કરી શકશે. આ ભારતની પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી હશે. ભારતના રજિસ્ટ્રાર જનરલ (ORGI) દ્વારા સેલ્ફ એન્યુમરેશન પોર્ટલ નામનું વેબ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. આ પોર્ટલ દ્વારા, લોકો તેમના ઘરના તમામ સભ્યોની માહિતી જોઈ અને અપડેટ કરી શકશે. જો કે, વસ્તી ગણતરી શરૂ થવાની નિર્ધારિત તારીખના થોડા દિવસો પહેલા પોર્ટલ બંધ કરવામાં આવશે, જેથી અંતિમ ડેટા સંકલિત કરી શકાય.

ભારતમાં ૨૦૨૭ ની વસ્તી ગણતરીનો સમયપત્રક નક્કી છે, તે ૧ માર્ચ, ૨૦૨૭ થી શરૂ થશે. આ વખતે જાતિઓની ગણતરી પણ શક્ય છે, જેના કારણે રાજકીય અને સામાજિક ચર્ચા ચાલી રહી છે. ૧ માર્ચ, ૨૦૨૭ થી રાષ્ટ્રવ્યાપી વસ્તી ગણતરી અને જાતિ સર્વેક્ષણ શરૂ કરશે. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને ઉત્તરાખંડમાં ઓક્ટોબર ૨૦૨૬ થી શરૂ થશે.

ભારતમાં ૨૦૨૭ ની વસ્તી ગણતરીનો સમયપત્રક નક્કી કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરાયેલા પ્રારંભિક કાર્યક્રમ મુજબ, આ ઐતિહાસિક વસ્તી ગણતરી ૧ માર્ચ, ૨૦૨૭ ના રોજ બપોરે ૧૨ વાગ્યે શરૂ થશે અને બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ વખતે વસ્તી ગણતરીની સાથે જાતિઓની ગણતરી થવાની શક્યતા છે, જેના વિશે લાંબા સમયથી રાજકીય અને સામાજિક ચર્ચા ચાલી રહી છે.

ડેટા કલેક્શન મોબાઇલ એપ દ્વારા કરવામાં આવશે

આ વખતે વસ્તી ગણતરીનું સમગ્ર કાર્ય મોબાઇલ એપ દ્વારા કરવામાં આવશે. સરકારે ૧૬ ભાષાઓ (હિન્દી, અંગ્રેજી અને ૧૪ પ્રાદેશિક ભાષાઓ) માં એપ્સ વિકસાવી છે જેનાથી યુઝર્સને સરળીકરણ રહેશે. આ એપમાં ડ્રોપડાઉન મેનુ, કોડેડ જવાબો અને એડિટીંગ જેવા વિકલ્પો આપવામાં આવશે.

૨૦૨૭ ની વસ્તી ગણતરી દરમિયાન પ્રથમ વખત, દરેક જવાબ માટે કોડ ડિરેક્ટરી બનાવવામાં આવી છે, જેથી વર્ણનાત્મક જવાબો પણ સંરચિત અને વિશ્લેષણાત્મક બની શકે. બીજા તબક્કામાં પૂછવામાં આવનારા પ્રશ્નો માટે આ ખાસ કરીને ઉપયોગી થશે. પૂર્વ-નિર્ધારિત જવાબો સાથેના વિકલ્પો એપ પર ઉપલબ્ધ હશે, જે જવાબ આપવાનું સરળ બનાવશે અને ડેટા પ્રોસેસિંગ ઝડપી બનાવશે.

દેશમાં જાતિ વસ્તી ગણતરી સંપૂર્ણપણે ડિજિટલ હશે, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. વસ્તી ગણતરી દરમિયાન લોકો પાસેથી લગભગ ૩૦ પ્રશ્નો પૂછવામાં આવશે. આ Jio ફેન્સીંગ દ્વારા કરવામાં આવશે.

OBC માટે એક અલગ કોલમ બનાવવામાં આવશે

જાતિ આધારિત વસ્તી ગણતરીમાં OBC માટે એક અલગ કોલમ બનાવવામાં આવશે. અત્યાર સુધી ફક્ત SC/ST માટે કોલમ હતો. ઉપરાંત, OBC પેટા-જાતિ કોલમ પણ વિચારણા હેઠળ છે. સામાજિક અને આર્થિક સ્થિતિ જાતિ વસ્તી ગણતરી દ્વારા નક્કી કરવામાં આવશે. અધિકારીઓ માટે ટૂંક સમયમાં તાલીમ શિબિરોનું પણ આયોજન કરવામાં આવશે.

સરકારે એક મોટી બ્લુપ્રિન્ટ તૈયાર કરી

સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે એક મોટી બ્લુપ્રિન્ટ તૈયાર કરી છે. આ પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટલ હશે. આ પ્રક્રિયા ૩ વર્ષમાં પૂર્ણ થશે. અગાઉ આ પ્રક્રિયા ૫ વર્ષમાં પૂર્ણ થઈ હતી. પરિવારોની આર્થિક સ્થિતિ વિશે માહિતી લેવામાં આવશે જેમ કે તેમની પાસે કાયમી ઘર છે કે કાચું ઘર.

### વસ્તી ગણતરી માટે સત્તાવાર રાજપત્ર જાહેર કરતી કેન્દ્ર સરકાર

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ સચિવ, મહારજિસ્ટ્રાર અને વસ્તીગણતરી આયુક્ત તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે આગામી વસ્તીગણતરીની તૈયારીઓની સમીક્ષા કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી કાર્યાલય દ્વારા જારી કરાયેલી માહિતી અનુસાર, વસ્તીગણતરી કરાવવા અંગેનું નોટિફિકેશન ૧૬ જૂન, ૨૦૨૫ ના રોજ સત્તાવાર રાજપત્રમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. સૌ પ્રથમ, સ્ટાફની નિમણૂક, તાલીમ, ફોર્મેટની તૈયારી અને ક્ષેત્રીય કાર્યનું આયોજન કરવામાં આવશે. દેશમાં પહેલીવાર વસ્તી ગણતરી અને જાતિ વસ્તી ગણતરી એક સાથે હાથ ધરવામાં આવી રહી છે. આગામી વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કો મકાન સૂચીકરણ અને મકાનોની ગણતરી (HLO): આ તબક્કામાં દરેક પરિવારની રહેણાંક સ્થિતિ, સંપત્તિ અને સુવિધાઓ વિશેની માહિતી એકત્રિત કરવામાં આવશે. બીજો તબક્કો (વસ્તી ગણતરી - PE): આ તબક્કામાં દરેક ઘરમાં રહેતા દરેક વ્યક્તિની વસ્તીવિષયક, સામાજિક-આર્થિક, સાંસ્કૃતિક અને અન્ય માહિતી એકત્રિત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ વસ્તીગણતરીમાં જાતિ ગણના પણ કરવામાં આવશે. ભારતમાં વસ્તી ગણતરીની પ્રક્રિયા માર્ચ, ૨૦૨૭માં પૂર્ણ થશે. જે લગભગ ૨૧ મહિને પૂર્ણ થશે. વસ્તી ગણતરીનો પ્રાથમિક ડેટા માર્ચ ૨૦૨૭માં જારી થશે છે. તેમજ વિગતવાર જારી થવામાં ડીસેમ્બર, ૨૦૨૭ સુધીનો સમય લાગી શકે છે.

# હૈદ્રાબાદ વિમાનઘરે મંજુરી ન આપતા ફ્લાઈટ જર્મની પરત ફરી

## વિમાનને બોમ્બથી ઉડાવી દેવાની મળી હતી ધમકી




**સમય મિરર | હૈદ્રાબાદ**

બોઈંગ કંપનીઓ હાલ ચર્ચામાં ગુજરાતના અમદાવાદમાં એરઈન્ડિયાના બોઈંગ પ્લેન ૭૮૭-૮ ક્રેશ થતા જ બોઈંગ કંપનીઓ હાલ ચર્ચામાં છે. હવે વધુ એક બોઈંગ પ્લેનને લઈને સમાચાર આવ્યા છે કે બોઈંગ ડ્રામલાઈનર ૭૮૭-૯માં ફ્રેકફર્ટથી હૈદરાબાદ આવેલી ફ્લાઈટને ફરીથી જર્મની પરત ફરવુ પડ્યુ છે. ફ્લાઈટને હૈદરાબાદથી રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતરવાની પરવાનગી આપવામાં આવી ન હતી. ફ્લાઈટ ઘણા સમય સુધી આકાશમાં ચક્કર મારતી રહી અને અંતે જર્મની પરત ફરી છે.

મોડી રાત્રે ફ્લાઈટ પરત ફ્રેંકફર્ટ એરપોર્ટ લેન્ડ થઈ, જ્યારે આ ફ્લાઈટને આજે સવારે હૈદરાબાદમાં લેન્ડિંગ કરવાનુ હતુ. જો કે હૈદરાબાદમાં ઉતરવાની પરવાનગી ન મળતા ફ્લાઈટ પરત ફરી શા કારણે ફ્લાઈટને આ રીતે અટકાવવી પડી તે અંગે સૂત્રો પાસેથી એવી જાણકારી મળી છે કે ફ્લાઈટને બોમ્બને ઉડાવી દેવાની ધમકી મળી હતી. આથી આ ફ્લાઈટને નીચે ઉતરવાની પરવાનગી આપવામાં ન આવી.

મળતી માહિતી મુજબ લુફ્થાન્સા એરલાઇનની ફ્લાઈટ ક્ઈ૭૫૨ ફ્રેંકફર્ટ એરપોર્ટથી ભારતીય સમય અનુસાર બપોરે ૨.૧૫ કલાકે ફ્રેંકફર્ટ એરપોર્ટ માટે રવાના થઇ હતી. આજે સવારે ૬ કલાકે રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટને ઉતરવાનું હતુ ફ્લાઈટને રસ્તામાંથી જ પાછી વાળી દેવી પડી હતી. હૈદરાબાદ એરપોર્ટના એક અધિકારીએ ઘટનાક્રમની પુષ્ટી કરી છે. અધિકારીએ જણાવ્યુ કે હૈદરાબાદથી આવેલી ફ્લાઈટને પરત ફરવુ પડ્યુ હતુ, ત્યારે ફ્લાઈટ ઈન્ડિયન એરસ્પેસની બહાર હતી.

અમદાવાદમાં ક્રેશ થયેલ એર ઈન્ડિયાનું વિમાન બોઈંગ કંપનીનું ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન હતું. એર ઈન્ડિયા એક્સપ્રેસની કોલકાતા-હિન્દ ફ્લાઈટ પણ બોઈંગ વિમાનમાં આવી હતી, પરંતુ ટેકનિકલ ખામીને કારણે ફ્લાઈટ કલાકો સુધી મોડી પડી હતી. હવે જ્યારે લુફ્થાન્સાની ફ્લાઈટ બોઈંગ વિમાનમાં આવી ત્યારે બોમ્બની ધમકી મળી હતી, તેથી ફ્લાઈટે યુ-ટર્ન લીધો હતો, પરંતુ ફ્લાઈટનું અચાનક પાછું ફરવું એ પચતું નથી, તેથી એરલાઈન્સે આ મામલાની તપાસ શરૂ કરી દીધી છે. ભારતીય ઉડ્ડયન પણ આ મામલાની સંપૂર્ણ તપાસ કરશે.

બીજી તરફ, ફ્રેન્કફર્ટ એરપોર્ટના પ્રવક્તાએ ફ્લાઈટ પરત ફરવાની પુષ્ટિ કરી છે, પરંતુ લુફ્થાન્સા એરલાઈન્સ તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. ફ્લાઈટ ઉતરતાની સાથે જ મુસાફરોને ઈમરજન્સી ગેટ પરથી નીચે ઉતારવામાં આવ્યા હતા. મુસાફરોને એક હોટલમાં રાખવામાં આવ્યા છે અને તેમની ફ્લાઈટ ફરીથી શેડ્યૂલ કરવામાં આવશે. આ વખતે ફ્લાઈટ કોઈ અન્ય એરલાઈનના વિમાનમાં જઈ શકે છે. ફ્રેન્કફર્ટ એરપોર્ટ પર બોમ્બ-ડોગ સ્ક્વોડ સાથે વિમાનની તપાસ કરવામાં આવી હતી, પરંતુ કંઈ શંકાસ્પદ મળ્યું નથી.

# ભારતમાં ઉપરાઉપરી વિમાન સંબંધિત ખરાબીઓ કેમ...?

**સમય મિરર | નવી દિલ્હી**

બોઈંગ ડ્રીમલાઈનર સિરીઝનાં વિમાનો પર ગંભીર સવાલ : સપ્તાહમાં ચોથી વાર 'ટેકનિકલ ખામી' સાથે ભારત સંબંધિત ફ્લાઈટ્સમાં અચાનક વિક્ષેપ! : AI ૧૭૧ ક્રેશથી લઈ લુફ્થાન્સા અને બ્રિટિશ એરવેઝના ડાયવર્ઝન સુધી, શું આ માત્ર સંયોગ છે કે ભયાવહ ષડયંત્ર?

'આકાશ'માં અસામાન્ય પેટર્ન : AI ૧૭૧ ક્રેશની ભયાનકતા બાદ હવે લુફ્થાન્સા, બ્રિટિશ એરવેઝ અને AI હોંગકોંગ - દિલ્હી ફ્લાઈટ્સમાં પણ ટેકનિકલ ખામીના અહેવાલો : તમામ ઘટનાઓ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન અને ભારતીય કનેક્શન ધરાવતી! : મુસાફરો અને ઉડ્ડયન ઉદ્યોગમાં ફફડાટ : તુરંત તપાસની માંગ



રાજકોટ, ૧૬ જૂન ૨૦૨૫: છેલ્લા એક સપ્તાહમાં આકાશમાં જે ઘટનાઓ બની રહી છે, તેણે ઉડ્ડયન ઉદ્યોગ અને મુસાફરોમાં ગંભીર ચિંતા અને ભયનો માહોલ સર્જ્યો છે. ખાસ કરીને, બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાનો અને ભારત સાથેના તેમના કનેક્શનને લઈને અનેક સવાલો ઉભા થયા છે. માત્ર એક જ સપ્તાહના ટૂંકા ગાળામાં આવી આ ચોથી ઘટના છે, જે કોઈ સામાન્ય સંયોગ નથી પરંતુ કોઈ ગંભીર સમસ્યા તરફ ઈશારો કરી રહી છે. આ ચારેય ઘટનાઓમાં એક સામાન્ય પેટર્ન જોવા મળી રહી છેઃ તમામ ફ્લાઈટ્સ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન હતી, અને તમામ કોઈને કોઈ રીતે ભારત સાથે જોડાયેલી હતી કાં તો ભારતમાં ક્રેશ થઈ, ભારતીય શહેર માટે હતી, કે ભારતીય મુસાફરોને લઈને જતી હતી.

ઉડ્ડયન નિષ્ણાતો અને સામાન્ય જનતામાં હવે ગંભીર ચર્ચાઓ ચાલી રહી છે કે શું આ બોઈંગ ડ્રીમલાઈનર વિમાનોના કોઈ સોફ્ટવેરમાં ગંભીર ખામી છે? કે પછી આનાથી પણ વધુ ભયાવહ કંઈક ચાલી રહ્યું છે? ચાર ઘટનાઓ, એક જ પ્રકારના વિમાન, અને ભારતીય કનેક્શન - આ બધું સામાન્ય હોઈ શકે નહીં.

ઉડ્ડયન સુરક્ષા માટે આ અત્યંત ચિંતાજનક સ્થિતિ છે. વિશ્વભરની એરલાઈન્સ અને ઉડ્ડયન સત્તાવાળાઓએ આ શ્રેણીબદ્ધ ઘટનાઓની ગંભીરતાથી નોંધ લેવી પડશે અને તાત્કાલિક ધોરણે ઊંડી તપાસ હાથ ધરવી પડશે. મુસાફરોની સુરક્ષા સર્વોપરી છે, અને આકાશમાં વારંવાર બનતી આવી 'ટેકનિકલ ખામી'ની ઘટનાઓ વિશ્વાસને ડગમગાવી રહી છે. સત્તાવાર વિગતો અને નિષ્ણાતોના અહેવાલોની તાકીદે રાહ જોવાઈ રહી છે, જેથી આ રહસ્યમય ઘટનાઓ પાછળનું સાચું કારણ બહાર આવી શકે.

### ઘટનાઓની આશ્ચર્યજનક શ્રેણી

* AI ૧૭૧ ક્રેશઃ અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ AI ૧૭૧ (બોઈંગ ડ્રીમલાઈનર) ના ભયાનક ક્રેશથી શરૂઆત થઈ, જેમાં અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા.
* લુફ્થાન્સા ફ્લાઈટનું પરત ફરવુંઃ ત્યારબાદ, લુફ્થાન્સાની હૈદરાબાદ જઈ રહેલી ફ્લાઈટ (બોઈંગ ડ્રીમલાઈનર) ને ટેકનિકલ ખામીના કારણે અધવચ્ચેથી ફ્રેન્કફર્ટ પરત ફરવાની ફરજ પડી.
* બ્રિટિશ એરવેઝનું ડાયવર્ઝનઃ બ્રિટિશ એરવેઝની ચેન્નાઈ જઈ રહેલી ફ્લાઈટ (બોઈંગ ડ્રીમલાઈનર) માં 'ફ્લેપ ફેલ્યોર' ના કારણે તેને ડાયવર્ટ કરવી પડી.
* AI હોંગકોંગ-દિલ્હીનું પરત ફરવુંઃ અને હવે, હોંગકોંગથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI૩૧૫ (બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર) ને પણ પાઈલટે શંકાસ્પદ ટેકનિકલ ખામીની જાણ કરતા અધવચ્ચેથી પરત ફરવાની ફરજ પડી છે.

## બન્ને દેશની તેલ રિફાઈનરીઓ ક્રમશ : ધ્વસ્ત થશે

# ઈરાન-ઈઝરાયેલ યુદ્ધને કારણે પેટ્રોલિયમ ભાવો હજુ ઉંચકાશે

**સમય મિરર | નવી દિલ્હી**

ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચેનું યુદ્ધ વધુને વધુ વકરવા સાથે બન્ને દેશો એકબીજાનાં પેટ્રોલીયમ ક્ષેત્રોને નિશાન બનાવવા લાગ્યા હોવાથી ક્રુડતેલનાં ભાવમાં મોટી ઈફેકટ આવવાના અને તે સંજોગોમાં મોંઘવારી ફરી બેકાબુ બનવાના ભણકારા છે.

ઈરાને ઈઝરાયેલનાં ઉતરીય શહેર હાઈફા પર બેલાસ્ટીક મિસાઈલો ઝીંકી હતી જયાં ઈઝરાયેલની કેટલીક તેલ રીફાઈનરી છે. બીજી તરફ ઈઝરાયેલે પણ ઈરાનના અનેક તેલ-ગેસ ક્ષેત્રમાં તથા રિફાઈનરીઓને નિશાન બનાવી હતી.

રીપોર્ટ પ્રમાણે ઈરાનમાં અનેક રીફાઈનરી તથા તેલ-ગેસ ક્ષેત્રો આગની લપેટમાં છે અને તેની હેઠળ



ક્રુડતેલમાં ભાવ સળગી શકે છે ૨૦ વર્ષનો સૌથી મોટો ઉછાળો આવવાના ભણકારા છે.

વિશ્વ બજારમાં આજે સવારે ડબલ્યુટીઆઈ ક્રુડ ૭૩.૭૫ ડોલર તથા બ્રેન્ડ ક્રૂડ ૭૪.૯૭ ડોલર સાંપડયુ હતું. તેમાં સરેરાશ એક ટકાનો વધારો હતો. આ પૂર્વે ગત શુક્રવારે પણ ક્રુડમાં મોટી ઉથલપાથલ જોવા મળી હતી. વૈશ્વિક નિષ્ણાંતો એવી લાલબતી ધરી રહ્યા છે કે મધ્યપૂર્વમાં તનાવ અને યુદ્ધ વકરવાના સંજોગોમાં ક્રુડતેલની કિંમત ૧૨૦ ડોલરને આંબી શકે છે.

ઈરાનની તેલ સપ્લાય અવરોધાઈ શકે છે જેવા પરીણામો ક્રુડ તેલની કિંમતમાં બહુ મોટી તેજી શકય છે. તેજી અચાનક અને એકસામટી થવાની આશંકા છે. પ્રવર્તમાન હાલત ચકાસવામાં આવે તો ઈરાનના સાઉથ પાર્સ ગેમ ફિલ્ડમાં ઈઝરાયેલ હુમલા બાદ ઉત્પાદન બંધ કરી દેવાયું છે. જયાંથી દૈનિક ૧.૨ કરોડ કયુબીક મીટર ગેસનું ઉત્પાદન થાય છે આજ રીતે પશ્ચિમ તહેરાનમાં શાહરન તેલક્ષેત્રમાં પણ પ્રચંડ આગ છે.

# ગુજરાતી ફિલ્મ નિર્માતા લાપત્તા વિમાન દુર્ઘટના તરફ શંકાની સોય

## દુર્ઘટના સ્થળથી માત્ર ૭૦૦ મીટર દૂર મોબાઈલનું છેલ્લું લોકેશન

**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદમાં ૧૨મી જૂને એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના બાદ એક ફિલ્મ મેકર ગુમ થઈ ગયા હોવાની માહિતી મળી છે. તેમના પરિવારે આશંકા વ્યક્ત કરી છે કે વિમાન દુર્ઘટનામાં તેમનું મૃત્યુ થયું હોઈ શકે છે. આ ઉપરાંત તેમના મોબાઈલ ફોનનું છેલ્લું લોકેશન દુર્ઘટના સ્થળથી માત્ર ૭૦૦ મીટર દૂર હતું. જો કે, પરિવારે ઓળખ માટે ડીએનએ સેમ્પલ સબમિટ કર્યા છે.

અહેવાલો અનુસાર, વિમાન દર્ઘટના બાદ ગુમ થયેલા ફિલ્મ મેકરની ઓળખ મહેશ કાલાવાડિયા તરીકે થઈ છે. તેને મહેશ જીરાવાલા તરીકે પણ ઓળખાય છે. તે નરોડા વિસ્તારમાં રહેતા હતા અને મ્યૂઝિક આલ્બમ બનાવતા હતા. મહેશ



કાલાવાડિયાના પત્ની હેતલે જણાવ્યું હતું કે, 'ગુરૂવારે (૧૨મી જૂન) તે લો ગાર્ડન વિસ્તારમાં મીટિંગમાં ગયા હતા. ત્યારબાદ તેમણે મને બપોરે ૧:૧૪ વાગ્યે ફોન કરીને કહ્યું કે, મીટિંગ પૂરી થઈ ગઈ છે અને હું ઘરે આવી રહ્યો છું. જ્યારે તે ઘરે પાછા ન ફર્યા, ત્યારે મેં તેમને વારંવાર કોલ કર્યા, પરંતુ તેમનો ફોન બંધ આવતો હતો. આ મામેલ મે પોલીસને જાણ કરી હતી, પોલીસ તપાસમાં તેના મોબાઈલ ફોનનું છેલ્લું લોકેશન દુર્ઘટના સ્થળથી માત્ર ૭૦૦ મીટર દૂર હોવાનું જાણવા મળ્યું.'

આ વિશે હેતલે જણાવ્યું હતું કે, 'ગુરૂવારે બપોરે ૧.૪૦ વાગ્યે (આ સમયે વિમાન દુર્ઘટના સર્જાઈ હતી) તેમના ફોનનું નેટવર્ક જતું રહ્યું હતું. હાલ તેમની કાર અને ફોનનો પત્તો મળ્યો નથી. અમે ડીએનએ સેમ્પલ આપી લીધા છે જેથી તેમને શોધી શકાય કે શું તે દુર્ઘટનામાં જમીન પર મૃત્યુ પામેલા લોકોમાં હતા.'

ઉલ્લેખનીય છે કે, અમદાવાદના મેઘાણીનગરમાં પ્લેન ક્રેશ ઘટનામાં ૨૭૮ લોકોના મોત થઈ ગયા છે. તેમાં વિમાનમાં સવાર ૨૪૧ મુસાફરો તથા મેસ અને હોસ્ટેલમાં હાજર તથા ઘટનાસ્થળની આજુબાજુમાં હાજર અન્ય લોકો પણ સામેલ છે.



# વિકાસ પુરુષ વિજયભાઈ મોક્ષધામમાં.. રાજકોટ હિબકે ચડ્યું



(તસ્વીરો : દિવ્યરાજસિંહ સરવૈયા)

પ્રવેશદ્વારથી જ સર્જાયા શોકમય દ્રશ્યો



પત્ની અંજલિબેન ભાંગી પડ્યા, પુત્ર ઋષભની સ્તબ્ધતાભરી ગમગીની




ગરીબ બાળકોના શિક્ષણ-આરોગ્ય દાતા સ્વ.વિજયભાઈને પુજિત રૂપાણી ટ્રસ્ટની વસમી વિદાય




સેવાના ભેખધારી સ્વ.વિજયભાઈના પાર્થિવ દેહને જોઈને ભૂલકાંઓ રડી પડ્યા



રૂપાણી ટ્રસ્ટ તરફ જતાં તમામ માર્ગો પર સ્વ.વિજયભાઈને ભારે હૃદયે વિદાય



ગ્રીનલેન્ડ ચોકડીએ વિજયભાઈના દર્શનાર્થે સેંકડોની ભીડ



અજાતશત્રુની અંતિમ સફરમાં તમામ રાજકીય પક્ષો, તમામ જ્ઞાતિ, સમાજના હજારો લોકો જોડાયા



મોક્ષવાહિનીમાં આવતા સ્વ.વિજયભાઈને જોઈને ચોમેર વરસી શોકમય લાગણી



સ્વ.વિજયભાઈને ગાર્ડ ઓફ ઓનર, દિગ્ગજોની અશ્રુભીની શ્રદ્ધાંજલિ




વિજયભાઈની અનંતયાત્રામાં ઠેર ઠેર ઉમટી પડ્યા શહેરીજનો



સ્વ.વિજયભાઈના નિવાસસ્થાન પાસે મંદિરે રાખવામાં આવ્યા અંતિમ દર્શન



કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યપાલ દેવવ્રત સહિતના દિગ્ગજ નેતાઓ આવ્યા અંતિમ વિદાયમાં



સી.આર.પાટિલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, સાંસદ રૂપાલા, સંગઠન મંત્રી રત્નાકર સહિતના નેતાએ આપી આખરી વિદાય

તંત્રીલેખ



# એક પ્રતિબદ્ધ નેતાની અણધારી વિદાયઃ વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ

ગઈકાલે શ્રી વિજયભાઈ રૂપાણીના પાર્થિવ દેહની અંતિમ યાત્રામાં જે રીતે સૌરાષ્ટ્રના લોકો અશ્રુભીની આંખે જોડાયા તે બતાવે છે કે, વિજયભાઈ રૂપાણી માત્ર રાજકારણની રાજગાદીઓ પર નહીં પરંતુ લોકરદયના સિહાસનપર સામ્રાજ્ય કરનારા એક અદ્વિતિય રાજનેતા હતાં. સૌરાષ્ટ્ર હંમેશા ઉત્તમ મનુષ્યોની આરાધના કરનારો પ્રદેશ છે. સૌરાષ્ટ્રમાં આમ પણ દેવોની તુલનામાં મનુષ્ય વધારે પુજાય છે. સૌરાષ્ટ્રના તમામ તિર્થધામોની પ્રદક્ષિણા કરશો તો ખ્યાલ આવશે કે કુલ તિર્થધામમાં દેવોની સામે મહાન સંતોના તિર્થધામો વધારે છે. સૌરાષ્ટ્રના આવા હૃદયમાં વિજયભાઈ રૂપાણીએ એક અવિચળ આસન જમાવેલ છે. તેમના વ્યક્તિત્વની સાદગી તેમનો હળવો સ્વભાવ, કદી કોઈના પર ગુસ્સે ન થવાની પદ્ધતિ જેનો વાંક હોય એને વાંકને બદલે માર્ગદર્શન આપવાની પ્રથા અને કદી પણ અભિમાન ન કરવાની પદ્ધતિને કારણે તેઓ ખરા અર્થમાં આમ જનતામાં લોકપ્રિય થયા ભાજપના ઘણા નેતાઓ ખાસ જનતામાં લોકપ્રીય હોય છે. પરંતુ આમ જનતામાં લોકપ્રિય હોતા નથી. રાજકોટે વિજયભાઈ રૂપાણી પ્રત્યે વ્યક્ત કરેલી શ્રદ્ધાંજલી જ બતાવે છે કે, છેલ્લા ઘણા વર્ષોથી રાજકોટને આવા નેતા મળ્યા ન હતાં. અને હવે હજુ પણ ક્યારે મળશે તે નક્કી નથી. એટલે કે, રાજકોટની લાગણીસીલ પ્રજાને તો પોતે પોતાનો રાંકનું રતન ખોયું હોય એવી ભાવના થઈ છે. વિજયભાઈ રૂપાણીની સરકારના સંચાલન બાબતની કાર્યપદ્ધતિ બહુ ઓછા લોકો જાણે છે. તેઓ ઓફિસેથી પોતાની કારની પાછલી આખી સીટ ભરી ફાઈલો ઘરે લઈ જતાં રાતના મોડે સુધી એનો અભ્યાસ કરતા અને પછી જ બીજા દિવસની મીટીંગમાં પુરેપુરા હોમવર્ક સાથે પ્રસ્તૃત થતાં પોતે જે ન જાણતા હોય એ વિશે જાહેરમાં પુછતાં પણ તેમને કોઈ દિવસ સંકોચ થતો નહીં. તેમની બાજુમાં નિતિન પટેલ બેઠા હોય અને પ્રેસ કોન્ફરન્સમાં કોઈ અણધાર્યો પ્રશ્ન આવે તો તેઓ નિસંકોચ ચાલુ કોન્ફરન્સે નિતિન પટેલને પુછી લેતા કે આમા ખરેખર શું છે? અને એ જે જવાબ આપે એ જવાબ પોતે પત્રકારોને આપતા તેમની જગ્યાએ બીજા જે કોઈ મુખ્યમંત્રીઓ થઈ ગયા તેમણે કદી પણ ચાલુ પત્રકાર પરિષદે પોતાના સાથીદારોને પ્રશ્ન પુછ્યો નથી અને જે કોઈ પ્રશ્ન હોય તેનો અડધો, આખો, કે ગોળગોળ જવાબ આપી દીધો છે. વિજયભાઈની નિકાલસતા એમની રાજકીય કારકીર્દીનો એક આભૂષણ બની રહી હતી. રાજકોટમાં તેમણે નાના-મોટા અનેક લોકોના અનેક પ્રકારના કામમાં નિષ્ઠા દાખવી છે. ગાંધીનગરમાં એવા પણ લોકો અહીંથી જતા હતા કે તેઓ ત્યાં જઈને માત્ર એટલુ જ કહેતા હતાં કે, સાહેબ હું રાજકોટથી આવ્યો છું અને મારે આ પ્રશ્ન છે. એમને પણ તેમણે કદી નિરાશ કર્યા નથી. સરકારી નિયમોમાં આવી શકે એમ હોય એવા તમામ કામ તેમણે હસ્તા-રમતા કરી આપ્યા છે. વળી કદી પણ પોતે કરેલા ઉપકારનો બદલો લેવાની ભાવના રાખી નથી. અને કદી તેઓ યાદ પણ કરાવતા નથી કે, મે તમારુ આ કામ કરી દીધુ હતું. રાજકારણમાં આ પ્રકારની પ્રતિભાઓનો દુષ્કાળ છે એ સૌ જાણે છે. એટલે જ સૌરાષ્ટ્રને એક વિરલ વ્યક્તિત્વ ગુમાવ્યાનો અફસોસ છે.

હૃદય ધબકાર ચૂકી જાય તેવી વિમાની દુર્ઘટનામાં જેમનાં પણ મૃત્યુ થયાં છે તે પ્રત્યેકની જિંદગી અમૂલ્ય જ હતી, પરંતુ આ દુર્ઘટનામાં ગુજરાતે અને ભારતીય જનતા પાર્ટીએ એક પ્રતિબદ્ધ, કર્મઠ અને પોતાનાં કામને સમર્પિત નેતા ગુમાવ્યા છે. ગુજરાતના જાહેર જીવનને, રાજકીય ક્ષેત્રને થયેલી આ ક્ષતિ સામાન્ય નથી. વિજય રૂપાણીની આમ અચાનક વિદાયથી રાજકોટ-સૌરાષ્ટ્ર અને ગુજરાત ભાજપના હજારો કાર્યકર્તા, રૂપાણીના પરિવાર જ નહીં પરંતુ સાવ સામાન્ય જનતાએ પણ પોતાની વ્યક્તિ ગુમાવ્યાની ગ્લાનિસભર અનુભૂતિ કરી છે. જો કે, વિજયભાઇની નિષ્ઠા, નિરાશ થયા વગર કર્મ કર્યે રાખવાના અભિગમને લીધે તેમની કારકિર્દી ફક્ત રાજકોટ સુધી સીમિત ન રહી. ભારતીય જનતા પાર્ટીએ વિજયભાઈના 'સૌને સાથે રાખીને ચાલવાનાં' વલણને ધ્યાને રાખીને પ્રદેશ મહામંત્રી, પ્રદેશ પ્રવક્તા, પ્રદેશ પ્રમુખ સહિતની મહત્ત્વની જવાબદારી આપી. કાર્યકર્તાઓની એક મોટી હરોળ તેમણે તૈયાર કરી, તો સામે વીસ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષ, મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનું અધ્યક્ષપદ, રાજ્યસભામાં સદસ્યતા, ધારાસભ્યપદ, રાજ્યની કેબિનેટમાં સ્થાન, મુખ્યમંત્રી પદ અને છેલ્લે પંજાબ રાજ્યના પ્રભારી પણ બનાવ્યા. તેમની આવડત, સૂઝ અને ધૈર્યને લીધે પાર્ટી એ આવી જવાબદારીઓ સોંપી. સૌથી અગત્યનું એ છે કે, જ્યારે તેમને જે સોંપાયું ત્યારે તે નિષ્ઠાથી કર્યું, પરંતુ કોઈ અપેક્ષા તેમણે પક્ષ પાસે રાખી નહોતી. ૧૯૯૫માં સત્તા મળ્યા પછી થોડા જ સમયમાં ગુજરાત ભાજપનો કપરોકાળ શરૂ થયો,

પાર્ટી તૂટી ત્યારે અને ત્યાર પછીના તમામ સંજોગો-સ્થિતિમાં વિજયભાઈ પક્ષની સાથે રહ્યા. 'વ્યક્તિ સે બડા દલ, દલ સે બડા દેશ' સૂત્રનો તેમણે ચુસ્ત અમલ પણ કર્યો. મુખ્યમંત્રી તરીકે કેશુભાઈ પટેલ હોય, સુરેશ મહેતા, નરેન્દ્ર મોદી કે આનંદીબેન પટેલ, વિજયભાઈ હંમેશાં તેમની 'જમણી તરફ' ચાલ્યા અને રહ્યા. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે કરેલાં કામો ઉલ્લેખનીય છે. તેમના કાર્યકાળ દરમિયાન તાઉતે વાવાઝોડું, કોરોના જેવી વિપદાઓ આવી, તેમાં પણ સામા પ્રવાહે તરીને તેમણે પ્રજાલક્ષી કામો કર્યાં. ગુજરાતમાં પ્રથમ એઈમ્સ, સૌરાષ્ટ્રને ઈન્ટરનેશનલ એરપોર્ટ અપાવવામાં તેમના સંનિષ્ઠ પ્રયાસ હતા. રાજકોટ-અમદાવાદ વચ્ચેનો સિક્સલેન હાઈ-વે, અદ્યતન ટેક્નોલોજીથી બનેલા બ્રિજ સહિતનાં કાર્યોથી તેમણે રાજ્યના વિકાસને ગતિ આપી. સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકેનું બિરુદ મેળવ્યું, કરુણા અભિયાન અંતર્ગત પશુઓ-પક્ષીઓ માટે મોબાઈલ દવાખાનાં, એમ્બ્યુલન્સ, શ્રમિકો માટે દસ રૂપિયામાં ભોજન જેવી યોજના, વરિષ્ઠ નાગરિકો માટે તીર્થયાત્રા જેવાં કાર્યો તેમના નેતૃત્વવાળી સરકારમાં થયા. જ્યારે જ્યારે પક્ષ નાજૂક સ્થિતિમાંથી પસાર થયો ત્યારે કોઈ પણ પ્રલોભનને વશ થયા વગર પ્રતિબદ્ધતા, પરિપક્વતાથી કાર્ય કરનાર એક કાર્યકર્તા-નેતા ભાજપે ગુમાવ્યા છે.

મુખ્યમંત્રી પદે બીજી ટર્મ હતી, પક્ષે આદેશ કર્યો તો કોઈ પ્રશ્ન પૂછયા વગર તેમણે રાજીનામું આપી દીધું, ફરી પક્ષનાં અન્ય કામમાં લાગી ગયા. બીજી ટર્મ થોડી ચર્ચાસ્પદ પણ રહી. અનેક આક્ષેપો કર્ણોપકર્ણ થયા. પદત્યાગ પછી તેમના વિશે અનેક વાતો ફેલાવવામાં આવી, પરંતુ તેઓના ચહેરા પર બે બાબત શાશ્વત રહેતી, મૌન અને સ્મિત. સામાન્ય જનતાને પણ હંમેશાં પોતાની નજીકના તેઓ લાગ્યા હતા. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતાએ પણ વિમાન દુર્ઘટનામાં ૧૯૬૫માં પોતાના પ્રાણ ખોયા હતા. અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી દોરજી ખાંડુનું અપમૃત્યુ પણ વિમાન દુર્ઘટનામાં ૨૦૧૧ના એપ્રિલમાં થયું હતું. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એસ. વાય. રાજશેખરનું હેલિકોપ્ટર કુર્નુલમાં ક્રેશ થયું અને તેમનું મૃત્યુ થયું હતું. સંજય ગાંધી, માધવરાવ સિંધિયા જેવા નેતાઓએ પણ દુર્ઘટનામાં જીવ ગુમાવ્યાનું તવારીખમાં દર્જ છે. વિજય રૂપાણીની આ અણધારી વિદાય એવે સમયે છે જ્યારે તેમણે જાહેર જીવન, રાજનીતિમાં સુદીર્ઘ કારકિર્દી વીતાવી છે છતાં પક્ષને તેમની જરૂર હતી. પ્રજાને તેમના પ્રત્યે પ્રેમ હતો.

# G7 આમંત્રણ અને શીખ સંગઠનોનો વિરોધ

## વડા પ્રધાન નરેન્દ્ર મોદી કેનેડામાં G7 શિખર સંમેલનમાં ભાગ લેવા પહોંચી રહ્યા છે, ત્યારે ત્યાં કેટલાક શીખ અલગતાવાદી સંગઠનો દ્વારા તેમની મુલાકાતના વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે

નવા વડા પ્રધાન માર્ક કાર્નીએ જી-૭ શિખર સંમેલનમાં ભારતને આમંત્રણ આપ્યું તેના એક અઠવાડિયા પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદી કેનેડા જવા રવાના થઈ ગયા છે.

પીએમ મોદી કેનેડા પહોંચે તે અગાઉ ત્યાં કેટલાંક શીખ અલગાવવાદી સંગઠનો તેમની વિરુદ્ધ પ્રદર્શનોની તૈયારી કરી રહ્યાં છે. તેઓ પીએમ મોદીને અપાયેલા આમંત્રણનો વિરોધ કરી રહ્યાં છે.

અગાઉ શનિવારે ઓટાવામાં શીખ સમુદાયના કેટલાક લોકોએ સંસદ સામે વિરોધપ્રદર્શનો કર્યાં હતાં.

પરંતુ જાણકારો કહે છે કે મોદીની આ મુલાકાતથી ભારત અને કેનેડાના સંબંધોમાં સુધારો આવી શકે છે, તથા બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વ્યાપાર સંબંધો પણ સુધરી શકે છે.

કેનેડા પહોંચતા પહેલાં પીએમ મોદી ૧૫ અને ૧૬મી જૂના સાઇપ્રસમાં રહેશે. ત્યાર પછી મોદી કેનેડાના અલ્બર્ટા પ્રાંતમાં સ્થિત કેનેનાઇસ્કિસ જશે. અહીં તેઓ જી-૭ શિખર સંમેલનમાં ભાગ લેશે અને ૧૮ જૂને ક્રોએશિયા જવા રવાના થશે. પીએમ મોદીની વિદેશયાત્રા અંગે આ માહિતી વિદેશ મંત્રાલયે આપી છે.

ભારત જી-૭નો સભ્ય દેશ નથી. જી-૭ સમૂહમાં બ્રિટન, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, જાપાન અને અમેરિકા સામેલ છે. પરંતુ ૨૦૧૯થી ભારતને જી-૭ શિખર સંમેલનોમાં આમંત્રિત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૫ પછી વડા પ્રધાન મોદીનો આ પ્રથમ કેનેડા પ્રવાસ હશે. એવું માનવામાં આવે છે કે મોદીની સાથે સાથે માર્ક કાર્ની માટે પણ આ કૂટનીતિક પરીક્ષા હશે.

૨૦૧૫થી અત્યાર સુધીમાં ૧૦ વર્ષમાં ભારત અને કેનેડા વચ્ચે ઘણું બદલાઈ ગયું છે. ૨૦૨૩માં કેનેડામાં ખાલિસ્તાન સમર્થક હરદીપસિંહ નિજ્જરની હત્યા કરવામાં આવી હતી. કેનેડાના તત્કાલીન વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ તેમાં ભારત સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો. ત્યાર પછી બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો. ભાજપે આ આરોપો ફગાવ્યા હતા.

હવે કેનેડામાં જસ્ટિન ટ્રૂડો પીએમ નથી રહ્યા. જોકે, ટ્રૂડોની પાર્ટી સત્તા પર છે અને આ વર્ષે સામાન્ય ચૂંટણી પછી માર્ક કાર્ની કેનેડાના વડા પ્રધાન બન્યા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જી-૭ માટે આમંત્રણ મળ્યા પછી કેનેડાનાં કેટલાક શીખ સંગઠનો નારાજગી વ્યક્ત કરી રહ્યાં છે.

સ્થાનિક મીડિયા ઓટાવા સિટિઝન મુજબ, શનિવારે શીખ સમુદાયના કેટલાક લોકોએ પાર્લામેન્ટ હિલમાં વિરોધ વ્યક્ત કર્યો હતો. તેમાંથી ઘણા લોકોના હાથમાં ખાલિસ્તાન સમર્થક ઝંડા હતા.

ગયા અઠવાડિયે આ શીખ સંગઠનોએ માર્ક કાર્નીને અપીલ કરી હતી કે તેઓ મોદીને જી-૭ માટે અપાયેલું આમંત્રણ રદ કરે.

વર્લ્ડ શીખ ઑર્ગેનાઇઝેશન કેનેડા અને શીખ ફેડરેશન કેનેડા જેવાં જૂથના પ્રતિનિધિઓનું કહેવું છે કે ભારત જ્યાં સુધી નિજ્જર મામલે તપાસમાં સહયોગ ન આપે અને કેનેડાની બાબતોમાં દખલગીરી તથા કેનેડામાં શીખોને નિશાન બનાવવાનું બંધ ન કરે, ત્યાં સુધી પીએમ મોદીને અપાયેલું આમંત્રણ પાછું ખેંચી લેવું જોઈએ.

જોકે, ભારત સરકારે ભૂતકાળમાં આ પ્રકારના આરોપોનો સતત ઇન્કાર કર્યો છે.

જૂન ૨૦૨૩માં કેનેડાના ભૂતપૂર્વ વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ આરોપ લગાવ્યો કે કેનેડામાં શીખ અલગતાવાદી નેતા હરદીપસિંહ નિજ્જરની ૧૮ જૂન, ૨૦૨૩ના રોજ થયેલી હત્યામાં ભારત સામેલ હતું. ત્યાર પછી કેનેડા અને ભારતના સંબંધોમાં તણાવ સર્જાયો.

ભારત સરકારે નિજ્જરની હત્યામાં પોતે સામેલ હોવાનો ઇન્કાર કર્યો છે.

ભારતે કેનેડા પર શીખ અલગતાવાદીઓને આશરો આપવાનો આરોપ લગાવ્યો છે. ભારતે ૨૦૨૦માં હરદીપસિંહ નિજ્જરને 'આતંકવાદી' જાહેર કર્યા હતા.

સમાચાર એજન્સી રોયટર્સ મુજબ શીખ ફેડરેશન કેનેડાના પ્રવક્તા મોનિંદરસિંહનું કહેવું છે કે પીએમ મોદીને અપાયેલા આમંત્રણમાં કેટલીક શરતો રાખવી જોઈએ.

તેમનું કહેવું છે કે, ''તેમની સાથે કોઈ પણ મિટિંગ એ શરતે થવી જોઈએ કે તેઓ અને તેમની સરકારે અત્યાર સુધીમાં જે બહાર આવ્યું છે તેની જવાબદારી લેશે કે નહીં.''

બ્રિટિશ કોલંબિયાના સરેસ્થિત ગુરુદ્વારાના સભ્યોએ વડા પ્રધાન કાર્નીને પત્ર લખીને કેનેડા સરકારને અનુરોધ કર્યો છે કે તેઓ ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આગામી જી-૭ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે અપાયેલું આમંત્રણ રદ કરી દે.

૨૦૨૩માં હરદીપસિંહ નિજ્જરની જ્યાં હત્યા કરવામાં આવી હતી તે ગુરુ નાનક શીખ ગુરુદ્વારાએ કહ્યું કે તે આ આમંત્રણથી નિરાશ અને ચિંતિત છે.

તેમના પત્રમાં કહેવામાં આવ્યું છે, ''શીખ સમુદાય આ કૂટનીતિક કાર્યવાહીને ન્યાય, નાગરિક સુરક્ષા અને રાષ્ટ્રની સંપ્રભુતા પ્રત્યે કેનેડાની પ્રતિબદ્ધતાને નબળી કરનાર માને છે, જે સંભવતઃ રાજ્ય દ્વારા પ્રાયોજિત હિંસા અને વિદેશી હસ્તક્ષેપ પ્રત્યે સહિષ્ણુતાનો સંકેત આપે છે.''

કેનેડાના સમય પ્રમાણે અહીં લોકો અને કાર્યકર્તાઓ વિરોધપ્રદર્શનની યોજના ઘડી રહ્યા છે.

કેનેડાની સરકારી ન્યૂઝ ચેનલ સીબીસી મુજબ શનિવારે અલ્બર્ટાના કેલેગરી શહેરમાં સામાજિક કાર્યકર્તા એકઠા થયા હતા અને રવિવારે થનારા પ્રદર્શનો માટે 'પીપલ્સ ફોરમ'નું આયોજન કર્યું હતું.

કેનેડા શીખ ફેડરેશનના પ્રવક્તા મોનિંદરસિંહે કહ્યું કે, ''પીએ મોદી દેશ બહાર જતા ન રહે, ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવામાં આવે તે ચર્ચાનો વિષય રહ્યો હતો.''

કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની દ્વારા વડા પ્રધાન મોદીને અપાયેલા આમંત્રણને ઘણા લોકો એક મહત્ત્વની રાજકીય પહેલ અને ભારત-કેનેડાના સંબંધોમાં એક નવી સંભાવના તરીકે જુએ છે.

મોન્ટ્રીયલસ્થિત ઇન્ડિયા કેનેડા ઑર્ગેનાઇઝેશન (આઈસીઓ)ના ઉપાધ્યક્ષ હરજીતસિંહ સંધુએ જણાવ્યું કે, ''અમે આપનું (મોદી) કેનેડામાં હાર્દિક સ્વાગત કરીએ છીએ અને તમારા આગમનથી ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે તેવી આશા રાખીએ છીએ.''

કેનેડામાં વસતા પત્રકાર હરપ્રીતસિંહે પણ આવી જ લાગણી વ્યક્ત કરી છે.

હરપ્રીતસિંહનું કહેવું છે કે, ''અમારા વડા પ્રધાન માર્ક કાર્નીએ વડા પ્રધાન મોદીને આમંત્રણ આપ્યું તે આવકાર્ય પગલું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારત અને કેનેડા વચ્ચે કેટલાક મુદ્દા હતા અને મને આશા છે કે આ બેઠક દરમિયાન પ્રશ્નો ઉકેલાશે, એક નવો રસ્તો પસંદ કરવામાં આવશે જેથી બંને દેશો વિકસીત અને સમૃદ્ધ બનશે. આપણે વેપાર, ટેકનોલોજી અને રોકાણમાં વધુ સારા સંબંધ સ્થાપવાની જરૂર છે. ભારત અને કેનેડા બંને સમૃદ્ધ બની શકે છે.''

કેનેડાના વિરોધપક્ષ ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના નેતા અને વેનકુંવર ઈસ્ટનાં સાંસદ જેની ક્વાને કાર્ની સરકારના નિર્ણયની ટીકા કરી છે.

તેમણે ઍક્સ પર લખ્યું છે, ''મોદી માટે લાલ જાજમ પાથરવી યોગ્ય નથી, કારણ કે ભારત કેનેડાના અધિકારીઓને સહયોગ નથી આપતું અને હત્યાઓની જવાબદારી લેવાનો ઇન્કાર કરે છે. આ પગલું આપણા દેશમાં હસ્તક્ષેપ અને હિંસા માટે વિદેશી શક્તિઓને જવાબદાર ઠરાવવાના પ્રયાસોને નબળું બનાવે છે.''

પ્રસંગ રંગ

ન્યૂ જર્સીમાં ગ્લોબલ ઇન્ડિયન ડાયસ્પોરા ઍલાયન્સના વડા એચ. એન. પાનેસરે આ પ્રવાસને બિરદાવતા કહ્યું કે, ''ભારત-કેનેડાના સંબંધોને ફરીથી સ્થાપિત કરવા અને પુનઃનિર્માણ માટે એક મહત્ત્વની ક્ષણ'' છે.

પાનેસરે એએનઆઈને જણાવ્યું કે, ''જૂન ૨૦૨૫ સુધી વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જી-૭ શિખર મંત્રણામાં ભાગીદારીને ભારતીય પ્રવાસી અને દ્વિપક્ષીય સંબંધોમાં તાજેતરમાં આવેલા તણાવને દૂર કરવાના અને સુધારવાની એક મહત્ત્વની તક તરીકે જોવામાં આવે છે.''




ગયા મહિને ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર અને કેનેડાનાં વિદેશ મંત્રી અનીતા આનંદે ફોન પર વાત કરી હતી.

બંને વચ્ચે દ્વિપક્ષીય આર્થિક સહકાર વધારવા અને સમાન પ્રાથમિકતાઓને આગળ વધારવા વિશે વાત થઈ હતી.

ભારત અને કેનેડાના વડા પ્રધાનોની જી-૭ કેનેડા શિખર સંમેલન દરમિયાન મુલાકાત વિશે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલનું નિવેદન પણ બહાર આવ્યું છે.રણધીર જયસ્વાલે પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું કે, ''બંને વચ્ચે આગામી બેઠકમાં પરસ્પર સન્માન, સમાન હિત અને એકબીજાની ચિંતા પ્રત્યે સંવેદનશીલતાના આધારે સંબંધોને ફરીથી સ્થાપિત કરવાના રસ્તા શોધવામાં મદદ મળશે.''

બ્લૂમબર્ગના અહેવાલ પ્રમાણે ભારત અને કેનેડાએ આતંકવાદ અને અપરાધ વિશે ગુપ્ત માહિતીનું આદાનપ્રદાન કરવા સમજૂતી કરી છે.

રિપોર્ટ પ્રમાણે ''કેનેડા અને ભારતની સરકારો સરહદે અપરાધ વિશે માહિતીની આપ-લે માટે એક નવી વ્યવસ્થા બનાવવા જઈ રહી છે. સંબંધો મજબૂત બનાવવાની દિશામાં આ નવું પગલું છે.''

આ રિપોર્ટમાં ઓળખ જાહેર ન કરવાની શરતે અધિકારીઓને ટાંકીને જણાવાયું હતું કે, ''બંને દેશની કાનૂની એજન્સીઓ સામેલ છે તેવી નવી વ્યવસ્થાના કારણે આંતરરાષ્ટ્રીય ગુનાખોરી અને સિન્ડિકેટેડ, આતંકવાદ અને કટ્ટરપંથી ગતિવિધિઓ પર માહિતીની આપ-લે કરી શકાશે.''

તાજેતરના જી-૭ શિખર સંમેલનને ભારત અને કેનેડા વચ્ચે સંબંધો સુધારવાના પ્રયાસ તરીકે પણ જોવામાં આવે છે, પરંતુ નિજ્જરની હત્યાની તપાસનો મુદ્દો હજુ ઉકેલાયો નથી.

ભારત પછી દુનિયામાં શીખોની સૌથી વધારે વસતી કેનેડામાં છે. અહીં લગભગ આઠ લાખ શીખ વસે છે જેઓ કુલ વસ્તીના ૨.૧ ટકા છે. ૨૦૨૧ની વસતી ગણતરી મુજબ શીખ અને કેનેડામાં ચોથા ક્રમે સૌથી મોટો ધર્મ છે. શીખ સમુદાયમાં કેટલાક ખાલિસ્તાન તરફી ઍક્ટિવિસ્ટ પણ સામેલ છે જેઓ ભારતથી અલગ એક અલગ શીખ ખાલિસ્તાનની માંગણી કરે છે.

ભારતે આ માંગણીનું સમર્થન કરનારા લોકો સામે સખત કાર્યવાહીની માંગણી કરી છે. જ્યારે કેનેડાનો આરોપ છે કે ભારત કેનેડાની ધરતી પર શીખ કાર્યકરોને નિશાન બનાવીને વ્યાપક અભિયાન ચલાવે છે.

ડેવિડ મેકિનને જર્મન બ્રોડકાસ્ટર ડીડબલ્યૂએ જણાવ્યું કે, ''કેનેડામાં ખાસ કરીને લિબરલ પાર્ટીની અંદર આ નિર્ણયની રાજનીતિ સરળ ન હતી, પરંતુ કાર્નીએ યોગ્ય નિર્ણય લીધો. અહીં એ યાદ અપાવવું જરૂરી છે કે વિપક્ષના નેતા પિયરે પોલિવિયરે પણ તેનું તરત સ્વાગત કર્યું હતું.''

જોકે, મેકિનને કહ્યું કે બંને પક્ષ વચ્ચે બધું સામાન્ય થઈ ગયું છે તેમ કહેવું હજુ વધારે પડતું વહેલું ગણાશે.

કેનેડાના ભૂતપૂર્વ આરોગ્ય મંત્રી ઉજ્જલ દોસાંજનું માનવું છે કે, ''જી-૭ ભારત અને કેનેડાના તણાવપૂર્ણ સંબંધોને ફરીથી સ્થાપિત કરવાનો એક બહુ મહત્ત્વનો અવસર આપે છે. ખાસ કરીને ખાલિસ્તાનના મુદ્દે લાંબા સમયથી ચાલતા તણાવના કારણે.''

સમાચાર એજન્સી એએનઆઈ સાથે વાતચીતમાં દોસાંજ કહે છે, ''નેતાઓને ખબર છે કે કોઈ દેશ સાથે સમસ્યા થાય તો પણ તેના મહત્ત્વને નજરઅંદાજ નહીં કરી શકાય. તેઓ અંદરોઅંદર બહાલ કરવાના રસ્તા શોધી લે છે. એવું લાગે છે કે કાર્ની પણ આ પદ્ધતિ અપનાવી રહ્યા છે.''

વિદેશ નીતિના વિશ્લેષક માઇકલ કુગલમેન કહે છે કે દ્વિપક્ષીય સંબંધોને સુધારવાથી જ ખાલિસ્તાનના મુદ્દાને સંભાળી શકાય છે.

ફોરેન પોલિસી મેગેઝિન માટે લખેલા લેખમાં માઇકલ કુગલમેન કહે છે, ''ખાલિસ્તાનનો મુદ્દો નિશ્ચિત રીતે નડતરરૂપ છે અને શીખ કાર્યકરો વિરોધપ્રદર્શનો દ્વારા મોદીની યાત્રાને બગાડવાનો પ્રયાસ કરશે, તો તે ફરીથી ભડકી શકે છે. પરંતુ બીજા ક્ષેત્રોમાં સંબંધ સુધરે તો તેને સંભાળવાનું કામ આસાન થઈ શકે છે.''

કુગલમેનનું માનવું છે કે બંને દેશો પાસે દ્વિપક્ષીય વ્યાપારને વધારવા માટે મજબૂત કારણો છે કારણ કે અમેરિકાની ટેરિફ નીતિ ભારત અને કેનેડા બંનેને અસર કરી શકે છે.

સ્વસ્તિ રાવ આંતરરાષ્ટ્રીય સંબંધોનાં નિષ્ણાત છે અને મનોહર પારિકર ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિફેન્સ સ્ટડીઝ સાથે સંકળાયેલાં છે.

જી-૭ અને કેનેડાના સંબંધો વિશે બીબીસી સાથે વાત કરતાં સ્વસ્તિ રાવે કહ્યું કે, ''જસ્ટિન ટ્રૂડો સ્થાનિક રાજનીતિમાં અટવાયેલા હતા, હવે માર્ક કાર્ની આવ્યા છે. તેઓ સારી રીતે જાણે છે કે ભારત વગર દુનિયામાં કોઈ મોટી આર્થિક યોજનાને આકાર આપી શકાય તેમ નથી.''

''માર્ક કાર્ની ફટાફટ કંઈ બદલી નહીં શકે. તેઓ પણ સ્થાનિક રાજનીતિને જોઈને પગલાં લેશે, પરંતુ ભારત માટે આ સારી તક છે. આપણે પણ ધીમે-ધીમે સંબંધોને આગળ વધારીને વાતચીતનો ક્રમ સ્થાપિત કરીશું.''

# ભગવાન જગન્નાથને માલપુઆ કેમ ચડાવવામાં આવે છે?

જગન્નાથ રથયાત્રા એક મહત્વપૂર્ણ ધાર્મિક યાત્રા છે જે દર વર્ષે અષાઢી બીજના દિવસે ઉજવવામાં આવે છે. આ દરમિયાન ભગવાન જગન્નાથને માલપુઆનો ખાસ પ્રસાદ આપવામાં આવે છે જે તેમને ખૂબ જ પ્રિય છે. આ માલપુઆ ભગવાન પ્રત્યે પ્રેમ અને ભક્તિનું પ્રતીક છે. ભગવાનને તે અર્પણ કરવાથી તેમની રથયાત્રા શુભ બને છે.આ વખતે અષાઢી બીજ ૨૭ જૂનના રોજ મનાવવામાં આવશે. આ દિવસે અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા કાઢવામાં આવશે, જેમાં ભગવાન જગન્નાથ તેમના મોટા ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રા સાથે તેમના મામાના ઘરે જાય છે. ભગવાનને વિવિધ પ્રકારના પ્રસાદ ચઢાવવામાં આવે છે, જેમાં માલપુઆનું એક વિશેષ સ્થાન છે, તો ચાલો જાણીએ તેની પાછળનું રહસ્યભગવાન જગન્નાથને માલપુઆ ખૂબ જ ગમે છે, અને આ પરંપરા દાયકાઓ જૂની છે. રથયાત્રાના દિવસે, જ્યારે ભગવાન તેમના ભાઈ-બહેનો સાથે રથ પર સવારી કરીને નગર ભ્રમણ પર જાય છે, ત્યારે માલપુઆ તેમને ખાસ ચઢાવવામાં આવે છે. આ માલપુઆ ફક્ત રથયાત્રાના દિવસે જ બનાવવામાં આવે છે અને ભગવાનને અર્પણ કર્યા પછી તેને ભક્તોમાં વહેંચવામાં આવે છે.

**ભગવાન તેમના ભાઈ-બહેનો સાથે રથ પર સવારી કરીને નગર ભ્રમણ પર જાય છે, ત્યારે માલપુઆ તેમને ખાસ ચઢાવવામાં આવે છે**



### માલપુઆ ભોગનું ધાર્મિક મહત્વ

- માલપુઆ એ ભગવાન પ્રત્યેના પ્રેમ અને ભક્તિનું પ્રતીક છે. હિન્દુ ધર્મમાં માલપુઆને સમૃદ્ધિ અને શુભતાનું પ્રતીક માનવામાં આવે છે, કોઈપણ શુભ કાર્ય કે તહેવાર પર માલપુઆ બનાવીને અર્પણ કરવા શુભ માનવામાં આવે છે.
- એવું માનવામાં આવે છે કે માલપુઆ ચઢાવવાથી ભગવાન પ્રસન્ન થાય છે અને તેમની રથયાત્રા શુભ બને છે. આ યાત્રા લાંબી અને મહત્વપૂર્ણ છે અને આ સમય દરમિયાન વ્યક્તિએ ભગવાનને પોતાનો મનપસંદ ખોરાક ચઢાવવો જોઈએ.
- માલપુઆ જેવી પરંપરાગત અને ઘરે બનાવેલી મીઠાઈઓ ચઢાવવાથી સંબંધોમાં મીઠાશ આવે છે.
- ભગવાન જગન્નાથ રથયાત્રા માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી પરંતુ પરંપરા, પ્રેમ અને ભક્તિનું જીવંત ઉદાહરણ છે.
- માલપુઆનું દાન આ યાત્રાનો એક અભિન્ન ભાગ છે, જે ભક્તોની ભક્તિ અને ભગવાન પ્રત્યેના તેમના ઊંડા પ્રેમને દર્શાવે છે. આ પ્રસાદ મેળવવા માટે ભક્તો કલાકો સુધી ભીડમાં ઉભા રહે છે, આ ફક્ત મીઠાઈ નથી પણ ભગવાનનો આશીર્વાદ છે.

# ચોમાસામાં દરરોજ ખાઓ આ લીલું ફળ, જાણો તેના ગુણ અને ફાયદા



**ફળો આપણા સ્વાસ્થ્ય માટે અત્યંત લાભદાયી હોય છે. તે શરીરને ફાઈબર પૂરું પાડવાની સાથે અનેક પ્રકારના રોગોથી પણ રક્ષણ આપે છે.**

ફળો આપણા સ્વાસ્થ્ય માટે અત્યંત લાભદાયી હોય છે. તે શરીરને ફાઈબર પૂરું પાડવાની સાથે અનેક પ્રકારના રોગોથી પણ રક્ષણ આપે છે. ચોમાસાની ઋતુમાં એક ખાસ લીલું ફળ એવું છે જેને 'અમૃત ફળ' માનવામાં આવે છે- તે છે નાસપતી. નાસપતી એક મોસમી ફળ છે, તે આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભકારક સાબિત થાય છે. નાસપતી માત્ર સ્વાદિષ્ટ જ નહીં, પરંતુ આરોગ્યની દ્રષ્ટિએ પણ ઔષધીય ગુણોથી ભરપૂર છે. આયુર્વેદમાં તેને 'બળવર્ધક ફળ' તરીકે ઓળખવામાં આવે છે. નાસપતીમાં ફોલેટ, વિટામિન ઈ અને પોલીફેનોલ જેવા શક્તિશાળી એન્ટીઑકિસડન્ટ્સ જોવા મળે છે. નાસપાતીમાં હાજર પોટેશિયમ અને એન્ટીઑકિસડન્ટ ગુણધર્મો બ્લડ પ્રેશરને કંટ્રોલ કરવામાં મદદ કરે છે, જે હાર્ટ એટેકનું જોખમ ઘટાડે છે.

નાસપતીમાં વિટામિન-ઈ અને એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે, જે શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે.

નાસપાતીમાં ભરપૂર માત્રામાં ફાઇબર હોય છે, જે કબજિયાત અને પેટની અન્ય સમસ્યાઓ દૂર કરે છે.

આ ફળ ઓછી કેલરી અને હાઈ ફાઇબરથી ભરપૂર હોય છે. તેને ખાવાથી ભૂખને કંટ્રોલ કરવામાં મદદ મળે છે અને મેટાબોલિઝમને પણ મજબૂત બને છે.

નાસપાતીમાં જોવા મળતા વિટામિન અને પોષક તત્વો ત્વચાને ચમકદાર બનાવે છે અને વાળને પોષણ આપે છે.

નાસપતી ખાવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. આ ફળ ખાવાથી હાડકાં પણ મજબૂત બને છે અને તે વજન ઘટાડવા માટે પણ ફાયદાકારક છે.







# પ્રાચીન કાળમાં આમ્રપાલી અને વૈશાલી રાજનર્તકીઓ તેમની મહેકથી જાણીતી હતી



આજના જમાનામાં મિત્રતા અને પ્યારના સંબંધો તો યુવકયુવતીઓ માટે હવાપાણી વિના જીવાય નહીં તેમ તેમની એક પાયાની જરૂરિયાત બની ચૂક્યા છે. એટલે જ્યારે કોઈ યુવતીને બોયફ્રેન્ડ ડેટ પર લઈ જવા માટે તેની ખુશામત કરે છે ત્યારે તે યુવતીને લાગે છે કે જાણે તેને આખી દુનિયાની ખુશીઓ મળી ગઈ. તે પછી ડેટ પર જવા માટે નક્કી કરેલા દિવસે તે યુવતી પોતે એવી રીતે સાજસજાવટ કરે છે કે જાણે કોઈ પણ રીતે ઐશ્વર્યા રાય કે પ્રિયંકા ચોપરા કરતાં કમ ન દેખાય. પ્રાચીન કાળમાં આમ્રપાલી અને વૈશાલી રાજનર્તકીઓ તેમની મહેકથી જાણીતી હતી.

પહેલી ડેટ જવાના હો ત્યારે તમારો પોશાક અને વાળની સજાવટ કેવા હોવા જોઈએ, એ વિશે વાત કરતાં ઘણાં લખાણો છાપાં-મેગેઝીન પણ સતત છપાતાં હોય છે. પોતાની શારીરિક રચના અને રંગ પ્રત્યે અવગણના કરી યુવતીઓ આવી સલાહ અજમાવે પણ છે.

પરંતુ વિજ્ઞાન આધારિત સંશોધનના આધારે જે જાણકારીઓ પ્રાપ્ત થઈ છે, તે હિસાબે તો લિપસ્ટિક, પાઉડર અને પર્ફ્યૂમ પર કેટલી સુંદરતાના બદલે તમે જો 'જેવા છો તેવા જ રહો', વાળી ઈમાનદારી સાથે તમારા બોયફ્રેન્ડની સામે જશો તો તમારી કુદરતી ખૂબસૂરતીનો જાદુ તમારા બોયફ્રેન્ડના મન અને મગજ પર છવાઈ જશે અને આ પ્રભાવ જ કાયમી પ્રભાવક સાબિત થશે. કેવી રીતે? આ સવાલનો જવાબ નીચે લખેલા અભ્યાસ પરથી મળી જશે.

વિયેનામાં થયેલા એક સંશોધન અનુસાર, બેશક ઘણી યુવતીઓ કૃત્રિમ રીતે તૈયારકરેલ ઉત્તેજક શરીર અને દિલકશ અદાઓની સહાય દ્વારા પોતાના પ્રેમી યુવકને પોતાની સૌંદર્ય જાળમાં ફસાવવામાં સફળ થઈ જાય છે. પ્રેમીને પોતાનો દીવાનો બનાવી લે છે, પરંતુ કૃત્રિમ ખૂબસૂરત રૂપનું આ આકર્ષણ વધારે લાંબા સમય સુધી નથી ચાલતું.

એટલે ઘણા સમય પછી એવી યુવતીઓ પ્રત્યેનું આકર્ષણ પ્રેમીના મગજ પરથી ઊતરી જાય છે. આનું કારણ એ છે કે યુવકોને નકલી અદાઓ અને કૃત્રિમ તથા બનાવટી રૂપના જોરે કાયમ બાંધ રાખી નથી શકતા.

આ બાબત ઓસ્ટ્રેલિયન મનોવૈજ્ઞાનિકોએ એક સંશોધન દ્વારા સાબિત કરી છે. મનોવૈજ્ઞાનિકોએ પોતાના આ સંશોધન દ્વારા સિદ્ધ કર્યું છે કે યુવકોને કૃત્રિમ સ્તન અને ક્લર્ડ વાળદ્વારા વધારે સમય સુધી આકર્ષિત નથી કરી શકાતા. અથવા તો કહીએ કે તેમને લાંબા સમય સુધી બહેકાવી નથી શકાતા. હકીકતમાં, કુદરતી સૌંદર્ય ગમે તેટલું અસ્થિર હોયપણ તે કુદરતી જ હોય છે અને કૃત્રિમ સુંદરતા કુદરતી સુંદરતાની સામે ટકી નહીં શકે.

**સ્ત્રીની કાયાની કુદરતી ગંધ કૃત્રિમ સુગંધ કરતાં બહેતર**

કૃત્રિમ ખૂબસૂરતી ધરાવતી યુવતીઓના રૂપની જાળમાં ફસાયેલા એવા યુવકોને ત્યારે પોતાની બુદ્ધિ પર અફસોસ થાય છે કે જે યુવતીને તે તાજા, પ્રફુલિત અને વણસ્પર્શ્યા જંગલી ફૂલ જેવું સમજતા હતા કે જે દૂરથી આકર્ષક લાગે છે, પરંતુ તેમાંમ સુગંધ બિલકુલ નથી હોતી. આ તો કાગળના ફૂલ જેવું નકલી નીકળ્યું કે જેને પોતાનોકોઈ રંગ કે સુગંધ નથી હોતાં. આવી કૃત્રિમ ખૂબસૂરતી વાળી યુવતીઓને યુવકો ભવિષ્યમાં ક્યારેય મળવાનું પણ પસંદ નથી કરતા.

આ સંશોધનના આધારે વૈજ્ઞાનિકોનું કહેવું છે કે યુવકો બ્રેસ્ટ ઈમ્પ્લાન્ટ જેવી ટેક્નિક દ્વારા આકર્ષક અને સેક્સી દેખાતા સ્તન તરફ થોડા સમય માટે આકર્ષિત તો થઈ જાય છે, પરંતુ ભવિષ્યના લાંબા સમયના સંબંધો માટે યુવક એવી યુવતી પસંદ કરે છે જે કુદરતી રીતે સુંદર અંગોની માલિક હોય છે.

ઓસ્ટ્રેલિયન સેક્સ વસ્તીગણતરી દ્વારા પ્રાપ્ત થયેલા આંકડાના આધારે થયેલા સંશોધન દ્વારા સત્ય બહાર આવ્યું છે કે ૫૦ ટકા યુવતીઓને આ વાતનો બહુ અફસોસ થાય છે કે સુંદર અને સેક્સી દેખાવા માટે તેમણે કરાવેલ બ્રેસ્ટ ઈમ્પ્લાન્ટ, બોયફ્રેન્ડને પોતાની સાથે જોડી રાખવા માટેનો અસરકારક ઉપાય ન નીવડયો,કારણ કે તેના બોયફ્રેન્ડે બ્રેસ્ટ ઈમ્પ્લાન્ટને તેની પર્સનાલિટીનો સૌથી મોટો માઈનસ પોઈન્ટ માનીને ત્યાગ કરી દીધો.

બનાવટી રૂપને બદલે જો તેઓ પોતાના કુદરતી રૂપ અને પ્રભાવશાળી સદ્ગુણો સાથે પોતાના બોયફ્રેન્ડ સામે આવ્યાં હોત તો કદાચ તેમને આ દિવસ ન જોવો પડત.

ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સિટીના સંશોધકોનું માનવું છે કે પોતાના બોયફ્રેન્ડને પ્રસન્ન કરવા માટે ફેશનપૂજક યુવતીઓ વર્ષમાં એક અબજ ડોલર સુધીના કિંમતી પર્ફ્યૂમ અને બોડીલોશન ખરીદે છે.

આખી દુનિયાની યુવતીઓ એવું માને છે કે યુવકોને કિંમતી પર્ફ્યૂમ અને બોડીલોશનની સુગંધ ખૂબ પસંદ હોય છે. એટલે યુવતીઓ પર્ફ્યૂમ અને બોડીલોશન ખરીદવામાં કોઈ કંજૂસાઈ નથી કરતી. આવા સામાનને બોયફ્રેન્ડને પ્રસન્ન કરવાનું એક સાધન સમજીને તે આ વસ્તુઓ પાછળ ભરપૂર ખર્ચ કરે છે.


પરંતુ વાસ્તવિક્તાએ છે કે કૃત્રિમ સુગંધ કરતાં વધારે અસરકારક છે યુવતીઓની પોતાના શરીરની કુદરતી સુગંધ.


આ વાત સાબિત કરવા માટે સંશોધનકર્તાઓએ કેટલાક યુવકોને આપવા માટે બજારમાંથી બહુ પ્રચલિત પર્ફ્યૂમ છાંટેલું લેડિઝ ટીશર્ટ યુવકોને સૂંઘવા માટે આપ્યું. તે ગ્રૂપના કેટલાક યુવકોને પર્ફ્યૂમ છાંટેલા તે ટીશર્ટને સૂંઘવાનું પણ ના ગમ્યું, કારણ કે તેમને તે સુગંધ ગમતી નહોતી.

પરંતુ આ સંશોધનના ત્યાર પછીના તબક્કામાં તે યુવકોને સૂંઘવા માટે એવું ટીશર્ટ આપવામાં આવેલ કે તેને પોતાના માસિકધર્મ દરમિયાન કોઈ યુવતીએ સતત ૩ રાત સુધી પહેરી રાખેલું હતું.

વૈજ્ઞાનિક સોલ એલ મિલર અને જોન કે મેનરે જોયું કે ૩ રાત સુધી કોઈ યુવતી દ્વારા પહેરેલું ટીશર્ટ સૂંઘી લીધા પછી યુવકોએ તે ટીશર્ટને એવી રીતે ગળે વળગાડીને રાખ્યું હતું જાણે પોતાની પ્રેમિકાને ગળે વળગાડી હોય. તે ટીશર્ટને યુવકો અધીરાઈથી ચૂમી રહ્યા હતા. યુવકો તે ટીશર્ટની સુગંધ દ્વારા પ્રસન્ન થતા હતા. સ્ત્રીના શરીરની મસ્ત સુગંધથી તેમના મન-મસ્તિષ્ક પર અસર થઈ હતી. આથી આ વાત પરથી સાબિત થાય છે કે રાસાયણિક સુગંધથી કેટલાક યુવકો દૂર રહેતા હતા, તેઓ યુવતીઓની પ્રાકૃતિક મહેકવાળા ટીશર્ટ પોતાનાથી અલગ કરવા જ નહોતા ઈચ્છતા. આ અભ્યાસ પરથી આ વાત સ્પષ્ટ થાય છે કે કૃત્રિમ અને બનાવટી ખૂબસૂરતી પર યુવતીઓએ વધુ વિશ્વાસ ન કરવો જોઈએ. ખબૂસૂરતીનો ખજાનો તો પોતાના શરીર અને વ્યક્તિત્વમાં છુપાયેલા છે.

સાહિત્યમાં નારીને કુદરતી એક ઉત્તમ અને આકર્ષક દેહરચના માનવામાં આવે છે. કુદરતે આપેલી આ આકર્ષક દેહ રચના સાથે કોઈ છેડછાડ કરવાના બદલે યુવતીઓએ પોતાને મળેલા અસલી રૂપ અને રંગ સાથે જ પોતાના બોયફ્રેન્ડ સામે આવવું જોઈએ, કારણ કે વૈજ્ઞાનિક સત્ય એ જ છે કે યુવકોને કુદરતી ખૂબસૂરતી અને નારી દેહની કુદરતી સુગંધ જ લલચાવે છે. આવી સુંદરતા અને આત્મવિશ્વાસ સાથે બોયફ્રેન્ડ સામે આવે તો યુવતીઓના મનમાં સૌથી મોટો ભય એ રહે છે કે 'મેકઅપ કર્યા વગર જો મને મારા બોયફ્રેન્ડે જોઈ લીધી તો?' આખરે એટલું જ કહી શકાય છે કે કોઈ યુવકના દિલમાં કાયમી જગ્યા મેળવવા કે બનાવવા માટે અસલી રંગરૂપ, સુશીલ વ્યવહાર, શિષ્ટાચાર અને સભ્યતા જ એવા કેટલાક ગુણો છે કે તેના વિકલ્પમાં દેખાડો કરે તેવું સૌંદર્ય ક્યારેય ન ટકી





# ધારો તો ઓટમીલથી વજન વધતું તો અટકાવી શકાય છે

*** ધારો તો ઓટમીલથી વજન ઘટવાને બદલે વધવાનું જોખમ ટાળી શકાય??**

*** ઓટમીલ પરનું વધું પડતું ટોપિંગ સરવાળે કેલેરી વધારે છે જેથી ચરબીમાં ઉમેરો થઈ શકે છે??**

ઓટ્સ(જવ) અનાજની એક પ્રજાતિ છે.ઓટમીલ એટલે ઓટનો ભરડેલો લોટ(ફાડા)શાકાહારીઓ માટે પ્રોટિન અને આયર્ન નો એક મહત્ત્વનો સ્રોત છે.તે સોલ્યુબલ ફાઈબરથી સમૃદ્ધ છે,જે લોહીના એ.લ.ડી.એલ.કોલેસ્ટ્રોલ કહેવાતા ''બેડ'' કોલેસ્ટ્રોલને ઓછું કરવામાં મદદ કરે છે. આખા ઓટ્સમાં અવેનન્થ્રામાઈડ નામનો એન્ટીઓક્સિડન્ટ હોય છે જે બ્લડ પ્રેશરના સ્તરને ઓછું કરવામાં સહાય કરે છે.

સ્વાસ્થ્યવર્ધક અનેક ગુણો માટે ઓટ્સ જાણીતા છે.ખાસ કરીને વેટ લોસ કરવા ઈચ્છતા લોકો ડાયેટમાં ઓટ્સનો સમાવેશ કરે છે.ઓટમીલ હૃદયને સ્વસ્થ રાખે તથા એકંદર આરોગ્યને જાળવે તેવા ગુણો ધરાવે છે એ ખરું પરંતુ એનો અર્થ એ નથી કે તેનાથી શરીરને કોઈ નુકસાન થતું નથી.તમે હેલ્ધિ ફૂડ લેતા હશો તો તમારું વજન ક્યારેય નહીં વધે તેમ સરળતાથી માની શકો છો.

આ સંદર્ભમાં મહત્વની બાબત એ કે ઓટમીલ કેલેરીથી મુક્ત છે એવું નથી.અને એથી કદાચ અન્ય આહારથી વજન વધે તેમ ઓટમીલથી પણ વજન વધવાની શક્યતા છે.પાણીમાં રાંધેલા એક કપ ઓટમીલમાં૧૬૫ કેલેરી હોય છે.જો દૂધમાં ઓટમીલ તૈયાર કરાય તો બીજી ૧૫૦ કેલેરી વધે, એમાં બટર ઉમેરાય તો ઓર એકસો કેલેરી વધે,એ પછી પણ એમાં બ્રાઉન સુગર તથા એક કેળું ભેળવવામાં આવે તો અનુક્રમે ૫૦તથા ૧૦૫ કેલેરીનો ઉમેરો થાય અને સરવાળે એક વાડકો ભરેલા ઓટમીલમાં કેલેરીનું પ્રમાણ ૫૫૦ જેટલું થાય.

કઈ રીતે તૈયાર કરાયેલા ઓટમીલને ખાવાથી વજન વધે એ પ્રશ્નનો ઉત્તર આ મુજબ છે :

* ચોકલેટ ક્રીમ જેવા ઓછા પોષક તેમજ બિનઆરોગ્યપ્રદ પદાર્થના ટોપિંગવાળા ઓટમીલ લેવાથી વજન ઘટવાને બદલે ઊલટાનું વધી શકે છે.

* ઓટમીલ પર વધુ પડતું ટોપિંગ ન હોવું જોઈએ.ઓટમીલમાં લગભગ ૧૫૦ કેલેરી હોય છે.એમાં વધારે પ્રમાણમાં ટોપિંગ કરાય તો કેલેરી વધે અને છેવટે શરીરનું વજન વધે.

* ઓટમીલ તો ઠીક પરંતુ કોઈ પણ ખાદ્ય પદાર્થ વધુ પડતા પ્રમાણમાં ખાવાને કારણે બેચેની તો અનુભવાય તે સાથે વજન પણ વધી શકે છે.

* ઓટમીલ દૂધમાં તૈયાર કરવાનું હોય તો તેમાં નટ્સ (બદામ, અખરોટ ઈ.) એવોકાડો ઉમેરવાનું ટાળો. કેમકે આ બધું ઉમેરવાથી કેલેરી વધશે જે છેવટે તો ચરબીમાં રૂપાંતરીત થશે.આ રીતે તૈયાર કરાયેલા ઓટમીલ લેવાથી વજન વધી શકે છે.

* ઈન્સ્ટન્ટ ઓટમીલ અત્યંત હેલ્ધિ હોય એમ આપણે કદાચ માની લઈએ પરંતુ તેમાં કદાચ આવશ્યક્તા કરતાં અધિક ખાંડ હોઈ શકે છે.તદુપરાંત,ઝડપથી અને સહેલાઈ (ઈન્સ્ટન્ટ)થી ઓટ બનાવવાની સુવિધાનો અર્થ એ કે ઈન્સ્ટન્ટ ઓટમાં પાણીનું પ્રમાણ ઓછું હોય.પરિણામે,ઓટ ખાધાથી પેટ ભરાયું હોય એવું ન લાગે અને વધુ ઓટ ખાવાની ઈચ્છા થાય.આ કારણે વજન વધી શકે છે.

* ઓટમીલમાં ટેબલ સુગર(સુક્રોઝ-- સફેદ દાણાદાર ખાંડ) ઉમેરવાથી ખાંડ ખાવાની ઈચ્છા પૂરી થાય એ સિવાય શરીરનું વજન ઘટાડવાની દ્રષ્ટિએ કોઈ લાભ થતો નથી. છેવટે સુગર એ સુગર છે તેનાથી શરીરને લાભ કરતાં હાનિ વધુ થાય છે. વજન ઘટાડવા ઈચ્છતા લોકો ઓટ્સમાંથી ચિલ્લા,ટીકી,સ્મુધી વગેરે વાનગીઓ બનાવે છે.સામાન્ય રીતે ઓટ્સનો ઉપયોગ નાસ્તાના રુપે કરવામાં આવે છે.પણ યોગ્ય માર્ગદર્શન વગર તૈયાર કરાયેલું ઓટમીલ તથા ખાવામાં તેનો અતિરેક વજન ઘટવાને બદલે વધારી શકે છે.

# જરા જો જો કે પુનર્લગ્નના પાયામાં પ્રેમ છે કે સમાધાન?

કારતક સુદ અગ્યારસને દિવસે તુલસી વિવાહ સંપન્ન થતાં જ લગ્નસરાનો આરંભ થાય છે. આમ તો શ્રાદ્ધ પક્ષ પૂર્ણ થયા બાદ દિવાળીની સાથે લગ્ન સંબંધિત ખરીદીની પણ શરૂઆત થઈ જાય છે. લગ્નનું નામ પડતાં ચોમેર ઉલ્લાસપૂર્ણ વાતાવરણ, મીઠી મજાક-મસ્તી, શરમાતી નવવધૂ, આંખોમાં સોનેરી સપનાં સાથે ઘોડે ચડતાં વરરાજા જેવા અનેક દ્રશ્યો નજર સમક્ષ તાદ્રશ થઈ જાય છે, પણ જો ઘરભંગ થયેલા કોઈ યુવક અથવા યુવતીના બીજા લગ્ન હોય તો બીજા લગ્નમાં ઉલ્લાસને બદલે માત્ર ઔપચારિકતા હોય છે. ઉમંગ અને લાગણીઓના સ્થાને આ લગ્ન નભશે કે કેમ એવી આશંકા હોય છે. તથા પ્રત્યેક વડીલ 'હવે આ વખતે તો બધુ હેમખેમ પાર પાડજો' એવી પ્રાર્થના ઈશ્વરને કરતાં હોય છે. ફરી વખત લગ્ન કરનારા યુગલના મનમાં ઠરીઠામ થવાની આશા તો કોઈક માતાને દીકરીનું ઘર ફરી વસ્યાનો હરખ હોય છે.

પરંતુ અહીં પ્રશ્ન એ છે કે શું બીજા લગ્ન કરનારા દંપતી એકમેકને પ્રેમ કરી શકે છે કે પછી માત્ર સમાધાનકરી જીવન પૂરું કરે છે? આજે આપણી આજુબાજુ બીજા લગ્ન કરનારા અનેક દંપતીઓ જોવા મળે છે. પણ તેમનું અંગત જીવન સુખી છે કે નહિ તેની આપણને જાણ હોતી નથી.

એક મલ્ટિનેશનલ કંપનીમાં ઉચ્ચપદે નોકરી કરતાં સૌમિલ શાહે જણાવ્યું હતું કે, બીજા લગ્નની સફળતાનો આધાર પહેલા લગ્નની નિષ્ફળતાના કારણ પર હોય છે. જો પહેલી પત્નીનું મૃત્યુ થતાં પુરુષ બીજા લગ્ન કરે તો દુઃખ, અવસાદ અને નિરાશા હોવા છતાં તે લગ્ન નભી જાય છે, કારણ કે તેમાં બન્ને પક્ષનું વલણ સહાયતાપૂર્ણ હોય છે. મારા બીજા લગ્ન છે. પહેલાં લગ્નના ત્રણ વર્ષ પછી મારી પત્ની હેમાંગી ટ્રેન અકસ્માતમાં મૃત્યુ પામી. ત્યારે મારી દીકરી એક વર્ષની હતી. એટલે દીકરીને ઉછેરવા માટે હું બીજા લગ્ન કરવા તૈયાર થયો હતો. બીજા લગ્ન પછી મેં દીકરીની સાથે બીજી પત્ની શ્વેતાને પણ સુખ આપવાનો પ્રયાસ કર્યો છે. સાચું કહું તો શ્વેતાને જોઈને ક્યારેક મને અપરાધબોજ લાગે છે. શ્વેતા સુંદર, શિક્ષિત અને કુંવારી હતી. તેને મારા કરતાં વધુ સારો જીવનસાથી મળી શકત. પરંતુ સારા જીવનસાથીની શોધમાં તે ૩૦ વર્ષની થઈ ગઈ હતી. એટલે છેવટે તેણે સમાધાન કરી માતા-પિતાને ખાતર લગ્ન માટે હકાર ભણ્યો હતો. મારા માટે તો બીજા લગ્ન જીવનનું સૌથી મોટું સમાધાન હતું, પણ શ્વેતાએ પોતાના અરમાનોને ભસ્મીભૂત કરી મને સ્વીકાર્યો હતો. ખેર, અમારા લગ્નજીવનની શરૂઆત ભલે બાંધછોડથી થઈ હતી. પણ આજે અમારી વચ્ચે આદર અને પ્રેમનો સંબંધ બંધાઈ ગયો છે.' સૌમિલની પત્ની શ્વેતાએ પોતાના લગ્ન અંગે વાત કરતાં થોડા ખચકાટ સાથે જણાવ્યું હતું કે, 'એક વિધુર સાથે લગ્ન કરવાની વાત સાંભળીને મને જબરદસ્ત આઘાત લાગ્યો હતો. હું સતત રડતી રહેતી તથા ભગવાન મને મોત આપી દે એવી પ્રાર્થના કરતી હતી. જેમને પણ મારા લગ્નની જાણ થતી તેઓ સહાનુભૂતિપૂર્વક મારી સામે જોતા. મારો લગ્ન કરવાનો ઉત્સાહ જ મરી પરવાર્યો હતો. જ્યારે લગ્ન કરનારી બે વ્યક્તિમાંથી એકના બીજા લગ્ન હોય ત્યારે ત્યાં પ્રેમ નહિ સમાધાન વૃત્તિ જ હોય છે. મને મારા થનારા પતિ પર ચીડ ચડતી હતી. ત્યારે મારી ઉંમર ૩૦ વર્ષની હતી અને તેઓ ૩૯ વર્ષના હતા. બીજા લગ્ન કરવા તે શા માટે કોઈ ત્યકતા કે વિધવાને પસંદ કરતા નથી? એવો સવાલ વારંવાર મારા મનમાં ઊઠતો હતો. મારી ઉંમર મોટી થતાં મારાં લગ્ન થશે કે કેમ તે વિચારે મારા માતા-પિતા તાણગ્રસ્ત રહેતા હતા. વળી મારા પિતાને હાર્ટની તકલીફ હતી એટલે મારે મજબૂરીમાં આ પ્રસ્તાવ સ્વીકારવો પડયો હતો. સગપણ થયા બાદ મને જ્યારે ખબર પડી કે તેમને એક દીકરી પણ છે ત્યારે મારા પગ તળેથી જમીન સરકી ગઈ હતી. લગ્ન પછી અમે હનીમૂન પર પણ નહોતા ગયા કે નવવધૂ સાથે કરવામાં આવે તેવો કોઈ વ્યવહાર કે મસ્તી પણ મારી સાથે કરવામાં આવ્યા નહોતા. બસ, ઘરમાં પ્રવેશતા જ હું 'મમ્મી' બની ગઈ હતી. દીકરી જરાપણ રડતી તો સહુ મારી સામે જોતાં અને મારે જ તેને સંભાળી લેવી પડતી હતી. અચાનક આવી પડેલી આ જવાબદારી માટે હું માનસિક રીતે તૈયાર નહોતી. પણ મારા પતિ મારી સ્થિતિ સમજી ગયા હતા અને તેમણે મને સધિયારો આપ્યો હતો. આથી જ આજે અમે એકમેક સાથે પ્રેમપૂર્વક રહીએ છીએ.'

જોકે 'તુંડે તુંડે મતિર્ભિન્ના'ની જેમ બીજા લગ્ન કરનારી પ્રત્યેક વ્યક્તિનો અનુભવ પણ વેગળો જ હોય છે. અંજલિ પરીખે પોતાનો અનુભવ જણાવતાં કહ્યું હતું કે, 'અમારા લવમેરેજ છે. અમે બન્ને એક જ ઓફિસમાં કામ કરતા હતા. મારા પહેલાં પતિ વર્કોહોલિક હતા. તેમને મારામાં રસ નહોતો. આથી જ હું મારી પ્રત્યેક સમસ્યાની ચર્ચા સુનીલ પરીખ સાથે કરવા લાગી હતી. આમ ધીમેધીમે હું અને સુનીલ જાણે અજાણે લાગણીના બંધને બંધાતા ગયા. મારી સાથે મુલાકાત થઈ તે પહેલાં જ સુનીલ પોતાની પત્નીથી છૂટા થઈ ગયા હતો અને દીકરીને એકલે હાથે ઉછેરતા હતો. મારા પહેલાં પતિ મારી કદર ન કરતાં હોવાથી છેવટે મેં છૂટાછેડા લેવાનો નિર્ણય કર્યો. સુનીલની ટીનએજ દીકરી મને ઓળખતી હતી તથા તેને મારી સાથે બનતું પણ હતું. પરંતુ જ્યારે મેં અને સુનીલે તેની સમક્ષ લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી તો તે ગુસ્સે થઈ ગઈ હતી. આમ પણ, માતા ન હોવાથી તે અસલામતી અનુભવતી હતી. એમાં હવે પિતા બીજા લગ્ન કરશે તો તે પણ દૂર થઈ જશે તે વિચારે તેણે અમારા લગ્નનો ખૂબ વિરોધ કર્યો હતો. તેના આ વલણને જોઈને મેં સુનીલને થોડો સમય થોભી જવાનું કહ્યું હતું, પરંતુ સુનીલ માન્યો નહિ. તેમણે જીદ કરીને મારી સાથે લગ્ન કર્યા. લગ્ન બાદ તેમની દીકરીએ મને ખૂબ હેરાન કરી હતી. તેજ પ્રમાણે સુનીલના ઘરમાં પ્રવેશ્યા બાદ મને ખબર પડી કે તે પણ દિલથી તેની પહેલી પત્ની સાથે જ જોડાયેલા છે. તેના ઘરમાં બધે જ પહેલી પત્નીની હાજરી અનુભવાતી હતી. સુનીલ દીકરીને પણ પહેલી પત્નીના રૂપમાં જ ઢાળવા ઈચ્છતા હતા અને મારામાં પણ તેને જ શોધતા હતા. આ હકિકતની મને જાણ થઈ ત્યારે હું ભાંગી પડી હતી. આજે પરિવાર, પતિ તથા તેમની દીકરી સાથે તાલમેલ સાધતાં જીવનમાંથી પ્રેમની બાદબાકી થઈ ગઈ છે.'

એક અગ્રણી મેરેજ કાઉન્સેલરના મતે લગ્ન પહેલાં હોય કે બીજા પણ તેને નિભાવવા માટે સંતુલન હોવું જરૂરી છે. જોકે બીજા લગ્નમાં સમસ્યા વધારે હોય છે. તેમાંય મધ્યમવર્ગના પરિવારમાં તો બીજા લગ્ન ટકાવવામાં ઘણા વિઘ્નો નડે છે. ત્યકતા કે વિધવા સ્ત્રી માટે એકલા જીવન જીવવું ખૂબ મુશ્કેલ હોય છે. ઉપરાંત માતા-પિતા પણ પોતાની વિધવા કે ઘરભંગ થયેલી દીકરીને ઝટપટ બીજે પરણાવી દઈ જવાબદારીમાંથી મુક્ત થવા ઈચ્છતા હોય છે. આવી મહિલાઓ માટે પણ વિધુર કે છૂટાછેડા લીધેલા પુરુષને જ શોધવામાં આવે છે.

બીજા લગ્ન કરતી વખતે મહિલા-પુરુષ તથા પરિવારે સામા પક્ષ વિશે મહત્તમ માહિતી મેળવવી જોઈએ. તથા ખૂબ જ સાવધાની પણ રાખવી જરૂરી છે. ઘણી વખત બીજા લગ્નમાં ફસાઈ ગયાનો પણ અનુભવ થતો હોય છે. અને પછી જીવનભર ખોટા પાત્રને વેંઢારવાનો વારો આવે છે.

તે જ પ્રમાણે જો પહેલા લગ્નજીવનનો સુખદ અનુભવ હોય તો પણ પતિ-પત્ની એકબીજામાં પહેલાં પ્રેમને જ શોધતાં હોય છે. આ પ્રકારના લગ્નમાં પ્રેમને બદલે સમાધાનનું જ પ્રમાણ વધારે જોવા મળે છે. મેરેજ કાઉન્સેલરોના મતે આત્મવિશ્વાસુ પુરુષ અને સ્ત્રી આવી સ્થિતિને સારી રીતે સમજી શકે છે તથા ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખે છે. તેઓ બાંધછોડ કરવા સાથે પ્રેમ દર્શાવવાનું પણ ચૂકતા નથી.

# પંજાબી ભોજનમાં વિખ્યાત છે સાગ પનીર રેસીપી



આ ભારતના પંજાબી ભોજનનું એક પ્રચલિત શાક છે. તે ન માત્ર તીખું અને સ્વાદિષ્ટ છે પરંતુ ઘણા બધા લીલા પાંદડાવાળા શાકભાજીમાંથી બનેલું છે જેમાં ઘણા બધા પૌષ્ટિક તત્વ, મિનરલ્સ અને ડાઈટરી ફાઈબર હોય છે. સાગ પનીરની આ રેસીપીમાં તેને વધારે પૌષ્ટિક બનાવવા માટે પાલક, સરસોંની ભાજી અને મેથીની ભાજી જેવા લીલા પાંદડાવાળા શાકભાજીનો ઉપયોગ કર્યો છે. જો કે, તમે કોઈ પણ એક અથવા બધા લીલા પાંદડાવાળા શાકભાજીનો ઉપયોગ કરી શકો છો. થઈ શકે તો, તાજા બનાવેલા પનીરનો ઉપયોગ કરો; નહીતર, બજારમાં મળે એ રેડીમેડ પનીરનો ઉપયોગ પણ કરી શકો છો.

## સામગ્રી

- ૨૫૦ ગ્રામ પનીર અથવા તોફું, ૧-ઈંચના ચોરસ ટુકડાઓમાં કાપેલું
- ૧/૨ જુડી પાલક
- ૧/૨ જુડી સરસોંની ભાજી
- ૧/૪ જુડી મેથીની ભાજી, વૈકલ્પિક
- ૨-૩ લીલા મરચાં, બી કાઢેલા અને કાપેલા
- ૧ મધ્યમ ડુંગળી, બારીક સમારેલી
- ૧ ટેબલસ્પૂન આદું-લસણની પેસ્ટ
- ૧ નાનું ટામેટું, બારીક સમારેલું
- ૧/૪ ટીસ્પૂન હળદર, વૈકલ્પિક
- ૩ ટેબલસ્પૂન ઘી અથવા તેલ
- મીઠું, સ્વાદ પ્રમાણે
- ૧/૪ કપ પાણી



## બનાવવાની રીત

આ રેસીપીમાં બ્લાંચ કરેલા લીલા શાકભાજીનો ઉપયોગ કર્યો છે. પાલક અને બીજા બધા લીલા શાકભાજીને બ્લાંચ કરવા માટે નીચે આપેલા સ્ટેપ્સને અનુસરો.

- બધી લીલી ભાજી (પાલક, મેથીની ભાજી અને સરસોંની ભાજી) માંથી દાંડી કાઢીને ફેંકી દો અને પાંદડાઓને પાણીથી ધોઈ લો.
- એક પેન/કડાઈમાં બધી ભાજીને પાલક પનીરની રેસીપીમાં પાલકને બ્લાંચ કરવાની રીતનું પાલન કરીને -૩ મિનિટ માટે બ્લાંચ (પાણીમાં ૨-૩ મિનિટ બાફીને, ગાળીને વધારાનું પાણી કાઢી નાખો) કરી લો.
- બધી ભાજીમાંથી વધારાનું પાણી કાઢી નાખો અને બ્લેન્ડરના એક જારમાં બ્લાંચ કરેલી બધી ભાજી નાખોં.
- તેમાં લીલા મરચાં અને ૧/૪ કપ પાણી નાખોં. તેને મધ્યમ દરદરૂ (જાડું) થાય ત્યાં સુધી પીસો. તમે તમારી પસંદ પ્રમાણે તેને બારીક મુલાયમ પ્યુરી થાય ત્યાં સુધી અથવા દરદરૂ (જાડું) પીસી શકો છો.
- તયિા-૫
- એક પેન/કડાઈમાં મધ્યમ આંચ પર ઘી અથવા તેલ ગરમ કરો. તેમાં ડુંગળી નાખોં; તેને પારદર્શી થાય ત્યાં સુધી સાંતળો. તેમાં આદું-લસણની પેસ્ટ નાખોં અને ૧ મિનિટ માટે સાંતળો.
- તેમાં કાપેલા ટામેટાં નાખોં અને ૧-૨ મિનિટ માટે પકાવો. તેમાં હળદર નાખોં અને બરાબર મિક્ષ કરો.
- તેમાં પીસેલી ભાજી અને મીઠું નાખોં.
- તેને હલાવો અને ૪-૫ મિનિટ માટે પકાવો.
- તેમાં પનીરના ટુકડા નાખોં.
- તેને બરાબર મિક્ષ કરો અને ૩-૪ મિનિટ માટે પકાવો. ગેસને બંધ કરી દો અને એક સર્વિંગ બાઉલમાં બનાવેલું શાક કાઢો. પૌષ્ટિક સાગ પનીર પીરસવા માટે તૈયાર છે.

# મધ્ય-દક્ષિણ ગુજરાતમાં ભારે પવન સાથે વરસાદ, વલસાડમાં ૧૨૭ મકાનને નુકસાન

## ઉમરગામમાં ત્રણ ઈંચ ખાબક્યો, ધરમપુરમાં ૬, સુરતમાં ૨૮, માલપુરમાં ૧૦થી વધુ વૃક્ષો ધરાશાયી : હનમન તાળ ગામની પ્રાથમિક શાળાની કમ્પાઉન્ડની દિવાલને અસર : રસ્તા પર પાણી ભરાતાં વાહન વ્યવહાર ખોરવાયો : અંબાજીમાં ચાલુ વરસાદે ભક્તોએ માતાજીના દર્શન કર્યા

**સમય મિરર | અમદાવાદ**

ગુજરાતમાં ચોમાસાની ધમાકેદાર વિધિવત એન્ટ્રી થઈ છે. કડાકા-ભડાકા સાથે વરસાદ વરસતા તારાજીના દ્રશ્યો પણ સર્જાયા છે. દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભારે પવનથી વૃક્ષો ધરાશાયી થયા છે. અને અનેક નદીઓમાં ઘોડાપુર આવતા કેટલાક ગામો સંપર્ક વિહોણા થયા છે. રસ્તાઓ પર વૃક્ષો ધરાશાયી થતાં ખાના ખરાબી થઈ છે. આજે રાજ્યના ૧૩૦થી વધારે તાલુકામાં વરસાદ નોંધાયો છે.

વલસાડ જિલ્લામાં સોમવારે પડેલા વરસાદે ભારે નુકસાન પહોંચાડ્યું છે. જિલ્લામાં કુલ ૧૨૦ પાકા મકાનો અને ૭ કાચા મકાનોમાં અંશતઃ નુકસાન થયું છે. આ ઉપરાંત ૩ સરકારી મકાનોને પણ નુકસાન પહોંચ્યું છે.

વરસાદની વિગતો મુજબ સોમવારે સવારે ૬ વાગ્યા સુધીમાં ઉમરગામ તાલુકામાં સૌથી વધુ ૮૫ મિમી વરસાદ નોંધાયો છે. કપરાડા તાલુકામાં ૩૨ મિમી, વલસાડ તાલુકામાં ૨૨ મિમી, વાપી તાલુકામાં ૨૧ મિમી, પારડી તાલુકામાં ૯ મિમી અને ધરમપુર તાલુકામાં ૪ મિમી વરસાદ પડ્યો છે.

ધરમપુર તાલુકાના હનમતમાળ ખાતે આવેલી પ્રાથમિક શાળાની કમ્પાઉન્ડ દીવાલ રવિવારે રાત્રે ૮:૧૫ કલાકે ભારે વરસાદને કારણે નુકસાન પામી છે. વરસાદના કારણે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કુલ ૬ વૃક્ષો ધરાશાયી થયા છે.

સુરતમાં વરસાદ પડવાના કારણે અલગ-અલગ વિસ્તારમાં વૃક્ષો ધરાશાયી થવાની ઘટના બની છે જેમાં સમગ્ર શહેરમાં વૃક્ષ પડવાના ૨૮ બનાવો બન્યા છે, અઠવામાં ૧૨, રાંદેરમાં ૭, લીંબાયતમાં ૫, કતારગામમાં ૨, ઉધના અને વરાછામાં ૧-૧ વૃક્ષ પડયું છે, તો ઘોડરોડમાં વૃક્ષ પડવાથી સંપૂર્ણ રસ્તો બંધ થયો છે, અડાજણમાં પણ લીમડાનું તોતિંગ વૃક્ષ ધરાશાયી થયું છે, ફોર વ્હીલ ઉપર વૃક્ષ પડતા વાહનચાલકનો બચાવ થયો છે.





સોમવારે બપોરે ભરૂચ શહેરમાં ભારે બફારા બાદ વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. પાંચબત્તી, શાલીમાર અને સ્ટેશન રોડ સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. કામકાજના સમયે વરસેલા વરસાદને કારણે શહેરનું જનજીવન પ્રભાવિત થયું હતું. રસ્તાઓ પર પાણી ભરાતા વાહનવ્યવહાર ધીમો પડી ગયો હતો.

અરવલ્લીના માલપુરમાં જોરદાર વાવાઝોડાથી નુકસાન થયું હતું. મામલતદાર કચેરીમાં વાવાઝોડાથી વૃક્ષ ધરાશાયી થયા હતા. પાર્કિંગ શેડ પર વૃક્ષ પડતા દીવાલ પણ ધરાશાયી થઈ હતી. સરકારી ગાડી તેની નીચે દટાઈ હતી. આ સાથે જ મામલતદાર કચેરી પાસે વીજ પોલ પણ તૂટ્યો થતાં ભારે નુકસાન થયું છે.

વાવઝોડા સાથે આવેલા વરસાદે સાબરકાંઠા જિલ્લામા ભારે નુકસાન કર્યુ છે. અનેક જગ્યાએ ઝાડ પડી જવાની ઘટના સામે આવી છે તો બીજી તરફ નગરપાલિકાના કોર્પોરેટરો પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા. ફાયર વિભાગને સૂચના આપીને રોડ પરના ઝાડ દૂર કર્યા હતા. માર્ગો ઉપર ઝાડ પડી જતા વાહનચાલકોને અવરોધ થયો હતો અને ઈડરથી ભિલોડા અને ખેડબ્રહ્મા હાઈવે કે અંતરિયાળ જોડતા રોડ પર વૃક્ષો ધરાશાયી થયા હતા.

વિજયનગરથી પોલો અને ભિલોડાને જોડતો રોડ પર પણ ઝાડ પડવાના અનેક બનાવો બન્યા છે. જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં કુલ ૨૫૪ ઝાડ પડી જવાની ઘટના બની છે. લીમડો, બાવળ સહિતના અન્ય નાના મોટા ઝાડ પડી જતા મોટું નુકસાન થયુ છે તો વૃક્ષો ધરાશાયી થતા ઘણા વાહનચાલકો રોડ પર જ વાહન મૂકીને રવાના થયા હતા. તો બીજી તરફ તંત્ર સામાજિક સેવાકીય વ્યક્તિઓ તેમજ સ્થાનિક લોકો ઝાડ હટાવવા માટે કામે લાગ્યા છે.

અંબાજીમાં વરસાદ પડતા અંબાજી મંદિર પરિસરમાં પાણી ભરાયા હતા. ભક્તો વરસાદમાં ભીંજાતા દર્શન કરવા પહોંચ્યા હતા. દર્શન કરવા આવતા ભક્તોને તકલીફ ન પડે તે માટે મંદિરના પરિસરમાં ભરાયેલા પાણી નીકળવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

# સાબરકાંઠા પોલીસમાં ફરજ બજાવતો કોન્સ્ટેબલ દારૂ ભરેલી કાર સાથે ઝડપાયો

## ભિલોડાથી ગાંભોઈ તરફ જતાં દબોચી લેવાયો : ૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો

**સમય મિરર | સાવરકુંડલા**

સાબરકાંઠામાં પોલીસ કોન્સ્ટેબલ દારુ સાથે ઝડપાયો છે, ગાંભોઈ પોલીસના પેટ્રોલિંગમાં કોન્સ્ટેબલ ઝડપાયો છે, તો કોન્સ્ટેબલ સંજય સોલંકીની કારમાંથી મળ્યો દારુ અને આ કોન્સ્ટેબલ ચિઠોડા પોલીસ મથકમાં ફરજ બજાવી રહ્યો છે, પોલીસે ૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી અને પ્રોહિબિશનનો ગુનો પણ નોંધ્યો છે. ચિઠોડા પોલીસ સ્ટેશનના ફરજ બજાવતો કોન્સ્ટેબલ દારૂ સાથે ઝડપાયો છે, ગાંભોઈ પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કાર ચેક કરી તો કાર દારૂથી ભરેલી હતી અને દારૂ કોઈ બુટલેગર નહી પણ પોલીસ કોન્સ્ટેબલ લઈને આવ્યો છે, ભિલોડાથી ગાંભોઈ તરફ આ કોન્સ્ટેબલ દારૂ ભરીને આવતો હતો અને ઝડપાઈ ગયો છે, સમગ્ર ઘટનામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, ત્યારે જોવાનું એ રહ્યું કે શું આ કોન્સ્ટેબલ દારૂનો ધંધો કરે છે કે પછી બુટલેગરને દારૂ આપવા પોતે જાય છે. ગાંભોઈ પોલીસ વાવડી પાસે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ભિલોડા તરફથી ગાંભોઈ તરફ જતી કાર ઉભી રાખી તપાસતા કારની ડેકીમાં દારૂ મળી આવ્યો છે, ચિઠોડા પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ સંજયભાઈ સોલંકી પ્રાંતિજ તાલુકાના મૌછા ગામનો રહેવાસી છે, ગાંભોઈ પોલીસે ૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, દારૂનો મુદામાલ ક્યાંથી લાવ્યો હતો અને ક્યાં લઈ જતો હતો તે દિશામાં તપાસ હાથ ધરી છે.






# દાહોદના દેવગઢ બારિયામાં સ્કૂલવાનમાં ઘેટાં-બકરાંની જેમ ચાલકે ૩૨ બાળકો ઠાંસીને ભર્યા

## સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ : ૪ ભૂલકા ઉભાં રાખ્યા : વાલીઓમાં રોષ

**સમય મિરર | દાહોદ**

જૂન મહિના પ્રથમ સપ્તાહ બાદથી રાજ્યભરની મોટાભાગની શાળાઓ શરૂ થઈ ગઈ છે. શાળાઓ ખૂલતા જ વિદ્યાર્થીઓમાં શાળાના સમય પર પહોંચવાની ભાગદોડ વધી છે. બાળકોને શાળાએ મૂકવા અને લેવા જતા માતા-પિતાના શિડયુલ વધુ વ્યસ્ત થયા. ત્યારે કેટલાક એવા બાળકો પણ હશે જેઓ સ્કૂલના વાહનમાં અથવા પ્રાઈવેટ વાહનમાં શાળાએ જતા હશે. તાજેતરમાં દાહોદની એક સ્કૂલ વાનનો વીડિયો સામે આવ્યો છે જે જોઈ આપણને થશે કે આખરે આ બાળકો કોના ભરોસે શાળાએ જઈ રહ્યા છે.



ગુજરાતની શાળાઓમાં વેકેશનનો માહોલ પૂર્ણ થતા જ બાળકોના કિલ્લોલથી ખાલીખમ શાળાઓમાં કલરવ ગુંજી ઉઠ્યો છે. વિદ્યાર્થીઓ યેનકેન રીતે શાળાએ સમયસર પહોંચવા પ્રયાસ કરતા હોય છે. પરંતુ દાહોદના દેવગઢબારિયાના એક સ્કૂલવાનનો વીડિયો સામે આવ્યો છે જેમાં બાળકોને ઘેટાબકરાંની જેમ ભરવામાં આવ્યા છે. બાળકોને શાળાએ લઈ જતી ઈકો વાનનો આ વીડિયો એક જાગૃત નાગરિક દ્વારા ઉતારવામાં આવ્યો છે. સામે આવેલ વિડિયોમાં સ્કૂલ વાનચાલકની ગંભીર બેદરકારી સામે આવી છે. દેવગઢબારિયાના રાતડીયામાં સ્કૂલવાન ચાલકે તેના ઈકોવાહનમાં ૭ લોકોને બેસાડવાની જગ્યા પર ૩૨ બાળકોને ઠુસી ઠુસી ને ભર્યા. સામે આવેલ ઈકો વાહનના વીડિયોમાં દેખાય છે કે સ્કૂલવાન ચાલકે જ્યાં આગળના ભાગ પર એક વ્યક્તિને બેસાડવાના હોય ત્યાં બે મોટા બાળકોની સાથે બે-નાના બાળકો બેસાડયા છે. અને ડ્રાઈવરની પાછળની સીટ પર ૬થી ૭ બાળકો અને તેની સામે પણ ૭ થી ૮ જેટલા બાળકો બેસાડયા છે. જ્યારે છેક પાછળ કે જ્યાં મોટાભાગની ઈકો ગાડીમાં સીએનજી હોય છે ત્યાં ૪ નાના ભૂલકાંને ઉભા રાખ્યા છે.

આખરે જો આ ઈકો ગાડીને અકસ્માત થાય તો જવાબદાર કોણ, માતા-પિતા, ઈકો ચાલક કે પછી શાળાના સંચાલકો. શું માતાપિતાને ખબર નહી હોય કે આ ગાડીમાં આટલા બધા બાળકો ભરવામાં આવે છે કે પછી શાળાએ જ્યારે ઈકોચાલક બાળકોને ડ્રોપ કરતા હશે ત્યારે શાળા સંચાલકોના ધ્યાનમં આ મામલો નહી આવ્યો હોય. બારીયાના રાતડીયા ગામના એક જાગૃત નાગરીકે આ વિડીયો બનાવી સોશિયલ મીડીયામા વાયરલ કરી મદદ માંગી. આ ઉપરાંત આ બાબતે જાગ્રૃત નાગરીકે સ્કુલના સંચાલકો અને આચાર્ય પણ ધ્યાન આપે તેવી રજુઆત કરી. આવા ઈકો ચાલકો ઉપર પોલીસ અને RTO વિભાગ કાર્યવાહી કરે તે જરૂરી બન્યું.

# DNAની પ્રક્રિયા ઝડપી અને સરળ કરવા મુખ્યમંત્રીનો નિર્દેશ

### આરોગ્ય, ગૃહ રાજ્યમંત્રી અને વિવિધ વિભાગના અધિકારીઓ સાથે CMની બેઠક યોજાઈ

**સમય મિરર | અમદાવાદ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે વિમાન દુર્ઘટનાના પીડિતોને મળી તેમના ખબરઅંતર પૂછ્યા હતા અને હતભાગીઓના પરિવારજનોની મુલાકાત લઈ, તેમને સાંત્વના પાઠવી હતી. ત્યાર બાદ મુખ્યમંત્રીએ મંત્રીઓ તથા રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી, રાહત-બચાવની સમગ્ર કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપ્યાં હતાં. મુખ્યમંત્રીએ રાજ્યના મંત્રીઓ તથા ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી, રાહત-બચાવની સમગ્ર કામગીરીની સમીક્ષા કરી હતી. જ્યાં તેમણે તમામ ઈજાગ્રસ્તોને આવશ્યક તમામ સેવાઓ અને હતભાગીઓના પરિવારજનોને તમામ પ્રકારની સહાય પૂરી પાડવા જરૂરી સૂચનાઓ આપી હતી. આ સમયે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, જગદીશ વિશ્વકર્મા, મુખ્ય સચિવ પંકજ જોશી, રાજ્ય પોલીસવડા વિકાસ સહાય, સચિવો, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો, સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ સહિત સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




મૃતકોના મૃતદેહો સોંપવાની પ્રક્રિયાનું સંકલન કરવા અને મૃત મુસાફરોના પરિવારો સાથે સતત સંપર્ક જાળવવા માટે, જિલ્લા વહીવટીતંત્રે ૨૫૦ થી વધુ નોડલ અને સહાયક નોડલ અધિકારીઓની નિમણૂક કરી છે. બધી પ્રક્રિયાઓ સરળ અને વ્યવસ્થિત રીતે થાય તે સુનિશ્ચિત કરવા માટે સુપરવાઇઝરી અધિકારીઓની પણ નિમણૂક કરવામાં આવી છે.આ સમર્પિત અધિકારીઓ પરિવારોને વ્યાપક સહાય પૂરી પાડી રહ્યા છે પ્રારંભિક સંપર્ક સ્થાપિત કરવાથી લઈને અંતિમ સંસ્કાર સુધીની પ્રક્રિયાના તમામ તબક્કામાં મદદ કરવા સુધી. એકવાર ડીએનએ મેચિંગની પુષ્ટિ થઈ જાય, પછી મૃતદેહો સોંપવામાં આવે છે અને એમ્બ્યુલન્સ દ્વારા પોલીસ એસ્કોર્ટ સાથે અંતિમ સંસ્કાર માટે પરિવાર દ્વારા નિર્દિષ્ટ સ્થાન પર લઈ જવામાં આવે છે.

અધિકારીઓ જરૂરી દસ્તાવેજો અને કોઈપણ પુનઃપ્રાપ્ત સામાન પણ સોંપે છે, જ્યાં સુધી અંતિમ સંસ્કાર પૂર્ણ ન થાય ત્યાં સુધી હાજર રહે છે.રાજ્ય સરકાર ગુજરાતની બહાર રહેતા સંબંધીઓ માટે અન્ય રાજ્યોના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર્સ (SEOCs) સાથે પણ સંકલન કરી રહી છે. તે રાજ્યોના સંબંધિત નોડલ અધિકારીઓ સાથે સંપર્ક સ્થાપિત કરવામાં આવ્યો છે, અને તમામ આંતર-રાજ્ય કેસો માટે સતત સંકલન જાળવવામાં આવી રહ્યું છે.

### એજન્સીઓ દ્વારા પાંચમાં દિવસે સર્ચ ઓપરેશન

# દુર્ઘટનાગ્રસ્ત વિમાનની કોકપીટ નીચેથી વોઈસ રેકોર્ડર, વધુ એક માનવઅંગ મળ્યું

## તપાસ એજન્સીને મળેલ રેકોર્ડર AAIBને સોંપાયું અને માનવઅંગ સિવિલમાં ખસેડાયું : રેકોર્ડરની તપાસ કરાશે

**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદના પ્લેન ક્રેશની ઘટનાસ્થળે સર્ચ-ઓપરેશન ચાલી રહ્યું છે. આજે પાંચમા દિવસે વધુ એક માનવઅંગ મળ્યું હતું, જેને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યું છે. જ્યારે તપાસ એજન્સીને સર્ચ-દરમિયાન પ્લેનના પાછળના ભાગમાં વાયરથી કનેક્ટ વોઈસ રેકોર્ડર મળ્યું છે.

તપાસ એજન્સીઓને આજે દુર્ઘટના સ્થળ પરથી એર ઈન્ડિયાના ક્રેશ થયેલા પ્લેનનું કોકપીટ વોઈસ રેકોર્ડર (CVR) મળી આવ્યું છે. જેમાં કોકપિટમાંથી ઓડિયો કેપ્ચર કરવામાં આવતો હોય છે. જેમાં પાઈલોટ વચ્ચેની વાતચીત. એલર્ટ અને આસપાસના અવાજનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે, આ પહેલા શુક્રવારે ફ્લાઈટ ડેટા રેકોર્ડર કાટમાળમાંથી મળી આવ્યું હતું. આજે CVR મળી આવતા હવે આ બંને સાધનોમાંથી વિમાન અકસ્માત કઈ રીતે થયો તેની માહિતી મેળવવામાં આવશે.



વિમાન ક્રેશ થયાના ચાર દિવસ બાદ પણ ઘટનાસ્થળ પર કાટમાળ ખસેડવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે આજે ટીમને કાટમાળ નીચેથી વિમાનનું વોઈસ રેકોર્ડર મળી આવ્યું હતું. જે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટીગેશન બ્યુરો (AAIB)ને સોંપવામાં આવ્યું છે. આ ઉપરાંત કાટમાળ ખસેડતી સમયે એક માનવ અંગ પણ મળી આવતા સિવિલ હોસ્પિટલ ખસેડાયું હતું.

સિવિલ હોસ્પિટલથી ફોન કરી પરિવારજનોને જાણ કરવામાં આવી છે. પરિવારજનોને તંત્ર તરફથી પૂછવામાં આવે છે કે તમે મૃતદેહ લેવા માટે ક્યારે આવશો. તેઓને જ્યારે લેવા આવે ત્યારે જ મૃતદેહ આપવામાં આવે છે. અમે મૃતદેહ આપવાની ઝડપી પ્રક્રિયા કરી છે. તેમની અનુકૂળતાએ બોડી લઈ જઈ શકશે.સિવિલથી સ્વજનોને ફોન ન આવે ત્યાં સુધી મૃતકોના સગાઓ ધીરજ રાખે.

જેમ જેમ કાટમાળ હટશે તે મુજબ કામગીરી થાય છે. નવો મૃતદેહ આવશે તો તેમ કામગીરી ચાલશે. જ્યાં સુધી ઘટનાસ્થળ પર કામગીરી પૂરી નહીં થાય ત્યાં સુધી કામગીરી કરવામાં આવશે.

અમદાવાદમાં બનેલી પ્લેન ક્રેશ દુર્ઘટના સ્થળ પર આજે સતત પાંચમાં દિવસે પણ તપાસ એજન્સીઓ પહોંચી હતી. આ તપાસમાં એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)ની ટીમ, અમેરિકાના નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) ની ટીમ, UKની બોઇંગ સેફ્ટી ટીમ અને એર ઇન્ડિયાની ઇન્વેસ્ટિગેશન ટીમ સામેલ છે. છેલ્લા પાંચ દિવસથી આ તમામ એજન્સીઓ દ્વારા દુર્ઘટનાના કારણો શોધવા માટે સઘન તપાસ ચાલી રહી છે.

### કયા જિલ્લાના કેટલા મૃતદેહ સોંપાયા?

પ્લેન ક્રેશ દુર્ઘટનામાં જે લોકોના DNA મેચ થયા છે તે પૈકીના ૩૩ લોકોના મૃતદેહો રવિવારે રાત્રિ સુધીમાં સોંપી દેવામાં આવ્યા છે. જેમાં અમદાવાદના ૧૨, વડોદરાના ૫, મહેસાણા ૪, આણંદ ૪, ખેડા, ૨, ભરૂચ ૨ જ્યારે બોટાદ, ઉદયપુર, જોધપુર, અરવલ્લીના એક એક મૃતદેહ સોંપવામાં આવ્યા છે. ૧૧ મૃતદેહ એવા છે કે, જેના પરિવારના અન્ય લોકોના DNA મેચ થવાના બાકી હોય તેઓ તે કાર્યવાહી પૂર્ણ થયા બાદ મૃતદેહ સ્વીકારવા આવશે.

### અરવલ્લીના શખ્સે આચરેલું કૃત્ય

# Dy.S.P.ની ઓળખ આપી છાપીના કોન્ટ્રાક્ટર સાથે ૩૮ લાખની છેતરપિંડી

## ખેતીની જમીનના નામે પૈસા લઈ પરત ન આપતા ફરિયાદ થતાં ભાંડો ફુટ્યો

**સમય મિરર | અરવલ્લી**

છાપી પોલીસે એક નકલી ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (DYSP)ની ધરપકડ કરી છે. આરોપી જીતેન્દ્રસિંહ ઉદેસિંહ રાઠોડ અરવલ્લી જિલ્લાના સરડોઈ ગામનો વતની છે અને હાલમાં અંબાજીમાં રહે છે.

આરોપીએ પોલીસ વિભાગમાં નોકરી ન કરતો હોવા છતાં DYSPનો યુનિફોર્મ પહેરી છાપીના કોન્ટ્રાક્ટર ધનરાજભાઈ મોર (ચૌધરી) સાથે છેતરપિંડી કરી હતી. તેણે કોન્ટ્રાક્ટરને જણાવ્યું કે તેની પાસે ગાંધીનગરના કુડાસણમાં ખેતીની જમીન છે અને તેના માટે પૈસાની જરૂર છે. આ બહાને આરોપીએ કોન્ટ્રાક્ટર પાસેથી ૩૮ લાખ રૂપિયા ઉછીના લીધા બાદ વાયદા મુજબ પરત ન કરતા કોન્ટ્રાક્ટરે ફરિયાદ નોંધાવી હતી.



બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજના માર્ગદર્શન હેઠળ અને નાયબ પોલીસ અધિક્ષક જે.જે. ગામીતની સૂચના મુજબ છાપી પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એચ.આર. વાઘેલા અને તેમની ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસની મદદથી ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લીધો. આરોપી વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સુરતમાં ગુનાઈત ઈતિહાસ ધરાવતા ૧૭ શખ્સોને એક સાથે પાસા કરાઇ

## રાજ્યની વિવિધ જેલમાં ધકેલતા પોલીસ વડા

**સમય મિરર | સુરત**

સુરતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે સુરત પોલીસે વધુ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. શહેરના પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલૌતની આગેવાની હેઠળ, છેલ્લા ચાર દિવસમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૧૭ જેટલા ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમોને PASA હેઠળ અટકાયતમાં લઈ, રાજ્યની અલગ અલગ જેલોમાં મોકલી દેવામાં આવ્યા છે. આ તમામ ઈસમો ઉપર અગાઉથી અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલ હતા, જેમાં મુખ્યત્વેઃ બળજબરીથી નાણાં વસૂલવાનું કૃત્ય, વાહન ચોરી અને મોબાઈલ ચોરી, ઘરફોડ ચોરી, મારામારી અને ખૂનનો પ્રયાસ, સ્ત્રીઓ સામે બળાત્કાર, પોક્સો કાયદા હેઠળ કેસ, મહિલાઓની છેડછાડ અને અનૈતિક હલચલનો સામાવેશ થાય છે. પોલીસ તપાસમાં જણાયું છે કે આ ઈસમો પોતપોતાના વિસ્તારોમાં લોકોમાં ભયનો માહોલ ઊભો કરતા હતા અને તેમના દ્વારા વારંવાર ગુનાહિત પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી. જેથી સુરક્ષા દૃષ્ટિએ શહેરમાં અનિચ્છનીય પરિસ્થિતિ સર્જાવાની શક્યતાને ધ્યાને લઈને આ કાર્યવાહી અમલમાં મૂકવામાં આવી.

પોલીસે તમામ આરોપીઓને પકડીને ગુજરાતની જુદી જુદી જેલોમાં મોકલી દીધા છે જેથી તેઓ એકબીજાની સાથે સંપર્ક ન કરી શકે અને અન્ય ગુનાઓનું જાળું ફરીથી તૈયાર ન કરી શકે. પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલૌતે જણાવ્યું કે, ''શહેરમાં શાંતિ અને કાયદો જળવાય તે પોલીસની મુખ્ય ફરજ છે. ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ લોકો સામે કડક પગલાં લેવામાં આવશે અને કોઈપણ રીતે શાંતિભંગ ન થાય તે માટે પોલીસ ચાંપતી નજર રાખી રહી છે.

# ગીરગઢડાના વડવિયાળામાં ચાર મહિનાથી નાળાંની કામગીરી અધૂરી રાખતાં લોકોને હાલાકી

## ૮૨ લાખનો ખર્ચ પાણીમાં : વરસાદી નીરનો નિકાલ નહી થતા સમસ્યા વકરી

**સમય મિરર । ગીરગઢડા**

ગીર ગઢડા તાલુકાના વડવિયાળા ગામમાં ચોમાસાના પાણીના નિકાલ માટે સ્ટેટ હાઈવે પર રૂપિયા ૮૨ લાખના ખર્ચે નાળાનું કામ મંજૂર કરવામાં આવ્યું હતું. આ કામ ચોમાસા પહેલા પૂર્ણ થવું જોઈતું હતું, પરંતુ છેલ્લા ૪ માસથી અધૂરું છે.

હાલ ચોમાસાની શરૂઆત થઈ ચૂકી છે અને નાળાના અધૂરા કામને કારણે ડાઈવર્ઝન કાઢવામાં આવ્યું છે. જો વધારે વરસાદ પડશે તો પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી ગામમાં મોટા નુકસાનની શક્યતા છે.

ગ્રામ પંચાયતના સભ્ય ભરતભાઈ રૂપાલાએ એજન્સી અને માર્ગ મકાન



વિભાગના અધિકારીઓની કામગીરી સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે કામની સમયમર્યાદા અને જવાબદારી અંગે સવાલો કર્યા છે. તેમની માંગ છે કે જો એજન્સીએ સમયમર્યાદામાં કામ પૂર્ણ ન કર્યું હોય તો તેમને બ્લેક લિસ્ટ કરવામાં આવે.

વડવિયાળા ગામ મુખ્ય રોડ પર આવેલું છે જ્યાંથી રોજના હજારો લોકોની અવરજવર થાય છે. અધૂરા કામને કારણે અકસ્માતનું જોખમ પણ વધી ગયું છે. ગ્રામજનોએ નબળી ગુણવત્તાના મટીરિયલ્સના ઉપયોગની ફરિયાદ પણ કરી છે, પરંતુ તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

હાલ વરસાદી પાણી નાળામાં ભરાઈ રહ્યું છે અને લોકો માર્ગ મકાન વિભાગના અધિકારીઓ પાસેથી તાત્કાલિક નિરાકરણની અપેક્ષા રાખી રહ્યા છે.

# જમવા મોડા જતાં ધોરાજીના તબીબ પુત્રનો પ્લેન દુર્ઘટનામાં આબાદ બચાવ

## દેવ ગોવાણીએ હવાઈ હોનારતની રુંવાડા ઉભા કરતી આપવિતી વર્ણવી

**સમય મિરર । ધોરાજી**

ધોરાજી નાં ડોક્ટર નો પુત્ર ડોક્ટર બની ઈન્ટર્નશીપ માટે અમદાવાદ માં રહેતા અને જે વિમાન ક્રેશ થયું તે જ મેસમાં જમવા માટે મોડું થતાં નહોતાં પહોંચી શક્યાં અને જીવ બચ્યો. :

અમદાવાદ થી લંડન તરફ જતું એર ઈન્ડિયા નું વિમાન ક્રેશ થયું અને દુર્ઘટનાગ્રસ્ત થઈ ને બી જે મેડિકલ હોસ્ટેલ બિલ્ડીંગ પર પડ્યું અને મોટીસંખ્યામાં જાનહાનિ સર્જાઈ હતી અને વિમાન માં બેઠેલા એક વ્યક્તિ ને બાદ કરતા તમામ યાત્રિકો નાં મોત થયા અને જે વિમાન ક્રેશ થતાં બી જે મેડિકલ હોસ્પિટલ નાં મેસ માં જમવા બેઠેલા ડોક્ટરો અને કામ કરતાં ઘણાં લોકો ને ભારે ઈજા ઓ પહોંચી હતી અને તેમાં પણ ઘણા મોત નિપજેલ પણ રહેવાય છે ને રામ રાખે તેને કોણ ચાખે ધોરાજી નાં ડોક્ટર જીતેન્દ્રભાઇ ગોવાણી નો પુત્ર દેવ ગોવાણી ડોક્ટર બનીને અમદાવાદ માં ઈન્ટર્નશીપ માટે અમદાવાદ માં રહેતા અને આ બી જે મેડિકલ હોસ્ટેલ માં રોજ



સમયસર જમવા માટે બધાં સાથે ભોજન કરતાં પણ દેવ ગોવાણી પોતાની ડ્યુટી માં વ્યસ્ત હોય અને દર્દી ઓનો ઘસારો જોવા થી મોડું થયું અને રોજ ની જેમ જમવા માટે મોડું થયું અને તે પહોંચે તે પહેલાં આજ બિલ્ડીંગ પર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું અને બી જે મેડિકલ હોસ્ટેલ નાં મેસ માં અને વિમાન ક્રેશ માં મૃત્યુ પામ્યા દેવ ગોવાણી જમવા માટે સ્થળ પર પહોંચ્યા અને જે પરીસ્થીતી જોઈ ત્યારે પગ પર થી જમીન નિકળી ગઈ જયા જોવો ત્યાં બળેલી લાશ અને ઈજાગ્રસ્તો નો ઢગલા અને નાસ ભાગ અને દેવ ગોવાણી નાં પરીવાર ને જાણ કરી અને હું સુરક્ષિત છું મને કશું થયું નથી પણ જે બિલ્ડીંગ માં વિમાન ક્રેશ થઇ ને પડ્યું હતું ત્યાં એમ્બ્યુલન્સ સેવા ડોક્ટરો ફાયર બ્રિગેડો ની ગાડી અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી હતી અને દેવ ગોવાણી એ પણ આ રાહત કામગીરી માં ભાગ લીધો અને બચાવ કામગીરી કરી હતી અને પરીસ્થીતી કાબૂમાં આવતાં પોતાના વતન ધોરાજી આવી પહોંચ્યા હતા અને પોતાના પરિવાર સાથે ત્યાંની પરીસ્થીતી થી વાકેફ કર્યા હતા અને ભગવાનનો પાડ માન્યો હતો અને આ મોટી ઘટના ને લઈને દેવ ગોવાણી અને તેમનો પરિવાર પણ દુઃખી થયા અને મૃતકો શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી આ ઘટના માં બી જે મેડિકલ હોસ્ટેલમાં ૩૦ ડોક્ટરો ઈન્જર્ડ થયા હતા MBBS ૧૫ ડિસ્ચાર્જ ડોક્ટર ૪ મૃત્યુ જમવાનું બનાવનાર મહિલાનું મૃત્યુ ટિફિન સર્વિસ આપનાર ૩ વ્યક્તિના મૃત્યુ સુપર સ્પેશિયલ હોસ્ટેલ ના ૪ મેમ્બરના મૃત્યુ થયાનું દેવ ગોવાણી એ જણાવેલ હતું.

# સાવરકુંડલામાં તાત્કાલિક હનુમાનજી આશ્રમ પાસેનો ચેકડેમ પાંચમી વખત છલકાયો

## મેઘરાજાએ મન મૂકીને વરસતા નદી નાળાં વહેતા થયા





**સમય મિરર । સાવરકુંડલા**

અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આજે મેઘરાજાનું દબદબાભેર વિધિવત આગમન થતાં ગરમી અને બફારાથી ત્રસ્ત લોકોને મોટી રાહત મળી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પડેલા સારા વરસાદે ખેડૂતોના ચહેરા પર એક અનોખી ખુશીની લહેર લાવી દીધી છે. વરસાદના કારણે સાવરકુંડલા શહેરમાં તાત્કાલિક હનુમાનજી આશ્રમ પાસે આવેલો ચેકડેમ પાંચમી વખત ઓવરફ્લો થયો છે. અગાઉ કમોસમી વરસાદ દરમિયાન ચાર વખત આ ચેકડેમ છલકાયો હતો અને આજના વરસાદથી તે ફરીવાર ઓવરફ્લો થયો છે. સાવરકુંડલા તાલુકાના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાના કારણે સીમ વિસ્તારો અને આજુબાજુના ગ્રામીણ માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. જાણે વોંકળા વહેતા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. સારા વરસાદથી ધરતી ભીંજાઈ ગઈ હતી અને વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.ઉલ્લેખનીય છે કે, સાવરકુંડલા તાલુકામાં અગાઉ માવઠા દરમિયાન આઠ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો, જેના કારણે કેટલાક ખેડૂતોએ વાવણી પણ કરી દીધી હતી.

આજના વરસાદને કારણે તે વાણીને માટે આ વરસાદ અમી રૂપમાં ''આશીર્વાદરૂપ'' સમાન ગણાયો. . ધરતીપુત્રો માટે આ વરસાદ કૃષિ કાર્યો માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે સમગ્ર વિસ્તારમાં વરસાદની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી, ત્યારે મેઘરાજાની દબદબાભેર આગમનથી લોકો અને ખાસ કરીને ખેડૂતોમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસકરીને સીમના શેઢે તંબુ નાખીને નિવાસ કરતાં ખાનાબદોશ પણ આ વરસાદને કારણે સ્થળાંતર કરતાં જોવા મળેલ.

## પશુપાલકમાં દુઃખની લાગણી છવાઈ

# ધોરાજી નજીક આવેલ છાડવાવદર ગામે વીજળી પડતાં પશુના મોત





**સમય મિરર । ધોરાજી**

ધોરાજી તાલુકાના છાડવાવદર ગામ માં વિજળી પડતાં બે પશુઓ નાં મોત નિપજયાં ધોરાજી નાં છાડવાવદર ગામે ધોધમાર વિજળી સાથે ધોધમાર વરસાદ પડ્યો પણ આ વિજળી પડતાં પરબતભાઇ દામજીભાઈ ભરવાડ (ડાભી) નાં ઘર પાસે પશુઓ ને રાખ્યા હતા જેમાં એક બળદ અને એક પાડી નું મોત છાડવાવદર ગામ ના આ પશુપાલક પર આ બે પશુઓ પર વીજળી પડતાં મોત નિપજેલ અને પોતાના બે પશુ નાં મોત થી દુઃખ ની લાગણી છવાઈ.

# દીવમાં અમદાવાદ દુર્ઘટનાના મૃતકોના પરિવારની મુલાકાત લેતા ભાજપ નેતા

## સાંત્વના પાઠવી તમામ સહકાર આપવાની સ્વજનોને ખાતરી આપી





**સમય મિરર । ધોરાજી**

અમદાવાદ એરપોર્ટ નજીક ગુરૂવારે પ્લેન ક્રેશ થવાની દુર્ઘટના બની હતી. જેમાં લંડન જઇ રહેલા દીવના ૧૪ લોકોના મોત થયા હતા અને એકનો આબાદ બચાવ થયો હતો. હાલ dna મેચની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે ઘેરા આઘાતમાં રહેલ પરીવારને સાંત્વના અને સધિયારીઓ આપવા માટે ભાજપના નેતાઓએ મૃતકોના પરીવારજનોની મુલાકાત લીધી અને સાંત્વના પાઠવી પૂરેપૂરો સરકાર આપવા માટેની ખાતરી આપી હતી.

દીવમાં ભાજપના નેતાઓ એ પ્લેન ક્રેશમાં સ્વજનો ગુમાવનાર પરિવાર સાથે મુલાકાત કરી અને સાંત્વના આપી હતી.

ભાજપના માજી સાંસદ લાલુભાઇ પટેલ, પ્રદેશ અધ્યક્ષ દિપેશ ટંડેલ, દીવ જીલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઇ લક્ષમણ, મ્યુ. પ્રમુખ હરેશ પાંચા કાપડિયા, કાઉન્સીલરો, અગ્રણી નેતાઓ એ પ્લેન ક્રેશ દુર્ઘટનાના ભોગ બનેલાનો પરિવાર સાથે મુલાકાત કરી અને સાંત્વના આપી દરેક પરિવારમાં ગમગીની છવાઇ છે. પરિવારને સાંત્વના કેવી રીતે આપવી તો જ એક મોટી મુશ્કેલી છે કેમ કે, આ દુર્ઘટનાએ દરેકના હૃદયને હચમચાવી મૂક્યા છે.

# વેરાવળના લુંભા અને ખાઢેરી ગામમાં બે દીપડા ઝડપાયા

## એનિમલ કેર સેન્ટરમાં ખસેડતું વન ખાતું

**સમય મિરર । વેરાવળ**



વેરાવળ તાલુકાના લુંભા તથા ખાંઢેરી ગામમાંથી દીપડા ઝડપાયા છે જેમાં લુંભામાંથી ૫-૯ વર્ષની માદા અને ખાંઢેરીમાંથી ૩-૫ વર્ષનો નર દીપડો પકડાયો છે. વન વિભાગને મોટી સફળતા મળી છે. વિભાગે લુંભા અને ખાંઢેરી ગામમાં ગોઠવેલા પાંજરામાં બે દીપડા પકડાયા છે.

લુંભા રેવન્યુ વિસ્તારમાંથી એક માદા દીપડી પકડાઈ છે, જેની ઉંમર ૫ થી ૯ વર્ષની આસપાસ છે. બીજી તરફ, ખાંઢેરી રેવન્યુ વિસ્તારમાંથી એક નર દીપડો પકડાયો છે, જેની ઉંમર ૩ થી ૫ વર્ષની મનાય છે. આ કાર્યવાહી લાખાપરા ગામમાં થયેલા માનવ મૃત્યુ અને રામપરા ગામમાં બનેલી માનવ ઈજાની ઘટના બાદ કરવામાં આવી હતી. એક માનવભક્ષી દીપડો પકડાયા બાદ આજે વધુ બે દીપડા પકડવામાં સફળતા મળી છે. વન વિભાગના અધિકારીઓએ બંને દીપડાઓને તાત્કાલિક એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યા છે. જ્યાં તેમની તબીબી તપાસ અને યોગ્ય સારવાર કરવામાં આવનાર છે.

# કેશોદના સોંદરડા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં PSI આચારસંહિતાનો ભંગ કરતા હોવાની આક્ષેપ

## નોકરીમાં રજા મૂકી નિયમનું ઉલ્લંઘન કરતા હોવાની આયોગમાં ફરિયાદથી ખળભળાટ

**સમય મિરર । કેશોદ**

સમગ્ર રાજ્યમાં ધારાસભાની પેટા ચૂંટણી સાથે સાથે ગ્રામ પંચાયતની સામાન્ય ચુંટણી યોજાવાની છે ત્યારે આદર્શ આચારસંહિતા લાગું કરવામાં આવી છે. આખરી તબક્કામાં ખરાખરીનો ખેલ શરૂ થઈ ગયો છે. કેશોદ નગરપાલિકા હદ વિસ્તારને અડીને આવેલા સોદરડા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં અનુસુચિત જાતિના સરપંચ ને બદલે સામાન્ય મહિલા સરપંચ પદે ચૂંટાયેલા જાહેર કરવાના હોય પ્રતિષ્ઠા નો જંગ જામ્યો છે.

કેશોદ નજીક આવેલાં સોદરડા ગ્રામ પંચાયત હેઠળ ઔદ્યોગિક હેતુના પ્લોટોની બિનખેતી મોટાં પ્રમાણમાં થતી હોવાની સાથે બહોળી સંખ્યામાં ઔદ્યોગિક એકમો શરૂ થતાં કેશોદ તાલુકામાં સોદરડા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદ કબજે કરવા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. સોદરડા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદના ઉમેદવાર ઉર્મિલાબેન સુરેશભાઈ બરવાડીયાએ રાજય ચુંટણી આયોગ ગાંધીનગર અને જુનાગઢ જીલ્લા કલેકટર ને લેખિતમાં ફરિયાદ કરી છે કે




તસવીર : રાજુ પંડ્યા


પ્રતિસ્પર્ધી ઉમેદવાર મહેશ્વરીબા કનકસિહ રાયજાદા ના દિયર ઉપેન્દ્રસિહ ચંદ્રસિંહ રાયજાદા અમદાવાદ ખાતે પીએસઆઈ તરીકે ફરજ બજાવતાં હોય ફરજ પર રજા મુકીને આદર્શ આચારસંહિતા નો ભંગ કરીને નિયમો ધારાધોરણ નું ઉલ્લંઘન કરી રહ્યાં છે,

ઉપરાંત પ્રતિસ્પર્ધી ઉમેદવાર ના પતિ કનકસિહ ચંદ્રસિંહ રાયજાદા નાર્કોટીક્સ ના ગુનામાં સંડોવાયેલા છે સોદરડા ગામના મતદારો ભયના ઓથાર હેઠળ દબાવી ધમકાવી એનકેન પ્રકારે ચુંટણી જીતવા નિયમો નેવે મુકી કાયદાની એસીતૈસી કરી સોદરડા ગ્રામ પંચાયતની ચૂંટણી ના સરપંચ પદના ઉમેદવાર અને સભ્યપદના ઉમેદવારો અને પરિવારજનો ઉપર જીવનું જોખમ વધી ગયું છે એવી પરિસ્થિતિમાં મુક્ત વાતાવરણમાં મતદાન થવાની સંભાવના ન હોય ગુજરાત રાજ્ય પોલીસ વિભાગના પીએસઆઈ ઉપેન્દ્રસિહ ચંદ્રસિંહ રાયજાદા ની રજાઓ રદ્દ કરી ફરજ પર પરત બોલાવવામાં આવે અને આદર્શ આચારસંહિતા ની સખતાઈથી અમલવારી કરવા કરાવવા માટે સક્ષમ અધિકારીની નિમણુંક કરવા માંગણી કરવામાં આવી છે.

ચૂંટણી પંચ ના અધિકારીઓ અને સ્થાનિક ચૂંટણી અધિકારીઓ દ્વારા સોદરડા ગ્રામ પંચાયતની ચૂંટણી ના ઉમેદવાર ઉર્મિલાબેન સુરેશભાઈ બરવાડીયા ની લેખિત રજૂઆત ને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ એ તો આવનારી દિવસોમાં ખબર પડશે.

## શોકસભામાં દિવંગતોની આત્માની શાંતિ માટે પ્રાર્થના

# ધોરાજી સ્વામિનારાયણ મંદિર દ્વારા પ્લેન ક્રેશના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ



**સમય મિરર । ધોરાજી**

શ્રી સ્વામિનારાયણ મંદિર કડીયાવાડ ધોરાજી દ્વારા પ્લેન દુરર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકો માટેની શોક સભા રાખી શ્રધ્ધાંજલિ આપેલ સ્વામિનારાયણ મંદિર કડીયાવાડ ધોરાજી દ્વારા પ્લેન દુરર્ઘટનામા મૃત્યુ પામેલા લોકોને શ્રધ્ધાંજલિ આપવા તેમજ તેમના આત્માને શાન્તિ મળે તે માટે શ્રી મોહનપ્રસાદ સ્વામી, શ્રી ભક્તિ સ્વામી, શ્રી બાલકૃષ્ણ સ્વામી વિગેરે સંતોએ અવસાન પામેલા લોકોના આત્મા ને શાન્તિ મળે અને ભગવાન તેમાંના ચરણમાં સ્થાન આપે અને તેમાંના પરિવાજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તે માટે તારીખ ૧૫-૦૬-૨૦૨૫ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કડીયાવાડ ધોરાજી મુકામે શોક સભા રાખી ધુન કિર્તન કરાવેલ તેમાં તુલસી ચેરિટેબલ ટ્રસ્ટના કાર્યકરો, કડિયાવાડ ગ્રૂપના કાર્યકારો, વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો, ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો તેમજ હરિ ભકત ભાઈ બહેનો ઉપસ્થિત રહીને શ્રધ્ધાંજલિ આપી શ્રધ્ધા સુમન અર્પણ કરેલ .

# ઈટાલીયાએ બીજાની નોકરીની જગ્યા દબાવી પોતાની મેળવી હતી : ભાજપ

## જૂનાગઢમાં પ્રચાર કરતા સુરતના ધારાસભ્યના આપ ઉમેદવાર પર પ્રહાર

**સમય મિરર । જૂનાગઢ**

જૂનાગઢમાં ભાજપના કતારગામના ધારાસભ્ય વિનોદ મોરવાડિયાએ આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઇટાલીયા પર ગંભીર આરોપો મૂક્યા છે. મોરવાડિયાએ જણાવ્યું કે ઇટાલીયાએ છેલ્લા ત્રણ મહિનામાં માત્ર અપ્રચાર અને અરાજકતા ફેલાવી છે. મોરવાડિયાએ આરોપ મૂક્યો કે ઇટાલીયાએ બીજાની નોકરીની જગ્યા દબાવીને પોતાની નોકરી મેળવી હતી.

વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણી હવે અંતિમ તબક્કામાં પ્રવેશી રહી છે ત્યારે રાજકીય દાવપેચો વધી રહ્યો છે. આજ રોજ જૂનાગઢમાં ભાજપના કતારગામ વિધાનસભાના ધારાસભ્ય વિનોદ મોરવાડિયાએ ગોપાલ ઇટાલીયા પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે,



''ગોપાલ ઇટાલીયા એ છેલ્લા ત્રણ મહિનામાં માત્ર અપ્રચાર અને અરાજકતા ફેલાવવાનું કામ કર્યું છે. તેઓ મારા વિરુદ્ધ ૨૦૨૨માં કતારગામમાંથી ચૂંટણી લડી હતી, જ્યાં ૬૪ હજાર મતોના અંતરથી તેને હરાવ્યો હતો. ત્યારબાદ તેમણે મતદારોની વચ્ચેથી ગાયબ થવાનો ઈતિહાસ રચ્યો છે. હવે તે જ અભ્યાસ વિસાવદરમાં શરૂ કર્યો છે.''

તેમણે વધુમાં જણાવ્યું કે ગોપાલ ઇટાલીયાએ પહેલા પોતાના પ્રદેશમાં મતદારોને કહ્યું હતું કે હું અહીં જ રહીશ, પણ તેઓએ કતારગામમાં કોઈ વિકાસ ના કર્યું. હવે તેઓ ફરી વિસાવદરના લોકો સામે ''હા પાડી''ને વિશ્વાસ જીતી લેવા પ્રયાસ કરી રહ્યા છે.

ગોપાલ ઇટાલીયાએ અગાઉ પોતાની નોકરી બીજાની જગ્યા દબાવી મેળવી અને બાદમાં બીજી નોકરી લઈ લોકોના ભરોસાનો ભંગ કર્યો. તેમણે સનાતન ધર્મ, ભગવાન રામ અને સરદાર પટેલના સ્ટેચ્યૂ વિશે અપમાનીય ભાષા ઉપયોગ કરી હતી. આમ આદમી પાર્ટીનું નેતૃત્વ પણ આવી જ વિચારધારા ધરાવે છે અરવિંદ કેજરીવાલે સરદાર પટેલના સ્ટેચ્યૂ વિશે પ્રશ્ન ઉઠાવ્યો અને પોતે લાખો રૂપિયાના બંગલા અને બાથરૂમ બનાવ્યા હોવાનો આક્ષેપ.




# વેરાવળ દર્શન સ્કૂલનો વિદ્યાર્થી નીટની પરીક્ષામાં જિલ્લામાં પ્રથમ

## ૭૨૦માંથી મળ્યા ૫૫૭ ગુણ : ગૌરવ વધાર્યુ

**સમય મિરર । વેરાવળ**

ધો.૧૨ સાયન્સ પછીનાં મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે દેશભરમાં નીટ (નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ) લેવામાં આવેલ જેનું પરીણામ જાહેર થયેલ જેમાં દેશના ટોપ ૧૦ માં બે વિદ્યાર્થી સહિત પ્રથમવાર ગુજરાતના ૯ વિદ્યાર્થી ટોપ ૧૦૦ રેન્કમાં આવ્યા છે. જેમાં દર્શન સાયન્સ સ્કુલનો વિદ્યાર્થી થાનકી હિમાંક હિરેનભાઇ નીટ ની પરીક્ષામાં ૭૨૦ માંથી ૫૫૭ ગુણ મેળવી ૯૯.૫૭ ટકા સાથે ગીર સોમનાથ જીલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. થાનકી હિમાંકના માતા-પિતા આંખના સર્જન છે. તે રોજની ૧૦-૧૨ કલાકની મહેનત અને સફળતા પાછળ તમામ સ્ટાફગણ તથા માતા-પિતાનો સહકાર મળેલ હોવાનું અને આગળ હવે ગર્વમેન્ટ મેડિકલ કોલેજમાં એડમિશન મેળવી ડોક્ટર બનવું છે. આ ઉપરાંત ઓઝા સુધાંશુ રાજાકિશોરભાઇ એ ૫૦૮ ગુણ અને ૯૮.૦૧ ટકા સાથે દ્રિતિય નંબર મેળવેલ છે. તેમના પિતા એબીપીએસ સ્કુલમાં શિક્ષક છે. માતા ગૃહિણી છે. રોજની ૧૦-૧૨ કલાકની મહેનત થી પરિણામ મેળવેલ અને આગળ હવે એમબીબીએસમાં પ્રવેશ મેળવી ડોક્ટર બનવું છે. દર્શન સ્કુલનાં પ્રમુખ ભુપેન્દ્રભાઇ વિઠ્ઠલાણી તથા તમામ સ્ટાફે વિદ્યાર્થીઓને આવકારેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# પોરબંદરના બોખીરા વિસ્તારમાંથી વિદેશી દારૂની ૧૧,૮૬૮ બોટલો સાથે બે ઝડપાયા

## રૂ.૬૬.૫૪ લાખનો મુદામાલ જપ્ત કરતી સ્થાનિક પોલીસ

**સમય મિરર । પોરબંદર**

પોરબંદરના બોખીરા વિસ્તારમાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. ઉદ્યોગનગર પોલીસે ૧૬ જૂનના રોજ બોખીરા રબારી સમાજ નજીકથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપ્યો છે. જેમાં બે આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. પોલીસને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે રબારી સમાજની વાડી નજીક રેઈડ કરવામાં આવી હતી. રેઈડ દરમિયાન એક ટ્રક અને બોલેરો કારમાંથી ૧૧,૮૬૮ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. આ દારૂની કિંમત રૂ. ૩૫ લાખ થવા જાય છે.

પોલીસે દેવા જેઠા કોડીયાતર અને કરમણ રૈયા કોડીયાતર નામના બે આરોપીઓને ઝડપી લીધા છે. જ્યારે દેવા લાધામારૂ સહિત ત્રણ અન્ય આરોપીઓ ફરાર થઈ ગયા છે.



દેવા લાધામારૂએ જ આ દારૂ મંગાવ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે વિદેશી દારૂ, બોલેરો કાર અને ટ્રક સહિત કુલ રૂ. ૬૬,૫૪,૯૩૨નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે ફરિયાદ નોંધી ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. દારૂ ક્યાંથી આવ્યો અને તેની સપ્લાય ચેઈન શું છે તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

# રાજકોટમાં આખો દિવસ ધીમી ધારે વરસ્યા મેઘરાજા





(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

રાજકોટમાં આજે સવારથી ધીમી ધારે વરસાદ શરૂ થયો હતાં. વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળતું હતું અને ત્યારબાદ મેઘરાજા મહેરબાન બન્યા હોય તેમ વરસાદ વરસવાનું શરૂ થયું હતાં. એક દિવસ પહેલા જ દોઢ કલાકમાં સવા ત્રણ ઈંચ વરસાદ વરસી જતા શહેરમાં ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા. સવારથી વરસાદ શરૂ થતાં વાતાવરણમાં થોડી ઠંડક પ્રસરી ગઈ છે, પરંતુ આ સાથે જ લોકો આકરા બફારાનો સામનો પણ કરી રહ્યા છે. રાજકોટ શહેરમાં વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળતું હતું. જેની વચ્ચે ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો. શહેરના કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ, નાનામવા રોડ, મવડી, પેડક રોડ, ગોંડલ ચોકડી, ૧૫૦ ફૂટ રીંગ રોડ, માધાપર ચોક સહિતના વિસ્તારો વરસાદથી ભીંજાઈ ગયા હતા. જોકે ધીમી ધારે વરસાદ પડવાને કારણે લોકો આકરા બફારાનો સામનો કરી રહ્યા છે.

# કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સદ્ગત વિજયભાઈના અંતિમ દર્શન કરવા રાજકોટની મુલાકાતે



કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈ રૂપાણીના અંતિમ દર્શન અને અંતિમ યાત્રામાં તેમના પરિવારને સાંત્વના પાઠવવા રાજકોટ હીરાસર એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા. કેન્દ્રિય મંત્રી સી.આર. પાટીલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, અગ્રણી ભરતભાઈ બોઘરા તેમજ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ, પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, એરપોર્ટ સિક્યોરિટી ગ્રુપના ડેપ્યુટી કમાન્ડન્ટ અમનદીપ સિરસવા સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દર્દીઓના ખબર અંતર પૂછી સ્વજનોને સાંત્વના પાઠવી

**સમય મિરર | રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે વિમાન દુર્ઘટનાના પીડિતોને મળી તેમના ખબર અંતર પૂછ્યા હતા અને હતભાગીઓના પરિવારજનોની મુલાકાત લઈ, તેમને સાંત્વના પાઠવી હતી. ત્યાર બાદ મુખ્યમંત્રીએ મંત્રીઓ તથા રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી, રાહત-બચાવની સમગ્ર કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપ્યાં હતાં.



અમદાવાદ ખાતે ગત તા. ૧૨ જૂનના રોજ થયેલી વિમાન દુર્ઘટના બાદ આરોગ્ય વિભાગ અને સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા સતત ખડેપગે રહીને ઈજાગ્રસ્તોને સારવાર આપવાની તેમજ હતભાગીઓના ડીએનએ મેપિંગથી માંડીને તેમના નશ્વર દેહ પરિજનોને સોંપવાની કામગીરી કરવામાં આવી રહી છે. દરમિયાન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જ્યાં તેઓએ હોસ્પિટલના ૯૨ બ્લોક ખાતે કાર્યાન્વિત કરાયેલા વેરિફિકેશન રૂમની મુલાકાત લીધી હતી તેમજ સારવાર લઈ રહેલા દર્દીઓના સ્વજનોને સાંત્વના પાઠવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉગઅ નમૂના મેપિંગની સમગ્ર પ્રક્રિયા અને તેની બારીકીઓથી માહિતગાર થયા હતા અને અધિકારીઓને ઈજાગ્રસ્તોને ઝડપી રાહત, સંપૂર્ણ તપાસ અને પીડિતો તથા તેમના પરિવારોને વ્યાપક સહાય સુનિશ્ચિત કરવા જરૂરી નિર્દેશો આપ્યા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રીએ રાજ્યના મંત્રીઓ તથા ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી, રાહત-બચાવની સમગ્ર કામગીરીની સમીક્ષા કરી હતી. જ્યાં તેમણે તમામ ઈજાગ્રસ્તોને આવશ્યક તમામ સેવાઓ અને હતભાગીઓના પરિવારજનોને તમામ પ્રકારની સહાય પૂરી પાડવા જરૂરી સૂચનાઓ આપી હતી. આ સમયે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્ય સચિવ પંકજ જોશી, રાજ્ય પોલીસવડા વિકાસ સહાય, સચિવઓ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો, સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ સહિત સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોશીએ મીડિયાના માધ્યમથી મૃતકોના પરિવારજનોને સાંત્વના સંદેશ પાઠવ્યો

**■સમગ્ર આરોગ્ય વિભાગ પરિવારજનોના દુઃખમાં સામેલ, પરિવારજનો ધીરજ જાળવે**

**■જેમ જેમ ડીએનએ સેમ્પલ મેચ થશે, તેમ તેમ હોસ્પિટલ દ્વારા સ્વજનોનો સંપર્ક કરવામાં આવશે**

**સમય મિરર | અમદાવાદ**





અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોશીએ મીડિયા બ્રિફિંગ દરમિયાન મૃતકોના પરિવારજનોને સાંત્વના સંદેશ પાઠવ્યો હતો. ડો. રાકેશ જોશીએ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે સમગ્ર આરોગ્ય વિભાગ પરિવારજનોના દુઃખમાં સામેલ છે અને ઝડપથી તેમને સ્વજનોના પાર્થિવ દેહ સોંપવા પ્રતિબદ્ધ છે. સિવિલ હોસ્પિટલ તંત્ર તરફથી જાહેર કરવામાં આવેલા ૧૦ જેટલા સંપર્ક નંબરો દ્વારા પરિવારજનો સાથે સતત સંપર્કમાં છે.

ડો. જોશીએ ઉમેર્યું હતું કે ડીએનએ સેમ્પલ મેચિંગની પ્રક્રિયા અત્યંત સંવેદનશીલ હોવાથી અને કાયદાકીય બાબતો પણ સંકળાયેલી હોવાથી આ પ્રક્રિયા ખૂબ જ ગંભીરતાપૂર્વક અને ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે. જેમ જેમ પરિણામો આવતાં જશે તેમ તેમ મેચિંગનો દર વધશે અને પ્રક્રિયા ઝપડી બનશે તથા ઓછો સમય લેશે, એમ તેમણે જણાવ્યું હતું. સાથે જ, તેમણે પરિવારજનો પાર્થિવ દેહ સ્વીકારવા આવે, ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા તેમને જરૂરી પ્રમાણપત્રો અને અન્ય દસ્તાવેજી પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરવા માટે કરવામાં આવેલી વિવિધ જરૂરી વ્યવસ્થાઓ વિશે પણ માહિતી પૂરી પાડી હતી.

# અમદાવાદ વિમાન દુર્ઘટના : અંગત ત્યાગ અને અડગ ફરજનો શ્રેષ્ઠ દાખલો પૂરો પાડી રહેલી FSL નિષ્ણાતોની ટીમને સલામ

**■DNA પ્રોફાઈલિંગથી મૃતકોની ઓળખ ઝડપથી પ્રસ્થાપિત કરવા છેલ્લા ચાર દિવસથી FSLની ટીમ સતત ખડેપગે**

**■૫૪ DNA નિષ્ણાતોની ટીમમાં ૨૨ મહિલાઓ; દિવસ-રાત ભૂલીને કરી રહ્યા છે DNA પ્રોફાઈલીંગની જટીલ કામગીરી**

**■FSLની ટીમે રેકોર્ડબ્રેક ૭૨ કલાક કરતા પણ ઓછા સમયગાળામાં મૃતકોની ઓળખ પ્રસ્થાપિત કરી**

**■FSL ટીમના અથાગ પ્રયાસોને કારણે શોકગ્રસ્ત પરિવારોને તેમના સ્વજનોના પાર્થિવ દેહ ઝડપથી મળ્યા**





**સમય મિરર | અમદાવાદ**

ગુજરાત તા. ૧૨ જૂન, ૨૦૨૫ના ગોઝારા દિવસને ક્યારેય ભૂલી શકશે નહીં. અમદાવાદમાં સર્જાયેલી વિમાન દુર્ઘટના બાદની વિકટ પરિસ્થિતિ વચ્ચે રાહત-બચાવ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું હતું, ત્યાં એક અદ્રશ્ય છતાં અત્યંત મહત્વપૂર્ણ ટીમ પણ પોતાના કર્તવ્યપથ પર અડગ હતી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની ટીમ. FSLની ટીમે સંવેદના અને વિજ્ઞાનના સંગમનો અનોખો દાખલો પૂરો પાડ્યો છે. આ દુર્ઘટના સમયે ઘટનાસ્થળ પર ચારેબાજુ વિમાનના કાટમાળ વચ્ચેથી મળી આવેલા મૃતદેહો અને માનવ અવશેષોની ઓળખ કરવી એ ખૂબ જ મોટો પડકાર હતો.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લેતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચનાથી માત્ર ગણતરીની ક્ષણોમાં જ FSLની ટીમ દુર્ઘટના સ્થળ પર પહોંચી હતી. પ્રથમ દ્રષ્ટિએ જ ઘટનાની ભયાવહતા સમજાઈ ગઈ હતી. મૃતદેહો અને માનવ અવશેષોને રાહત-બચાવ ટીમ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી રહ્યા હતા. આવા કપરા સમયે FSLની ટીમે સિવિલ હોસ્પિટલ સાથે સંકલન સાધીને તુરંત જ હોસ્પિટલ ખાતે પહોંચી રહેલા મૃતદેહ, માનવ અવશેષોમાંથી ઉગઅ પરીક્ષણ માટેના નમૂના લેવાની પ્રક્રિયા શરુ કરી દીધી હતી. આ સંદર્ભે ડિરેક્ટર ઓફ ફોરેન્સિક સાયન્સ શ્રી એચ. પી. સંઘવીએ કહ્યું હતું કે, આ દુર્ઘટના FSL માટે માત્ર એક ''કેસ'' નહિ, પરંતુ અસંખ્ય પરિવારોની આશા અને સંવેદનાનો વિષય હતો. એટલા માટે જ, મૃતકોની ઉગઅ પ્રોફાઈલીંગ દ્વારા ઓળખની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરીને પાર્થિવ દેહ તેમના પરિવારજનોને ઝડપથી સોંપી શકાય તે માટે ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટની તમામ FSL ટીમોને તુરંત જ ગાંધીનગર ખાતે બોલાવી લેવામાં આવી હતી.

ઓળખ ન થઈ શકે તેવા અવશેષોમાંથી એકત્ર કરાયેલા ઉગઅ સેમ્પલનું પરીક્ષણ જટીલ હોવાથી મૃતકોના દરેક સેમ્પલને કાળજીપૂર્વક FSL-ગાંધીનગરની લેબમાં લાવવામાં આવ્યા હતા. જ્યારે, મૃતકોના સગા-સંબંધીઓના DNA સેમ્પલ એકત્ર કરવાથી લઈને DNA પ્રોફાઈલીંગની કામગીરી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે શરુ કરવામાં આવી હતી. આ બંને જગ્યાએ મળીને કુલ ૫૪ DNA નિષ્ણાતોની ટીમ દ્વારા દિવસ-રાત મૃતકો તેમજ તેમના સગા-સંબંધીઓના DNA પ્રોફાઈલીંગ-મેચિંગ માટેના પરીક્ષણો કરવામાં આવી રહ્યા છે, તેમ તેમણે ઉમેર્યું હતું. FSLની મુલાકાત લઈને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પણ DNA પરીક્ષણ કામગીરીની સતત સમીક્ષા કરીને FSLની ટીમને પ્રોત્સાહિત કરી હતી. FSL ટીમના નિષ્ણાતોની ફરજનિષ્ઠા અને ફરજ પ્રત્યેના સમર્પણને પણ હર્ષ સંઘવીએ બિરદાવ્યું હતું.

વધુમાં જણાવ્યા મુજબ FSLના યુવાન અને ઉત્સાહી વૈજ્ઞાનિકો, ટેકનિશિયનો અને સહાયકોની ટીમ આવી ગંભીર પરિસ્થિતિ વચ્ચે ઊંઘ, આરામ અને પરિવારને ભૂલીને દિવસ રાત જોયા વગર DNA પ્રોફાઈલિંગ જેવી ફોરેન્સિક તકનીકોનો ઉપયોગ કરીને મૃતદેહોને તેની સાચી ઓળખ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. FSLના ૫૪ DNA નિષ્ણાતો પૈકી ૨૨ નિષ્ણાત મહિલાઓ છે. જેમાંથી ઘણી મહિલાઓ પોતાના ત્રણ વર્ષ કરતા પણ નાના બાળકની સારસંભાળની જવાબદારી હોવા છતાં લેબમાં છેલ્લા ચાર દિવસથી મૃતકોને ઓળખ આપવાની કામગીરી કરી રહી છે.

આવું જ એક ઉદાહરણ એક DNA નિષ્ણાતનું છે, જેમની માતાનું હૃદય માત્ર ૨૦ ટકા જ કાર્ય કરી રહ્યું હોવાથી તેમની તાત્કાલિક સર્જરી થવાની હતી. છતાં પણ આ અંગત મુશ્કેલીઓને બાજુમાં મૂકીને આ DNA નિષ્ણાતે મૃતકોના DNA પરીક્ષણની કામગીરી પ્રત્યે વધુ પ્રતિબદ્ધતા દાખવી છે. FSL ખાતે દિવસ રાત કામ કરી રહેલી આ નિષ્ણાતોની ટીમ નિઃસ્વાર્થતા અને ફરજ પ્રત્યેના સમર્પણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે, તેમ તેમણે જણાવ્યું હતું. અત્રે નોંધનીય છે કે, અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ગુજરાતની FSL ટીમે મૃતકની ઝડપથી ઓળખ કરવાની કામગીરીને પ્લાનિંગ સાથે તેજ બનાવી હતી, જેના પરિણામે સ્વરૂપે FSLની ટીમને ૭૨ કલાક કરતા પણ ઓછા સમયગાળામાં મૃતકોની ઓળખ પ્રસ્થાપિત કરવામાં સફળતા મળી છે. બે દાયકા પહેલાના સમયમાં DNA પરીક્ષણથી મૃતકની ઓળખ પ્રસ્થાપિત કરવામાં લગભગ ૫ થી ૧૦ દિવસ જેટલો સમય લાગતો હતો. જેની સામે અત્યારે ગુજરાતમાં ઉપલબ્ધ અદ્યતન FSL લેબ, DNA કામગીરી માટેની અદ્યતન મશીનરી અને નિષ્ણાતોની સક્ષમ ટીમના પરિણામે લગભગ ૭૨ કલાકમાં જ મૃતકની ઓળખ કરવામાં સફળતા મળી રહી છે. અતિ જટીલ અને સંવેદનશીલ કામગીરીના અંતે FSLની ટીમે અત્યાર સુધીમાં અમદાવાદ વિમાન દુર્ઘટનાના અનેક મૃતદેહોની ઓળખ કરવામાં અકલ્પનીય સફળતા મેળવી છે. FSLની ટીમના અથાગ પ્રયાસોને કારણે, શોકગ્રસ્ત પરિવારોને તેમના સ્વજનોના પાર્થિવ દેહ ઝડપથી મળી રહ્યા છે. અમદાવાદ વિમાન દુર્ઘટનામાં FSL ટીમનું સમર્પણ ખરેખર પ્રશંસનીય છે. તેમણે માત્ર વૈજ્ઞાનિક પુરાવા જ નહીં, પરંતુ માનવીય સંવેદનાનું પણ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. FSLની આ અદ્રશ્ય મહેનત અને અડગ સમર્પણ, એક ભયાનક દુર્ઘટનાના ઘા રૂઝાવવામાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

**હવામાન વિભાગની આગાહીને અનુલક્ષીને**

# મુખ્યમંત્રીએ નાગરિકોના જાનમાલની રક્ષા અંગે પગલાં લેવા સૂચના આપી

**સમય મિરર | રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદને ધ્યાને લેતા નાગરિકોના જાનમાલની રક્ષા અંગે પગલાં લેવા અંગે જરૂરી સૂચનાઓ આ વિસ્તારોના જિલ્લા કલેક્ટર્સને આપી છે.

હવામાન વિભાગની આગાહીને અનુલક્ષીને જરૂર જણાય ત્યાં તાત્કાલિક અસરથી લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવા અને વરસાદને કારણે ભરાયેલા પાણીના ઝડપી નિકાલ તેમજ વીજ અને ખાદ્ય પુરવઠો, આરોગ્ય અને જીવનરક્ષક દવાઓ સહિતની બાબતોમાં પૂરી સતર્કતા અને અગમચેતી સાથે સજ્જ રહેવાના જરૂરી દિશાનિર્દેશ પણ આપ્યા છે.



મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને ભારે વરસાદમાં રાખવાની સાવધાની, તેમજ નદી-નાળાના વહેતા અને ભયજનક પાણીમાંથી પસાર ન થવા અંગેની સૂચનાઓ પણ અવારનવાર નાગરિકોને સંબંધિત જિલ્લા તંત્ર દ્વારા આપવામાં આવતી રહે તેવી તાકીદ પણ કલેક્ટર્સને કરી છે.

**લુપ્ત થતી પ્રજાતિના પંખીના મોતથી પર્યાવરણ પ્રેમીઓમાં અરેરાટી : વીજળીથી ઘટનાની સંભાવના**

# રાપરના મોડા ગામમાં ભારે પવન અને વીજળી પડતાં ૬૨થી વધારે ચકલીના મોત

**સમય મિરર | કચ્છ**

વાગડ વિસ્તારમાં વરસાદી વાયરા વચ્ચે લૂપ્તપ્રાય પક્ષીના મોટી સંખ્યામાં મોત થતા જીવદયાપ્રેમીઓ શોકમગ્નભારે વરસાદના કારણે ચકલીઓ ઝાડ પરથી આંગણામાં પડી, બચાવવાના અથાક પ્રયાસો નિષ્ફળ રહ્યા શનિવારે રાત્રે રાપર તાલુકાના મોડા ગામમાં ભારે પવન અને વીજળી પડતાં ૬૨ ચકલીઓના મોત થયા હતા.

ગામના અગ્રણી પુંજાભાઈ કોલીએ જણાવ્યું હતું કે તેમના ઘરના આંગણામાં અનેક ઝાડ છે. જેમાં અનેક પક્ષીઓ વસવાટ કરે છે. રાત્રે ભારે પવન અને વીજળીના કારણે એક ઝાડમાંથી ૬૨ ચકલીઓ નીચે પડી ગઈ હતી. સવારે આ ચકલીઓ આંગણામાં વેરવિખેર હાલતમાં જોવા મળી હતી. કેટલાક ચકલીઓને બચાવવાનો પ્રયાસ પણ કર્યો હતો. તેમ છતાં ૬૨ ચકલીઓના મોત નિપજ્યા હતા. મૃત્યુનું કારણ વીજળી પડવી, ભારે પવન કે અન્ય કોઈ કારણ હોઈ શકે છે એવું પુંજાભાઈએ જણાવ્યું હતું. રાત્રે મોડા ગામમાં એકાદ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. રાપર તાલુકામાં પણ વીજળી પડતાં કેટલાક ટ્રાન્સફોર્મર બળી ગયા હતા. જેના કારણે કેટલાક વિસ્તારોમાં આખી રાત અને સવાર સુધી વીજ પુરવઠો ખોરવાયો હતો.

# શાપરમાં બોઈલર ફાટતા ભભૂકેલી આગમાં કારખાનેદાર બાદ શ્રમિકનું પણ કરુણ મોત

## ડાઈ કાસ્ટિંગના કારખાનામાં ઓઈલ લિકેજથી ભભૂકેલી આગમાં ચાર લોકો દાઝ્યા'તા

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ પંથકમાં આગની ઘટનાઓ છાશવારે સામે આવી રહી છે ત્યારે શાપર નજીક આવેલા ડાઈ કાસ્ટીંગના પ્લાન્ટમાં ઓઈલ લીકેજ થતાં મશીન સળગી ઉઠયું હતું. બોઈલ ફાટતાં ભભૂકી ઉઠેલી આગમાં કારખાનેદારનું મોત નિપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે દાજી ગયેલા ભાગીદાર, કારીગર અને મૃતકના ભાઈને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. કારખાનદાર બાદ શ્રમિક યુવકે પણ સારવારમાં દમ તોડતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, શાપર નજીક વીરવા રોડ પર આવેલ ગોલ્ડ ગેઈટ નં.૧માં આવેલ ડાઈ કાસ્ટીંગના પાંચ દિવસ પૂર્વે કારખાનામાં રાત્રીના દસેક વાગ્યાના અરસામાં બોઈલર ફાટતાં આગ ભભુકી



ઉઠી હતી. આગમાં કારખાનેદાર ભરતભાઈ ધીરૂભાઈ કાકડીયા (ઉ.૨૭) તેના ભાઈ જયેશભાઈ ધીરૂભાઈ કાકડીયા (ઉ.૨૪) અને કારખાનાના પાટનર પીયુષભાઈ ગોરધનભાઈ પીપળીયા (ઉ.૩૫) અને કારીગર પ્રધ્યમ રામકૃપાલ રાજપૂત (ઉ.૨૩) ગંભીર રીતે દાજી ગયેલા ચારેય યુવકને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જેમાં ગંભીર રીતે દાજેલા કારખાનેદાર ભરતભાઈ કાકડીયાની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નિપજતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. જ્યારે સારવાર લઈ રહેલા કારીગર પ્રધ્યમ રામકૃપાલ રાજપૂત (ઉ.૨૩)નું ટૂંકી સારવાર દરમિયાન હોસ્પિલના બિછાને મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો હતો.

આ અંગે પ્રાથમિક પુછપરછમાં મૃતક યુવાન મૂળ ઉત્તર પ્રદેશનો વતની હતો. બે ભાઈ એક બહેનમાં નાનો હતો અને તેના એકાદ વર્ષ પૂર્વે લગ્ન થયા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે લોધિકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ટ્રાયલ કોર્ટના ચુકાદાને આરોપીએ પડકારી ઉપલી કોર્ટમાં અપીલ કરી'તી

# ચેક પરત ફરવાના કેસમાં આરોપીની સજા અને દંડના હુકમને યથાવત રાખતી સેશન્સ કોર્ટ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ ટ્રાયલ કોર્ટે રૂ.૧૦ લાખના ચેક રિટર્ન કેસમાં ફરમાવેલ બે વર્ષની સજા અને દંડના હુકમ

સજા સામેની અપીલ સેશન્સ કોર્ટે ફગાવી દઈ સજા અને દંડનો હુકમ કાયમ રાખ્યો છે.

આ કેસની હકીકત મુજબ પ્રાઈવેટ ટયુશન કલાસ તેમજ કેરીયર કાઉન્સેલિંગનું કામકાજ કરતા રૂપાબેન વાલજીભાઈ મકવાણા (રહે. રાજકોટ) પાસેથી એન.આઈ.ઓ.એસ.નું સેન્ટર અપાવી દેવા શિક્ષણને લગતા વ્યવસાયમાં જોડાયેલ હિમ્મતભાઈ આત્મારામભાઈ ભદ્રા (રહે.જામનગર)એ આર.ટી.જી.એસ.થી તેમજ રોકડા મળી કુલ રૂ.૧૫ લાખ લીધા હતા. આ રૂપીયા મેળવ્યા બાદ હિંમતભાઈએ અનેક વાર ખોટા બહાનાઓ કરીને સમય પસાર કરેલ હતો, ને રૂપાબેન મકવાણાને એન.આઈ.ઓ.એસ.નું સેન્ટર અપાવેલ નહીં, આથી રૂપાબેને આપેલ રૂપીયાની પરત માંગણી કરતા હિંમતભાઈએ




રૂ.૫ લાખ પરત અને બાકી રહેતી રકમ રૂ.૧૦ લાખ ચુકવવા રૂપાબેનના નામજોગ લખી આપેલ હતો. જે ચેક પરત ફરેલ હતો. ત્યારબાદ રૂપાબેનની લીગલ નોટિસ છતા હિંમતભાઈએ કાયદેસરની રકમ પરત નહી ચુકવી આપતા રૂપાબેને કોર્ટમાં કેસ દાખલ કરતા આરોપી હિંમતભાઈ ભદ્રાને અદાલતે બે વર્ષની સાદી કેદ અને આરોપીએ હુકમની તારીખથી એક માસની મુદતમાં રૂ.૧૨.૫૦ લાખ દંડ પેટે અદાલતમાં જમા કરાવવા અને આરોપી દંડ પેટે જમા કરાવેલ રકમમાંથી રૂ.૧૦ લાખ ૬ ટકાના વ્યાજ સહિત વળતર તરીકે ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કર્યો હતો અને તે દંડની રકમ ચુકવવામાં ન આવે તો આરોપીએ વધુ પાંચ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ હતો. ટ્રાયલ કોર્ટના હુકમ સામે આરોપી હિંમત ભદ્રાએ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જે અપીલ ચાલી જતા બંને પક્ષની રજુઆત બાદ ફરીયાદીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ એડી.સેશન્સ જજ જે.એન. ઠકકરે આરોપી હિંમત ભદ્રાણીની અપીલ નામંજુર કરી ટ્રાયલ કોર્ટે કરેલ સજાનો હુકમ યથાવત રાખતો હુકમ કર્યો હતો.

આ કેસમાં ફરીયાદી તરફે ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી અને આસીસ્ટન્ટ તરીકે ઈશા કણઝારીયા રોકાયા હતા.

# રાજકોટમાં મિત્રની પ્રેમિકા પાસે રાખડી બંધાવવાની ના પાડતા યુવક ઉપર ત્રિપુટીનો હુમલો

## પ્રેમિકા સાથે પ્રેમ સંબંધ હોવાનું આળ મુકી મિત્રએ માર માર્યાનો આક્ષેપ

**સમય મિરર | રાજકોટ**

ચુનારાવાડ વિસ્તારમાં રહેતા યુવકને તેના મિત્રએ પ્રેમિકા સાથે પ્રેમ સંબંધ હોવાનું આળ મુકી રાખડી બંધાવવાનું કહ્યું હતું. પરંતુ યુવકે રાખડી બંધાવવાની ના પાડતાં મિત્ર સહિતના શખ્સોએ હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકે સારવાર માટે ખસેડાયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી મળતી વિગત મુજબ ચુનારાવાડ વિસ્તારમાં રહેતા પરાગ વિજયભાઈ બાવળીયા (ઉ.૨૮) રાત્રીના સમયે પોતાના ઘર પાસે હતો ત્યારે બાલી અને સુરજ સહિતના શખ્સોએ ઝઘડો કરી તિક્ષણ હથિયાર વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને



સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પ્રાથમિક તપાસમાં હુમલાખોર બાલીની પ્રેમિકા સાથે પરાગ બાવળીયાને પ્રેમ સંબંધ હોવાનું આળ મુકી રાખડી બંધાવવાનું કહ્યું હતું. પરંતુ પરાગ બાવળીયાએ રાખડી બાંધવવાની ના પાડતાં હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં એન્ટિક વસ્તુ ખરીદવા આવેલા શખ્સે વેપારીને છરીની અણીએ આપી ધમકી

## પેમેન્ટ આપવાના બદલે છરી કાઢી દુકાનમાં ધમાલ મચાવનાર ભાગ્યો પણ પોલીસે દબોચી લીધો

**સમય મિરર | રાજકોટ**

જુના મોરબી પર એન્ટિક વસ્તુઓ વેંચતા વેપારીના ઘરે એક શખ્સે આવી વસ્તુઓ ખરીદવા અને પેમેન્ટ બાબતે આરોપીએ છરી બતાવી મારી નાખવાની ધમકી આપી ભાગવા જતા પોલીસે આરોપીનો પીછો કરી ઝડપી લીધો હતો.આ મામલે બી ડીવીઝનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

વધુ વિગતો મુજબ,મોરબી રોડ ગણેશનગર પાસે રહેતા હેમરાજભાઇ ભોજરાજભાઇ ધોલીયા(ઉ.વ.૪૭)એ ફરિયાદમાં મહેશ દેવજી પુરબીયાનું નામ આપતા પોલીસે તેની પર ગુનો નોંધયો છે.હેમરાજભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું જુની એન્ટીક વસ્તુની લે-વેચનો વેપાર કરુ છું.ગઈકાલ રવિવારે બપોરના બે વાગ્યાની આસપાસ



હું મારા ઘરે હતો ત્યારે બે અજાણ્યા વ્યક્તિઓ મારા ઘરે આવેલ અને મને કહેવા લાગેલ કે મને જુની એન્ટીક વસ્તુઓ ખરીદવાનો શોખ છે અને મને બધી વસ્તુઓ બતાવો તેવુ કહેલ જેથી મે કહેલ કે પહેલા મને પેમેન્ટ કરાવો પછી હું વસ્તુ બતાવુ તો તેમાનો એક ઈસમ ત્યાથી જતો રહેલ અને કહેલ કે મારે કામ છે હું જાવ છુ તેવુ કહી એક જતો રહેલ અને બીજા વ્યક્તિ એ મને ક હેલ કે તમે ચેક લાવો હું તમને ઓનલાઇન પેમેટ કરાવી આપુ તેમ કહી તેને મારા ચેકનો ફોટો પાડીને તેના મીત્રને મોકલી અને મને કહેલ કે તમારા ખાતામાં હુ ઓનલાઈન પેમેન્ટ કરાવુ છું. તેવુ કહી તેના મીત્રને તે કોલ કરવા લાગેલ અને તેનો મીત્ર કહેતો હોય કે ટાવર નથી આવતો તેમ કરતા કરતા બે-અઢી કલાક જતી રહેલ જેથી મે તેને કહેલ કે હવે અત્યારે તમે જાવ રોકડા જ લઈને આવજો પછી હુ તમને વસ્તુ આપીશ તેવુ કહતા આ વ્યક્તિ ત્યાથી જતો રહેલ અને હુ નાવા જતો રહેલ જે બાદ થોડીજ વારમાં આ વ્યક્તિ પરત આવેલ અને મને કહેવા લાગેલ કે મારુ ચાર્જર અહી રહી ગયેલ છે તે લાવો તેમ કહેતા મે તેને કહેલ કે તમે ચાર્જર કાઢ્યુ જ નથી તમે મારા ચાર્જરમાંથી ચાજીર્ગ કરતા હતા તેમ કહી આજુ બાજુમા જોવા લાગેલ અને મારી સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા અને તે દરમ્યાન આ અજાણ્યા ઈસમે તેની પાસેના બેગમાંથી છરી કાઢી મને બતાવી કહેલ કે વસ્તુ આપી દે અને ખોટા દેકારા કરતો નહી નહીતર છરીના ઘોદા મારી દઈશ તેમ કહી ધમકી આપતાં મે અવાજ કરેલ જેથી આજુ બાજુના લોકો આવી જતા આ શખ્સ ત્યાથી જતો રહેલ જે થી મે ૧૦૦ નંબરમાં કોલ કરેલ અને મારુ એક્ટીવા લઈ મે તેનો પીછો કર્યો જે દરમ્યાન પોલીસની ગાડી આવી અને પોલીસની ગાડીએ તેનો પીછો કરી તેને પકડી લીધેલ અને તેને અહી પોલીસ સ્ટેશને લાવેલ અને તેનુ નામ-ઠામ પુછતા પોતાનુ નામ મહેશભાઇ દેવજીભાઈ પોરબીયા જણાવતો હોય તેમના વિરુદ્ધ બી ડિવિઝનમાં ફરિયાદ નોંધાઈ હતી.

# રાજકોટમાં જુદા-જુદા બે સ્થળે જુગારના દરોડા બે મહિલા સહિત ૧૩ પત્તાપ્રેમી ઝડપાયા



**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં ભક્તિનગર પોલીસ મથકના પી.એસ.આઇ જે.જે. ગોહિલ અને મયુરધ્વજસિંહ જાડેજા સહિતના સ્ટાફને મળેલી બાતમીને આધારે ગીતાંજલિ હોલમાં જુગાર રમતા ભદ્રેશભાઇ ગીરધરલાલ કોઠારી જાતે,હિરેનભાઇ હરેશભાઇ જોબનપુત્રા,રક્ષીતભાઇ બિપીનકુમાર વોરા જાતે વાણીયા,મીત નરેશભાઇ બારડ,દિવ્યભાઇ વિનોદભાઇ પોપટ,અમનભાઇ ભદ્રેશભાઇ કોઠારી જાતે વાણીયા, વિમલભાઇ સુભાષચંદ્ર મોદી,ચેતનાબેન ભદ્રેશભાઇ ગીરધરલાલ કોઠારીઅને અમીબેન ધવલભાઇ કોઠારીને ઝડપી ૩૧ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે બીજા દરોડામાં સિવિલ હોસ્પિટલ ચોકમાં જાહેરમાં જુગાર રમતો હોવાની બાતમી મળતા પ્ર. નગર પોલીસે દરોડો પાડી જુગાર રમતા અક્ષય ભુપત સીતાપરા,મહેબૂબશા કાસમશા શાહમદાર,ઘનશ્યામ જયકિશન ખત્રી અને કમલેશ માંગીલાલ પરમારને ઝડપી ૨ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# કુવાડવા નજીક નજીવા પ્રશ્ને સગીર ઉપર ચાર શખ્સોનો હુમલો

## મિત્રની કારમાં બેસતી વખતે બે બાઇકમાં ધસી આવેલા શખ્સોએ બોલાવી બઘડાટી

**સમય મિરર | રાજકોટ**

કુવાડવા ગામ નજીક વાકાનેર ચોકડી પાસે ૧૭ વર્ષ સુધી નજીવી બાબતે પાઇપ વડે બેફામ માર મારતા તેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો આ મામલે કુવાડવા પોલીસ મથકના ચારેય વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

વધુ વિગતો મુજબ,કુવાડવા ગામે રહેતા ૧૭ વર્ષના ઉમંગ બાહુકીયાએ અનિલ ગમારા,નિલેશ ગમારા અને બે અજાણ્યા વ્યક્તિ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.ઉમંગે ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું ટી-સ્ટોલ ચલાવુ છુ.ગઈ તા.૧૫/૦૬ના રોજ બપોરના સાડા ત્રણેક વાગ્યાની આસપાસ અનીલભાઇ ગમારા (રહે બામણબોર વાળા)નો મારા ફોનમાં ફોન આવેલ હતો અને આર્યાબેન ચિરાગભાઇ કાપડીયા (રહે પટેલ વાડી કુવાડવા



ગામ તા.જી રાજકોટ વાળી) સાથે વાત કેમ નથી કરતો તેમ કહી મને ફોનમાં ગાળો આપવા લાગ્યો હતો.

જેથી મે મારા મોટા બાપુ જયંતીભાઇના દિકરા સચીનભાઇને આ બાબતે વાત કરેલ હતી જેથી સચિનભાઇએ અનિલભાઇના કાકા અજીતભાઇ ગમારાને ફોન કરીને વાત કરેલ હતી જેથી અનિલભાઈના કાકા અજીતભાઇએ કહેલ કે અનિલભાઇ હવે ઉમંગ ભાઇને ફોન નહી કરે બાદમાં સાંજના હુ અમારા ગામમાં આવેલ અમારા મઢે દર્શન કરવા માટે ગયેલ હતો અને પછી વાંકાનેર ચોકડીએ મારો મિત્ર રાયધનભાઇ ઉભો હતો.

જેથી હું ત્યા ઉભો રહેલ હતો અને હુ મારા મિત્ર રાયધનભાઇનો સ્કોર્પીયો ગાડીમાં બેસવા જતો હતો ત્યારે બે બાઇક લઈને અનિલભાઇ ગમારા,નિલેશભાઇ ગમારા તથા બે અજાણ્યા પાઇપ લઈને આવેલ અને મારી સાથે બોલાચાલી ઝઘડો કરવા લાગેલ હતા અને ગાળો આપવા લાગ્યા હતા.ત્યારબાદ આરોપીઓએ હુમલો કર્યો હતો.ત્યારબાદ ઇજા થતાં મને સારવાર માટે આરોગ્ય કેન્દ્ર કુવાડવા ગામ ખાતે લઈને ગયેલ હતા બાદ વધુ સારવાર માટે મને સરકારી હોસ્પીટલ રાજકોટ ખાતે લાવ્યો હતો.આ મામલે કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

### રેલનગર અને દેવપરામાં બે યુવાને જવલનશીલ પ્રવાહી પી લેતાં તબિયત લથડી

# રાજકોટમાં આર્થિક ભીંસથી લોનના હપ્તા ચડી જતાં યુવકનો ઝેર પી આપઘાતનો પ્રયાસ

**સમય મિરર | રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા ઉદયનગરમાં રહેતા યુવાને આર્થિક ભીંસના કારણે લોનના હપ્તા ચડી જતાં રામાપીર ચોકડી પાસે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ઉદયનગરમાં રહેતા કેયુર મનીષભાઈ વાઘેલા નામનો ૨૩ વર્ષનો યુવાન રાત્રીના રામાપીર ચોકડી પાસે હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં કેયુર વાઘેલા બે બહેનોમાં એકનો એક ભાઈ અને અપરિણીત છે. કેયુર વાઘેલા રીક્ષા ચલાવી



પરિવારનું ગુજરાન ચલાવે છે. જુદી જુદી ત્રણ ફાયનાન્સમાંથી લીધેલી લોનના હપ્તા ચડત થઈ જતાં કેયુર વાઘેલાએ ઝેરી દવા પીધી હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત બીજા બનાવમાં રેલનગરમાં રહેતાં અસલમ ચાંદભાઈ ચૌહાણ (ઉ.૩૦)એ પોતાના ઘરે ફીનાઈલ જ્યારે દેવપરામાં રહેતા વિઠ્ઠલ વિનોદભાઈ મકવાણાએ રાત્રીના આઠ વાગ્યે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. બન્ને યુકવને ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડાયા હતાં.

# રાજકોટમાં નાના ભાઈની પત્ની ભાગી જતાં પૂછપરછ માટે ગયેલા યુવાન ઉપર છરીથી હુમલો

## બજરંગવાડી નજીક મશ્કરીમાં ગાળો દેવાની ના પાડતાં યુવકને મહિલા સહિતનાએ માર માર્યો

**સમય મિરર | રાજકોટ**

થોરાળા વિસ્તારમાં રહેતો યુવાન નાના ભાઈની પત્ની ભાગી જતાં અપહરણ કરનાર શખ્સના ભાઈને પુછપરછ કરવા માટે ગયો હતો. ત્યારે ત્રણ શખ્સોએ છરી ધોકા વડે હુમલો કરી માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, થોરાળામાં આવેલા ટ્રેકટર ચોક પાસે રહેતાં અનિલ દિલીપભાઈ મકવાણા (ઉ.૨૪) પોતાના ઘર પાસે હતો ત્યારે રાત્રીના સમયે રવિ ઉર્ફે કાગડી સહિતના શખ્સોએ



ઝઘડો કરી છરી અને ધોકા વડે હુમલો કર્યો હતો. યુવકને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડાયો હતો. પ્રાથમિક પુછપરછમાં હુમલાખોર રવિ ઉર્ફે કાગડીનો ભાઈ સાહિલ અનિલ મકવાણાના નાના ભાઈ સંજય મકવાણાની પત્ની આરતીબેનની ગઈકાલે ભગાડી ગયો હતો. જે મુદ્દે પુછપરછ કરવા જતાં હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત બીજા બનાવમાં જામનગરમાં રહેતો મિત ભુપેન્દ્રભાઈ સુખડીયા (ઉ.૩૦) રાત્રીના નવેક વાગ્યાના અરસામાં માધાપર ચોકડી નજીક હતો ત્યારે તેની સાથે કેટરર્સમાં કામ કરતાં શખ્સોએ મશ્કરીમાં ગાળો ભાંડી હતી. જેથી મિત સુખડીયાએ ગાળો દેવાની ના પાડતાં સોનાલીબેન સહિતના શખ્સોએ તિક્ષ્ણ હથિયાર વડે માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડાયો હતો. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### રીક્ષામાં દારૂની હેરાફેરી કરતો શખ્સ અને બે રાજસ્થાની શખ્સની પૂછપરછ જારી

# રાજકોટમાં બે સ્થળે દારૂના દરોડા ૧.૫૧ લાખનો દારૂ જપ્ત કરાયો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમા અલગ અલગ ત્રણ સ્થળે પોલીસે દરોડા પાડી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. આજીડેમ ચોકડી પાસેથી રીક્ષામા દારૂની હેરાફેરી કરતા શખ્સને રૂ. ૧.૦૬ લાખનાં દારૂ સાથે ઝડપી પાડયો હતો. જયારે મોટી ટાંકી ચોક પાસેથી ૪૫ હજારનાં દારૂ સાથે બે રાજસ્થાનીને ઝડપી લીધા હતા.

પીસીબીનાં હેડ કોન્સ. કિરતસિંહ, કોન્સ. વાલજીભાઈ જાડા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમા હતો દરમિયાન ભાવનગર રોડથી આજીડેમ ચોકડી તરફનાં રસ્તે સતાર નામનો શખ્સ પોતાની રીક્ષામાં દારૂની હેરાફેરી કરતો હોવાની બાતમીનાં આધારે પોલીસે દરોડો પાડી રીક્ષા ચાલક સતારશા કાદરશા સર્વદી (રે. ભવાની ચોક ન્યુ સાગર સોસાયટી કોઠારીયા રોડ ) ને ઝડપી પાડી રીક્ષાની તલાશી લેતા તેમાથી વિદેશી દારૂની બોટલ નં ૭૮ (કિ. ૧,૦૫,૬૦૦ ) મળી આવતા



પોલીસે દારૂ અને રીક્ષા મળી કુલ રૂ. ૧,૮૫,૬૦૦ નો મુદામાલ કબજે કરી આરોપીની ધરપકડ કરી હતી જેની પુછપરછમા આ દારૂનો જથ્થો દુધસાગર રોડ પર હૈદરી ચોકમા રહેતા શાહરૂખ નુરાભાઈ સર્વદીએ આપ્યાની કબુલાત આપતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે . જયારે બીજા બનાવમા ક્રાઈમ બ્રાન્ચનાં પીઆઇ એ. એસ. ગરચરનાં માર્ગદર્શન હેઠળ એએસઆઇ સમીર શેખ, કોન્સ. હરપાલસિંહ જાડેજા સહીતનાં સ્ટાફે મોટી ટાંકી ચોક પાસેથી રાજસ્થાનનાં રોડસીંગ કેસરસીંગ સોલંકી અને ભગવાનદાસ કિશનદાસ રંગ સ્વામીને દારૂનાં ચપલા નં ૨૨૪ મિ. ૪૪૮૦૦) સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્રીજા દરોડામા બી ડીવીઝન પોલીસ મથકનાં પીઆઈ એસ. એસ. રાણેનાં માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલીંગમા હતો દરમિયાન કોન્સ. સંદિપ અવાડીયા અને હાર્દિક છૈયાને મળેલી ચોકકસ બાતમીનાં આધારે મોરબી રોડ પર વેલનાથપરા ઓવર બ્રીજ પાસેથી બાઇક લઈ નીકળેલા ધવલ વિક્રમભાઈ ગોલતર (રે. રંગીલા પાર્ક, મોરબી રોડ) ને દારૂની ૧૮ બોટલ સાથે ઝડપી પાડી દારૂ અને બાઇક મળી કુલ રૂ. ૧,૦૧,૫૭૬ નો મુદામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં કાચ ફોડવા મુદ્દે યુવકને બંધુ સહિતની ટોળકીએ આપી ધમકી

## કાચ ફોડવાવાળો નહીં મળે તો બધાના મકાન ખાલી કરાવી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં ભગવતીપરા સુખસાગર સોસાયટીમાં રહેતા ચીરાગભાઈ દલાભાઈ વાઘેલા (ઉ.વ.૨૮)ને પાડોશીમાં રહેતા ઈમ્તિયાઝ ઈબ્રાહીમ મુકાશરા, ઈમ્તિયાઝના પત્ની અને ઈમ્તિયાઝનો નાનો ભાઈ જાહિદની ઘર પાસે પાર્કિંગ કરેલી કારના કાચ ફોડી નાખતા તમામ આરોપીએ ફરિયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી અને ગાળો આપતા બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ચિરાગભાઈએ જણાવ્યું છે કે, હું કેસરી પુલ પાસે લક્ષ્મી ડ્રાયવિંગ સ્કૂલ નામની ડ્રાયવિંગની સ્કૂલ ચલાવું છું. ગઇકાલ તા.૧૪/૦૬નાં રાત્રીનાં બારેક વાગ્યાનાં અરસામાં લાઈટ ન હોય જેથી હું તથા પરિવારનાં સભ્યો ઘરની આગળ બેઠા હતા તે દરમ્યાન રાત્રીનાં સવા બારેક વાગ્યાનાં સુમારે અમારી બાજુની અંબીકાપાર્ક સોસાયટી શેરી નં.-૦૧માં રહેતા આ ઈમ્તિયાઝભાઈ તથા તેના પત્ની તથા તેને ભાઈ જાહીદ જેની સાથે એક સ્ત્રી હતી.તે બધા ત્યાં આવેલ અને આ બંને ભાઈઓએ અમને કહેલ કે મારી ગાડી મારા ઘર પાસે પડી હતી. તેનો કાચ તમારા જ સમાજના કોઈ વ્યક્તીએ તોડી નાખેલ છે તે વખતે અમોએ આ લોકોને જણાવેલ કે અમને આ બાબત તેની ખબર નથી જો તમને આ કાચ કોણે તોડ્યો છે તેની માહીતી હોય તો અમને કહો જે અમારા સમાજનો હશે તો અમે તેને લઇ આવી તે વખતે જાહીદે અમને ધમકાવતા કહેલ કે તારો બાપ તમારા સમાજનો આગેવાન છે હું કંઈ જાણું નહીં ગમે ત્યાંથી એને હાજર કરો નહી તો તમને લોકોને અહિં રહેવા દઈશું નહીં. તેમ કહી બંને ભાઈઓ ગાળા ગાળી પર ઉતરી ગયેલ ત્યારબાદ આ વિશે પણ અભદ્ર ટીપણી કરતા બોલેલ કે સવાર સુધીમાં જો આ છોકરો હાજર ન થયો તે તમારા બધનાં મકાન ખાલી કરાવી નાખીશ. તેવી ધમકીઓ આપવા લાગેલ અને તેઓ જોર જોરથી ગાળાગાળી કરતા હોય અમારી આસપાસ ના અમારા સમાજના તથા અન્ય લોકો પણ એકત્ર થઇ ગયા હતા.બાદમાં ત્યાં રહેતા મોનીકાબેન શેરીમાં રહેલ રખડતા કુતરાનાં ડરથી ભાગીને પોતાના ઘરે જતા હતા તે સમયે આ ઈમ્તિયાઝને એવું લાગેલ કે મોનિકાબેન કંઈક જાણે છે અને તેથી પોતે ભાગી રહી છે તેમ સમજી તેમની સાથે ઝઘડો કરવા લાગેલ અને તેમને પણ કહેવા લાગેલ કે તું કંઈક જાણે છે કોણે મારી ગાડીના કાચ તોડયા છે તે કહી દે નહી તો જોવા જેવી થશે તેવું તેમને કહી આડેધડ ગાળો દેવા લાગેલ તેમજ આરોપીઓ પાસે હાથમાં હથિયાર હતા.આરોપીઓ બોલતા હતા કે તમારે જવાબ આપવો છે કે આજે તમારો હિશાબ કરી દઈ. આવી ધમકીઓ આપવાનું ચાલુ હતું.ત્યાં પોલીસ આવી જતા ઈમ્તિયાઝને પકડી લીધો હતો.

ભારે પવન સાથે મેઘાવી તાંડવથી જનજીવન અસ્તવ્યસ્ત થયું, નદી-નાળા, ચેકડેમ ઓવરફ્લો, ગામોમાં પાણી ઘૂસ્યા

# ગોહિલવાડમાં આભ ફાટ્યું

## જેસરમાં 10, પાલીતાણા-સિહોરમાં 9 ઈંચ

સાવરકુંડલામાં 5.31, રાજુલામાં 4.93, મહુવામાં 7.95, ઉમરાળામાં 4.41, વલ્લભીપુરમાં 2.76 ઈંચ પાણી વરસી ગયું

લીલીયામાં ST બસ ફસાતા મુસાફરોને રેસ્ક્યુ કરી બચાવાયા, અનેક સ્થળોએ રસ્તા પાણીમાં ડૂબતાં વાહન વ્યવહાર ખોરવાયો

ભાવનગર, અમરેલી, જૂનાગઢને જળબંબાકાર કરતા મેઘરાજા : સવારે 6 થી સાંજના 6 વાગ્યા સુધીમાં સૌરાષ્ટ્રના 41 તાલુકમાં ઝાપટાથી 10 ઈંચ સુધી વરસાદ ખાબક્યો







**સમય મિરર | રાજકોટ**

સૌરાષ્ટ્રમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. ગાજવીજ સાથે પડેલા વરસાદે આજે ગોહિલવાડને ધમરોળી નાખ્યું હતું. ગોહિલવાડ ઉપર જાણે આભ ફાટ્યું હોય તેવી પરિસ્થિતિનું સર્જન થયું હતું. ભાવનગરના જેસરમાં માત્ર ચાર કલાકમાં ૧૦ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. જ્યારે પાલિતાણા અને સિંહોરમાં ૯ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. માત્ર બે કલાકમાં જ પડેલા વરસાદે સમગ્ર ગોહિલવાડને બાનમાં લીધું હતું. અનરાધાર પડેલા વરસાદથી રોડ-રસ્તાઓ પર ગોઠણસમા પાણી ભરાઈ ગયા હતાં. રસ્તાઓ પાણીમાં ડુબી જતાં વાહન વ્યવહાર ખોરવાયો હતો તેમજ ભારે પવનના કારણે કેટલાક સ્થળોએ વૃક્ષો પણ ધરાશાયી થયા હતાં. રાજુલામાં એસટી બસ ફસાતા તેનું રેસ્ક્યુ કરી મુસાફરોને બચાવવામાં આવ્યા હતાં.

ભાવનગર, અમરેલી અને જૂનાગઢમાં વરસાદનું આજે રૂદ્રસ્વરૂપ જોવા મળ્યું હતું. માત્ર થોડી કલાકોમાં જ આભમાંથી અનરાધાર વરસાદ વરસ્યો હતો અને તારાજી સર્જી હતી. જેસરમાં ૧૦ ઈંચ સિહોરમાં ૮.૬૩, પાલિતાણામાં ૮.૯૩, મહુવામાં ૭.૯૫, સાવરકુંડલામાં ૫.૩૧, રાજુલામાં ૪.૯૩, ઉમરાળામાં ૪.૪૧, વલ્લભીપુરમાં ૨.૭૬, તળાજામાં ૩.૩૧, ગારિયાધારમાં ૩ ઈંચ, સિહોરમાં ૨.૭૩, અમરેલીમાં ૩ ઈંચ સહિત સવારે ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીમાં સૌરાષ્ટ્રના ૪૧થી વધુ તાલુકામાં વરસાદ પડ્યો હતો.

લીલીયામાં ધોધમાર વરસાદ વરસતા નદીઓમાં નવા નીરની આવક થઈ હતી. જેમાં સલડી, ગોઢાવદર, પુંજાપાદરમાં વરસાદ વરસ્યો હતો. અમરેલી જિલ્લામાં વરસેલા વરસાદથી નદી-નાળા છલકાયા હતાં અને વિવિધ ગામની નદીઓમાં ઘોડાપુર આવતા અનેક લોકો આ પાણીમાં ફસાતા સંપર્ક વિહોણા થયા હતાં. તંત્ર દ્વારા તમામને રેસ્ક્યુ માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ભાવનગરમાં પડેલા અનરાધાર વરસાદથી મુઢાણા પાલિતાણા માર્ગ બંધ થયો હતો. બુઢાણા નદી પર બનાવેલી રેલીંગ તોડી ધસમસતો પાણીનો પ્રવાહ વહી રહ્યો હતો. આ દ્રશ્યો લોકોને ભયભીત કરી મુકે તેવું હતું. લિલીયા પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો. લિલીયા તાલુકાના ભોરીગડા ગામે એસટી બસ પાણીમાં ફસાઈ. અમરેલીથી ગારીયાધાર જતી બસ ફસાઈ છે. ભોરીગડા ગામે બની રહેલા કોઝવેના કારણે ડાયવર્ઝન કાઢવામાં આવ્યો હતો. આ ડાયવર્ઝનમાં વરસાદી પાણી ભરાતા એસટી બસ ફસાઈ હતી. જોકે, તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. જેથી તમામે રાહતનો શ્વાસ લીધો હતો.

જૂનાગઢ જિલ્લાના માણાવદર ૧૩ મીમી, વંથલી ૪૩ મીમી, જુનાગઢ ૭૪ મિમી, ભેસાણ ૩૩ મિમી, વિસાવદર ૧૭ મિમી, મેંદરડા ૩૪ મીમી, કેશોદ ૧૨ મીમી, માંગરોળ ૭ મીમી, માળિયા ૧૪ મીમી, ગિરનાર ૫૦ મિમી વરસાદ વરસ્યો હતો. જૂનાગઢ શહેરમાં વરસાદ પડતા મધુરમ વિસ્તારના શીતલ નગરમાં સ્કૂલ બસ ફસાઈ હતી. ખરાબ રોડ રસ્તાના કારણે સ્કૂલે જતા બાળકો હેરાન પરેશાન થયા હતા. શહેરના મુખ્ય માર્ગો સહિત ગલી-મોહલ્લામાં પાણી જ પાણી જોવા મળ્યા છે. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં વાહનો ફસાવાની ઘટનાઓ બની છે, જેનાથી વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તાઓ પર કાદવ અને પાણી ભરાતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. જૂનાગઢ શહેરમાં અનરાધાર વરસાદ વરસતા શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. જોષીપરા અંડરબ્રિજમાં ભારે વરસાદના કારણે પાણી ભરાઈ ગયા છે. પરિણામે અંડરબ્રિજ બંધ કરી દેવામાં આવ્યો છે, જેથી વાહન વ્યવહારને ભારે અસર પડી છે. રેલવે સ્ટેશન રોડ પર પણ વરસાદી પાણી ભરાતા લોકો અને વાહન ચાલકોને ભારે તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરમાં પહેલા વરસાદે જ મનપાની પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખોલી છે.

સાવરકુંડલાના ઘોબા, પીપરડી, ફિફાદ અને ભમોદ્રા સહિતના ગામોમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ઘોબા ગામ નજીક ફલકું નદી અને મેરામણ નદીમાં ભારે વરસાદને લઈ પુર આવ્યા છે. બગદાણા પંથકમાં અનરાધાર વરસાદ વરસતા ઓથા ગામની નદીમાં ઘોડાપૂર આવ્યું છે. નદીમાં અવિરત પાણી આવતા મહુવા-બગદાણા રોડ બંધ કરવામાં આવ્યો છે. મહુવા તાલુકાના બગદાણા પંથકમાં ધોધમાર વરસાદ પડતાં બગડ નદી ગાંડીતૂર થઇ છે. નદીના પાણી ગામમાં ઘૂસી જતાં જનજીવન પર અસર પડવાની અસર વર્ચાઇ રહી છે.

### તા. 18, 19 અને 20 જૂન ભારે વરસાદની આગાહી

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે તારીખ ૧૮ અને ૧૯ જૂનના રોજ રાજ્યના અનેક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. જેમાં પશ્ચિમ સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરાઇ છે. જૂનાગઢ, નવસારી, સુરત, વલસાડ, નર્મદા, તાપી, પંચમહાલ અને ખંભાતમાં ભારે વરસાદની શક્યતા અંબાલાલ પટેલે વ્યક્ત કરી છે. વડોદરા, નડિયાદ, આણંદ, અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા અને પાટણ હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સાબરકાંઠા, પાટણ, અમદાવાદ, ખેડા, ગાંધીનગર, પંચમહાલ, દાહોદ, અરવલ્લી, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ આણંદ મોરબી, દ્વારકા, જામનગર અને કચ્છમાં મધ્યમ વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલીમાં હળવા વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. ૨૦ જૂન સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે મધ્ય અને ઉત્તર ગુજરાતમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જોકે બાદમાં ચોમાસું નિષ્ક્રિય થઇ ગયું હતું. જ્યારે છેલ્લા ત્રણ-ચાર દિવસથી અરબસાગરમાં કરંટ આવ્યો છે અને વરસાદી સિસ્ટમ બનતાં ચોમાસું સક્રિય થયું છે, જેથી આગામી બે-ત્રણ દિવસમાં નૈઋત્ય ચોમાસું આવી જશે.

### સાવરકુંડલા પંથકની ફુલઝર નદીમાં ઘોડાપૂર



મેરીયાણા, ગોરડકા ખડસલી વીજપડી લુવારા ગાધકડા લીખાળા ભમ્મર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ. મેરીયાણાની ફુલઝર નદીમાં ઘોડાપૂર આવ્યું. સાવરકુંડલામાં ૫ ઈંચ કરતા વધુ જ્યારે રાજુલામા ૪ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો.

### રાજુલામાં બે લોકો અને 25 ઘેટાં-બકરાં ફસાયા

અમરેલી જિલ્લામાં ભારે વરસાદથી લોકોની મુશ્કેલી વધી રહી છે. રાજુલાના હડમતીયા અને દેવકાની વચ્ચે ધસમસતા પ્રવાહમાં ૨૫ જેટલા ઘેટા તણાયા. ભારે વરસાદના લીધે જોલાપુરી નદીમાં પૂરની સ્થિતિ. ૨૫ જેટલા ઘેટા-બકરા તણાયા હતા. સ્થાનિક લોકો દ્વારા ૧૦ જેટલા ઘેટાનું રેસ્ક્યુ કરવામા આવ્યું. રાજુલાના વાવેરામાં સાંબેલાધાર વરસાદ વરસ્યો હતો. જેથી ગામ બેટમાં ફેરવાયું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. નદીમાં ઘોડાપૂર આવતા ગામામાં આવવા જવાનો રસ્તો બંધ થયો હતો. ઘાણો નદીમાં પૂર આવતા હનુમાનજી મંદિરે બે લોકો ફસાયા હતા. જોકે, સ્થાનિકોએ ફસાયેલા લોકોને બચાવી લીધા હતા.

## માતા-પિતાને ભણવાનો ખર્ચ વધુ પડતો હોવાથી પુત્રએ જિંદગી ટુંકાવી

ઉમરપાડામાં ધો-9ના છાત્રનો હોસ્ટેલમાં ફાંસો ખાઈ આપઘાત

**સમય મિરર | સુરત**

સુરત જિલ્લાના ઉમરપાડા ગામમાં એક દુખદ ઘટના સામે આવી છે. અમર જ્યોત કુમાર છાત્રાલય હોસ્ટેલમાં રહેતા ૧૪ વર્ષીય વિદ્યાર્થી એ આપઘાત કરી લીધો છે. તેણે સુસાઈડ નોટમાં માતાપિતા સામે નારાજગી બતાવી લખ્યું કે, મારા લીધે તમને બહુ ખર્ચ થતો હતો, તે હવે નહિ થાય. હું ભણી ન શક્યો એમાં તમારી કોઇ ભૂલ નથી.

મૃતક વિદ્યાર્થીની ઓળખ કિનસુકકુમાર મનોજભાઈ ચૌધરી તરીકે થઈ છે. તે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ઉમરપાડામાં ધોરણ ૯માં અભ્યાસ કરતો હતો. વિદ્યાર્થીએ હોસ્ટેલની રૂમમાં ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું.

ઘટનાની જાણ થતાં ઉમરપાડા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે ઉમરપાડા આરોગ્ય કેન્દ્રમાં ખસેડ્યો છે.

વિદ્યાર્થીએ સુસાઈડ નોટ લખી છે. જે હાલ પોલીસે કબજે કરી છે. જો કે, પોલીસના જણાવ્યા મુજબ, કિનસુકે પોતાની સુસાઈડ નોટમાં બહેનોની સારસંભાળ રાખવા અને ખર્ચ ન કરવાની વિનંતી કરી છે. કિનસુકે પોતાના હાથમાં લખ્યું મામા મેં ભણવાને લાયક નથી.

સાથે જ તેણે સુસાઇડ નોટમાં માતા-પિતા સામે નારાજગી બતાવી લખ્યું છે કે, મારા લીધે તમને બહુ ખર્ચ થતો હતો, તે હવે નહિ થાય. હું ભણી ન શક્યો એમાં તમારી કોઇ ભૂલ નથી. મૃતક કિનસુક મનોજભાઈનો એકનો એક દીકરો હતો. જે ૫ દિવસ પહેલાં જ અમર જ્યોત કુમાર છાત્રાલયની હોસ્ટેલમાં રહેવા આવ્યો હતો. તેણે આ વર્ષે જ તા.૯/૬/૨૦૨૫ના રોજ ન્યુ એડમિશન લીધું હતું. આ ઘટનાથી પરિવારજનો શોકમગ્ન બન્યા છે.

# તલગાજરડા નજીકના કોઝવેનાં પૂરમાં 40 વિદ્યાર્થી ફસાયા

ભારે વરસાદથી ધસમસતા વ્હેણમાં સલવાતા તંત્ર દોડતું થયું : હેલિકોપ્ટરથી રેસ્ક્યુ કરવા કામગીરી : સ્થાનિકો પણ રાહત કામમાં જોડાયા



**સમય મિરર | ભાવનગર**

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ધોધમાર વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. ભારે વરસાદના પગલે મહુવા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં નદી નાળા છલકાઈ ગયા છે, જેના કારણે અનેક કોઝવે (નાના પુલ) પર પાણી ફરી વળ્યા છે.

આ સ્થિતિ વચ્ચે તલગાજરડા ગામ નજીક એક ચોંકાવનારી ઘટના બની છે, જ્યાં સર્વોદય સ્કૂલના લગભગ ૪૦ જેટલા બાળકો નદીના કોઝવેમાં ફસાઈ ગયા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આ ઘટના ત્યારે બની જ્યારે તલગાજરડા સર્વોદય સ્કૂલના બાળકો શાળા છૂટ્યા બાદ પોતાના ઘર તરફ પરત ફરી રહ્યા હતા. ભારે વરસાદને કારણે કોઝવે પર પાણીનો પ્રવાહ એટલો ધસમસતો હતો કે બાળકો તેમાંથી પસાર થઈ શક્યા નહિ અને વચ્ચે જ ફસાઈ ગયા. હાલ આશરે ૪૦ બાળકો ધસમસતા પ્રવાહ વચ્ચે ફસાયા હોવાના અહેવાલ મળી રહ્યા છે, જેમના જીવ તાળવે ચોંટ્યા છે.

સ્થાનિક વહીવટી તંત્રને આ ઘટનાની જાણ થતાં જ બચાવ કામગીરી માટે તત્કાળ પગલાં લેવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, ફસાયેલા બાળકોને સુરક્ષિત બહાર કાઢવા માટે હેલિકોપ્ટર દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવશે.

વહીવટી તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે ભારે વરસાદ અને પાણીના પ્રવાહને કારણે નદી નાળા કે કોઝવે ઓળંગવાનું ટાળે અને સુરક્ષિત સ્થળે રહે.

રાહત અને બચાવ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે અને આશા છે કે ફસાયેલા તમામ બાળકોને સુરક્ષિત રીતે બહાર કાઢી શકાશે.

# SMCના PIના માતા-પિતાની લૂંટના ઈરાદે હત્યા

બનાસકાંઠાના જસરા ગામે ખેલાયેલો ખૂની ખેલ : કડલાં કાઢવા માટે પગ જ કાપી નાખ્યા : અજાણ્યા સામે ફરિયાદ

**સમય મિરર | લાખણી**

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના જસરા ગામે સ્ટેટ મોનિટરિંગ સેલમાં ફરજ બજાવતા પોલીસ-ઈન્સ્પેક્ટરનાં વૃદ્ધ માતા-પિતાની ગત રાત્રે લૂંટારાઓ દ્વારા નિર્મમ હત્યાની ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. લૂંટારાઓ એટલા ક્રૂર હતા કે બંનેના ચહેરા પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ચીરી નાખ્યાં હતાં તેમજ વૃદ્ધાએ પગમાં કડલાં પહેર્યાં હતાં. કડલાં લૂંટવા માટે પગમાંથી બહાર કાઢવાને બદલે તેમના પગ જ કાપી નાખ્યા હતા અને એ લઇ ફરાર થઇ ગયા હતા.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)માં ફરજ બજાવતા પોલીસ- ઈન્સ્પેક્ટર અજમલ ચૌધરીનાં માતા હોશીબેન અને પિતા વરધાજી ચૌધરી વતન બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના જસરા ગામે રહેતાં હતાં. લૂંટારાઓ એટલા ક્રૂર હતા કે બંનેના ચહેરા પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યા હતા.

તેમના ખેતરમાં કામ કરતો ભાગીદાર તેમના ઘરે પહોંચ્યો તો ઘરના આંગણામાં ખાટલામાં બંનેના મૃતદેહ લોહીલુહાણ હાલતમાં મળ્યા હતા, જેથી તેણે આ અંગે બધાને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જિલ્લા પોલીસવડા સહિતના પોલીસકર્મીઓ, ડોગ-સ્ક્વોડ, એફએસએલની ટીમ ઘટનાસ્થળે તપાસ માટે પહોંચી હતી.

બનાસકાંઠાના એસ.પી. અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે અમારા આગથળા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા જસરા ગામે આવેલા સીમાડામાં ડબલ મર્ડરની ઘટના સામે આવી છે. આ બનાવમાં વરધાજી મોતીજી પટેલ અને તેમનાં પત્નીની હત્યા કરવામાં આવી છે. વરધાજીનો પુત્ર પોલીસ-ઈન્સ્પેક્ટર છે. મર્ડરમાં પ્રાથમિક વિગત એવી મળી છે કે લૂંટારા મહિલાના પગ કાપી કડલાં કાપી લૂંટી ગયા છે તેમજ કાનની બુટ્ટીઓ પણ કાપીને લઈ ગયા છે તથા ઘરમાં તિજોરી પણ તોડેલી છે.



પ્રાથમિક દૃષ્ટિએ એવું માની શકાય કે જે ઈસમો આવેલા હતા તેમને ચોરી અને લૂંટના આશયથી આ ઘટના કરેલી છે. અમે આ મામલે અલગ અલગ મોડસ ઓપેરન્ડીથી કામ કરી રહ્યા છીએ કે આ પ્રકારના અંજામ કેવા પ્રકારના લોકો આપતા હોય છે. એવી કોઈ ગેંગ છે, જે કોઈ વિસ્તારમાંથી આવીને અંજામ આપતી હોય છે. એના પર કામ કરી રહ્યા છીએ. એફએસએલ અને ડોગ-સ્ક્વોડની ટીમ તપાસ કરી રહી છે.

ઘટના સ્થળે સૌપ્રથમ જનાર વ્યક્તિ જસરા ગામના સરપંચ મહેશભાઈ દવેએ કહ્યું કે, ગામમાં જે સૌથી પહેલાં હું જ અહિંયા ૭ વાગ્યે પહોચ્યો હતો. આ જોતા જ એસપી સાહેબને અને અરથાળાના પીઆઈને પણ જાણ કરી. ડીજી સાહેબ અને એસએસસીના વડા નિર્લિપ્ત રાય સાહેબ સાથે પણ મારી વાત થઈ અને સમગ્ર ઘટનાની વિગત આપી હતી. બનાસકાંઠા એસપી ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. પોલીસે ટીમો બનાવીને અલગ અલગ એંગલથી લૂંટ કે અન્ય ઈરાદાની તપાસ કરવામાં આવી રહી છે. એમના પુત્ર એ.વી.પટેલ વતનમાં આવી પહોંચ્યા છે. બંનેના પોસ્ટમોર્ટમ પણ કરવામાં આવશે.

ટ્રક સહિત રૂા. 1.09 કરોડનો મુદ્દામાલ જપ્ત કરતી LCB

# મોરબીના શનાળા ગામ નજીકથી વિદેશી દારૂની 6696 બોટલ ઝડપાઈ

**સમય મિરર | મોરબી**

મોરબીના શનાળા ગામ પાસે આવેલ મેડિકલ કોલેજ સામેના રોડ પરથી ટ્રકમાં રાખવામાં આવેલ રૂ.૮૯ લાખની ઇંગ્લીશ દારૂની બોટલો અને ટ્રક સહિત કુલ રૂ.૧.૦૯ કરોડનો મુદ્દામાલ મોરબી એલ.સી.બી. દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે. જ્યારે ટ્રક ડ્રાઈવર ટ્રક રેઢો મૂકીને ભાગી છૂટ્યો હતો. સમગ્ર મામલે પોલીસે આરોપી ટ્રક ચાલક, ટ્રક માલીક, વિદેશી દારૂ મોકલનાર તથા મંગાવનાર સહિતના આરોપીઓ સામે પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધી તમામને પકડી લેવા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી સૂચનાથી એલ.સી.બી. પીઆઇ એમ.પી. પંડ્યા, પેરોલ ફર્લો સ્ક્વોડ પીઆઇ વી.એન. પરમારની ટીમે પેટ્રોલીંગ દરમિયાન મોટી સફળતા મેળવી છે. જેમાં ખાનગીરાહે બાતમી મળી હતી કે, કંડલા બાયપાસ તરફથી રાજકોટ તરફ દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીને આધારે શનાળા નજીક રોડ પર પોલીસે વોચ ગોઠવી હતી. ત્યારે ઉપરોક્ત ટ્રક ત્યાંથી પસાર થતા તેને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ટ્રક ડ્રાઈવરે ઝડપથી ટ્રક લઈ ભાગ્યો હતો. પોલીસે પીછો કરતા ટ્રક ચલાવનાર મેડિકલ કોલેજ સામે ટ્રક છોડી નાશી ગયો હતો.ટ્રકની તપાસ કરતા કોલસાની ભૂકીની બોરીઓની નીચે ઇંગ્લીશ દારૂ છુપાવાયેલો મળી આવ્યો હતો, જેમાં ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ ૬૬૯૬ બોટલ દારૂ, ટ્રક અને અન્ય મુદ્દામાલ મળીને કુલ રૂ. ૧,૦૯,૩૨,૮૦૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે ટ્રક ના ચાલક, ટ્રક માલિક, દારૂનો જથ્થો મોકલનાર તથા દારૂનો જથ્થો મંગાવનાર અને તપાસમાં ખુલે એ તમામ આરોપીઓ વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

લીંબડી આજુ-બાજુમાં ખેતીની જગ્યા લેવા માટે
મોટા ખાતેદાર બનવાની સુવર્ણ તક
સંપર્ક : શિવરાજભાઈ
૯૧૦૪ ૩૩૩ ૮૮૮